CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૧૦ | સોમવાર તા.૨૧-૦૯-૨૦૨૬ | અંક : ૨૨૩ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# સોમનાથ મંદિર, ભાજપ હેડક્વાર્ટરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## ’હિન્દુસ્તાન મુર્દાબાદ અને ભાજપ મુર્દાબાદ’ તેમજ :’અલ્લાહ હું અકબર, ખાલિસ્તાન’નો મેઈલમાં ઉલ્લેખ, પોલીસ-બોમ્બ સ્કવોડ ઘટનાસ્થળે

અમદાવાદ,

ગુજરાતને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચ્યો છે. કોઈ અજાણ્યા શખ્સે ઈમેઈલ મારફતે આતંકી ધમકી આપી છે. ધમકીભર્યા ઈમેઈલની શરૂઆતમાં ’અસલામુ વાલેકુમ, અલ્લાહુ અકબર’ લખીને દહેશત ફેલાવવાનો પ્રયાસ કરાયો છે. ઈમેઈલમાં સોમનાથ મંદિર, ઝસ ભૂપેન્દ્ર પટેલ, ભાજપ સેન્ટ્રલ ઓફિસ, તમામ પોલીસકર્મીઓ અને ઇછઉ એજન્સીને નિશાન બનાવવાનો ઉલ્લેખ કરાયો છે. અલગ-અલગ લોકેશન પર અગાઉથી જ બોમ્બ ફિટ કરી દેવામાં આવ્યા હોવાનો કરાયો છે.



ઈમેઈલમાં ચોંકાવનારો દાવો

ધમકી આપનારે ઈમેઈલમાં ઝેર ઓકતા હિન્દુસ્તાન મુર્દાબાદ અને ભાજપ મુર્દાબાદ જેવા શબ્દોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. પત્રમાં આતંકી કનેક્શન છતું કરતા પાકિસ્તાન ઝિંદાબાદ અને ખાલિસ્તાન ઝિંદાબાદના નારા પણ લખવામાં આવ્યા. ઈમેઈલના અંતમાં ફરી અલ્લાહુ અકબર લખાયું હતુ. ધમકી મળતા જ રાજ્યની તમામ સુરક્ષા એજન્સીઓ અને પોલીસ એલર્ટ મોડ પર છે. તપાસનો ધમધમાટ શરૂ કર્યો.

ઈમેલ મારફતે ધમકીની અમદાવાદ શહેર પોલીસને જાણ થઈ હતી, જેથી પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે ખાનપુરમાં ભાજપ કાર્યાલય ખાતે પહોંચી અને ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમો તેમજ બોમ્બ સ્કવોડની ટીમને પણ શહેર ભાજપ કાર્યાલય પર રવાના કરવામાં આવી છે.

મેયર હિતેશ બારોટ અને શહેર મહામંત્રી ઉમંગભાઈ નાયક હાલમાં શહેર ભાજપ કાર્યાલય ખાતે પહોંચ્યા છે. જયારે અમદાવાદના શાહપુર પોલીસ સ્ટેશનના પીઆઈ પી.બી ખાંભલાએ જણાવ્યું હતું કે, બોમ્બની ધમકીનો ઈમેઈલ મળતા ચેકીંગ કરવામાં આવ્યું હતું. બોમ્બ સ્કોડ અને ડોગ સ્કોડ સાથે રાખીને તપાસ કરવામાં આવી હતી. પરંતુ કઈ પણ શંકાસ્પદ મળી આવ્યું નથી.

# એશિયન ગેમ્સમાં ભારતને ચોથો મેડલ

નાગોયા,

જાપાનના નાગોયામાં ચાલી રહેલી એશિયન ગેમ્સમાં સોમવારે ભારતની પુરુષ ટીમે ૧૦ મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતી લીધો છે. પાર્થ માણે, રુદ્રાંક્ષ પાટીલ અને હિમાંશુ ઢિલ્લોને ૧૮૯૦.૧ પોઈન્ટ મેળવીને બીજું સ્થાન મેળવ્યું.ચીની ટીમે ૧૮૯૯.૯ પોઈન્ટ મેળવીને પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે કોરિયાની ટીમ ત્રીજા સ્થાને રહી. ભારતને અત્યાર સુધીમાં ત્રણ મેડલ મળ્યા છે. ત્રણેય મેડલ શૂટિંગમાં જ આવ્યા છે. બીજી તરફ, મિક્સ્ડ માર્શલ આર્ટ્સમાં સુચિકા તરિયાલને બ્રોન્ઝ મેડલ મળ્યો.

ત્રીજો સિલ્વર મેડલ મળતાં ભારત એશિયન ગેમ્સની મેડલ ટેલીમાં ૧૧મા સ્થાનેથી ૧૦મા સ્થાને પહોંચી ગયું છે. ભારતના ખાતામાં હવે ૩ સિલ્વર સહિત ૩ મેડલ છે. ટેબલ ટેનિસ અને સેપક ટકરામાં



જીત સાથે શરૂઆત કરી. મહિલા ટેબલ ટેનિસની ગ્રુપ મેચમાં સુતીર્થા મુખર્જીએ પાકિસ્તાનની અલીના ખાનને હરાવી. બીજી તરફ, સેપક ટકરામાં ભારતની પ્રથમ ટીમે જાપાન સામે સીધા સેટમાં જીત નોંધાવી. ટેબલ ટેનિસની મેચમાં સુતીર્થાએ પાકિસ્તાનની ઉભરતી ખેલાડી અલીના ખાન સામે પ્રથમ સેટમાં ૧૧-૩થી જીત નોંધાવી. શરૂઆતથી જ ભારતીય ખેલાડીએ દબાણ જાળવી રાખ્યું હતું.

# AIની સ્પીડ પર બ્રેક લગાવવાનો મુદ્દો કોર્ટમાં!

## Anthropic, OpenAI, Google અને SpaceXAI વિરુદ્ધ US માં કેસ

વોશિંગ્ટન ડીસી,

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અત્યારે વાયુ વેગે આગળ વધી રહ્યું છે અને એડવાન્સ બની રહ્યું છે. પણ હવે તેનાથી દુનિયાને ખતરો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. આની ગતિ ધીમી કરવા અંગેનો વિવાદ હવે અમેરિકાની અદાલત સુધી પહોંચી ગયો છે. વિશ્વની ચાર અગ્રણી ટેક કંપનીઓ Anthropic, OpenAI, Google અને SpaceXAI સામે અમેરિકી કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ ચારેય કંપનીઓ પર આક્ષેપ છે કે તેમણે AI ટેકનોલોજીના ડેવલપમેન્ટની ઝડપ ધીમી કરવા માટે પરસ્પર એક ગેરકાયદેસર સમજૂતી કરી છે.

કેલિફોર્નિયાના નોર્ધન ડિસ્ટ્રિક્ટની યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં દાખલ કરાયેલા આ કેસમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ દિગ્ગજ AI કંપનીઓએ પ્રતિસ્પર્ધા અટકાવવાના અને ’એન્ટિટ્રસ્ટ’ કાયદાનો ભંગ કરવાના હેતુથી ગુપ્ત રીતે હાથ મિલાવ્યા છે. એન્થ્રોપિકના સીઈઓ ડેરિયો એમોડેઈ એ એક લેખ પ્રકાશિત કરીને એઆઈની સુરક્ષા અને બહેતર નિયંત્રણ માટે ડેવલપમેન્ટ સ્પીડ ઘટાડવાની હિમાયત કરી હતી. આ કેસમાં અન્ય સીઈઓના સમર્થનની વાત કરવામાં આવે તો, OpenAI ના સેમ ઓલ્ટમેન, SpaceXAI ના ઈલોન મસ્ક અને Google DeepMind ના ડેમિસ હસાબિસે જાહેર મંચ પરથી આ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું.

પોતાના મૂળ લેખમાં ડેરિયો એમોડેઈએ પોતે જ સ્વીકાર્યું હતું કે, આવા પગલાથી એન્ટિટ્રસ્ટ કાયદાની મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

# રાજ્યમાં નવા વાહન ખરીદીની રેસમાં સુરત નંબર વન

## વાહન રજીસ્ટ્રેશનમાં રાજ્યમાં મોખરે રહેતું અમદાવાદ હવે સુરતથી પાછળ રહી ગયું

અમદાવાદ,

ગુજરાત રાજ્યમાં અમદાવાદ અને સુરતમાં રહેતા લોકોની આવક વધવાની સાથે વાહનોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. એક રિપોર્ટ પ્રમાણે, વાહન રજીસ્ટ્રેશનમાં રાજ્યમાં મોખરે રહેતું અમદાવાદ હવે સુરતથી પાછળ રહી ગયું છે. ૧.૮ લાખ નવા વાહનો સાથે સુરત મોખરે રહ્યું છે. વાહનોની ખરીદીની રેસમાં સુરત અમદાવાદને પછાડી નંબર-૧ બન્યું છે.

મળતી વિગત પ્રમાણે, ૧૫ સપ્ટેમ્બર સુધીમાં સુરતમાં ૧.૮ લાખ વાહનો નોંધાયા હતા, જે વર્ષ ૨૦૨૫ના કુલ ૨.૨ લાખ વાહનોના લગભગ ૮૦ ટકા જેટલા છે. જ્યારે આજ સમયગાળા દરમિયાન અમદાવાદમાં (GJ૦૧-સુભાષ બ્રિજ સીરીઝ હેઠળ) ૧.૪ લાખ વાહનો નોંધાયા હતા, જે ૨૦૨૫ના કુલ ૧.૮ લાખના ૭૬ ટકા જેટલા છે. વિકાસ દરમાં પણ સુરત આગળ રહ્યું હતું. ૨૦૨૪માં ૬ ટકાથી વધુ અને ૨૦૨૫માં ૯ટકા વૃદ્ધિ નોંધાઈ હતી, જેની સામે અમદાવાદનો વૃદ્ધિ દર અનુક્રમે ૩ ટકા અને ૫.૬ ટકા રહ્યો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સુરતમાં ઝડપી વિકાસ અને વધતી વસ્તીને કારણે લોકો નવા વિકાસશીલ વિસ્તારોમાં રહેવા જાય તે સ્વાભાવિક છે. જ્યાં સુધી આવા વિસ્તારોમાં જાહેર પરિવહનની સુવિધા પૂરી ન થાય, ત્યાં સુધી લોકો પોતાના કામના સ્થળે પહોંચવા માટે અંગત વાહનો ખરીદે છે. પૂર બાદ છેલ્લા બે મહિનામાં ૮૦ કરોડ રૂપિયાના ૪,૫૧૬ વ્હીકલ ઈન્શ્યોરન્સ ક્લેમ પાસ કરવામાં આવ્યા છે. ઘણા લોકોએ નવા વાહનો ખરીદ્યા છે. હજુ પણ વીમાની પ્રક્રિયા ચાલુ હોવાથી લોકો નવા વાહનોની ખરીદી ચાલુ રાખશે.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, પૂરતા પ્રમાણમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ ન હોવાના કારણે સુરતમાં ખાનગી વાહનો પરની નિર્ભરતા ઘણી વધારે છે. અમદાવાદમાં ૧૨ ટકા લોકો પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરે છે, તેની સરખામણીએ સુરતમાં માત્ર ૩ટકા લોકો જ તેનો ઉપયોગ કરે છે. સૂત્રોએ સુરતના લોકોની ઊંચી આવક તરફ ધ્યાન દોરતાં કહ્યું કે, સુરતના કેટલાક પરિવારોમાં તો દરેક સભ્ય પાસે પોતાનું વાહન છે.

બીજી તરફ, અમદાવાદનું રજીસ્ટ્રેશન વસ્ત્રાલ, સુભાષ બ્રિજ અને બાવળા એમ ત્રણ RTO ડિવિઝનમાં વહેંચાયેલું છે. અધિકારીઓએ જણાવ્યું કે મોટાભાગનો નવો વિકાસ શહેરના સાણંદ, ગોધાવી અને મણિપુરમાં થઈ રહ્યો છે, આ વિસ્તાર બાવળા RTO હેઠળ આવે છે.

# યુજીસી બિલ સામે આગ્રામાં દેખાવો લોકો ટ્રેક્ટરો સાથે રસ્તા પર ઉતર્યા

## આગ્રા-હાથરસ રોડની નાકાબંદી કરી સંપૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવ્યો હતો

આગ્રા,

યુજીસી બિલની વિરુદ્ધ આગ્રામાં રવિવારે મોટી સંખ્યામાં લોકો ટ્રેક્ટર લઈને સડકો પર ઉતરી આવ્યા હતાં. પોલીસની નાકાબંદી તોડીને દેખાવકારો ખેતરોનાં માર્ગે ટ્રેક્ટરો લઈને એકત્ર થયા હતાં.સ્થિતિને ધ્યાનમાં રાખીને મુડી ચાર રસ્તા સહિત અનેક સ્થળોએ મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું.દેખાવકારોએ ઉત્તર પ્રદેશ ગૌસેવા આયોગનાં સભ્ય રમાકાંત ઉપાધ્યાયની પણ કાર રોકી હતી. યુજીસી મુક્તિ મોરચાએ યુજીસી બિલની વિરુદ્ધ રવિવાર જલેસર રોડ સ્થિત મુડી ચાર રસ્તાથી કલેક્ટર



ઓફિસ સુધી ટ્રેક્ટર માર્ચ અને સભાની જાહેરાત કરી હતી. પ્રસ્તાવિત દેખાવોને ધ્યાનમાં રાખીને ખંદોલી પોલીસ સ્ટેશનનાં મુડી ચાર રસ્તા પોલીસ છાવણીમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતાં. દેખાવકારોને રોકવા ઠેર ઠેર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.આગ્રા-હાથરસ રોડની નાકાબંદી કરી સંપૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવ્યો હતો.

મુડી ચાર રસ્તાથી કલેક્ટર ઓફિસ લગભગ ૨૫ કિમી દૂર છે. સમગ્ર માર્ગ પર અધિકારી સતત પેટ્રોલિંગ કરીરહ્યાં હતાં.યુજીસી મુક્તિ મોરચા અધ્યક્ષ રિટાયર્ડ સીઓ ધર્મેન્દ્ર સિંહનાં નેતૃત્ત્વમાં સવારે ભીડ એકત્ર થઈ રહી હતી. મુડી ચાર રસ્તા પર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સભામાં યુજીસી પરત લેવાની માંગ કરવામાં આવી હતી. ત્યાંથી નીકળનારી ટ્રેક્ટર માર્ચને રોકવા માટે અધિકારીઓએ બુલડોઝર મંગાવી લીધા હતાં અને રસ્તાઓ બંધ કરી દીધા હતાં.

# સુદાનમાં સોનાની ખાણ ધરાશાયી થતા ૧૧નાં મોત

## છેલ્લા સાત દિવસમાં આ બીજી મોટી દુર્ઘટના સર્જાઈ, ૩૦ જેટલા ઘાયલ

લાલ સાગર,

સુદાનમાં ફરી એક મોટી દુર્ઘટના સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા સાત દિવસમાં આ બીજી મોટી દુર્ઘટના સર્જાઈ છે. સુદાનમાં સોનાની ખાણ ધરાશાયી થઈ ગઈ છે. સોનાની ખાણ ધરાશાયી થતાં કુલ ૧૧ લોકોના મોત થયાં છે. જ્યારે ૩૦ થી વધારે લોકો ગંભીર રીતે ઘાયલ થયાં છે. જ્યારે અનેક લોકો કાટમાળ નીચે દટાઈ ગયાં હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યાં છે. આ લોકોની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે. આ સાથે ઘાયલ થયેલા લોકોને પણ સારવાર માટે સત્વરે હોસ્ટિલ ખસેડવામાં આવ્યાં છે.

અધિકારીઓના જણાવ્યાં પ્રમાણે સુદાનના લાલ સાગર



રાજયમાં આવેલા ઓની વિસ્તારમાં આ ખાણ આવેલી છે. જે શનિવારની રાત્રે જ ધરાશાયી થવાનું શરૂ થઈ ગયું હતું, પરંતુ તેમ છતાં પણ મજૂરો ત્યા કામ કરી રહ્યાં હતાં. ગત રાત્રે આખી ખાણ ધરાશાયી થઈ અને મોટી દર્ઘટના સર્જાઈ હતી. જેમાં અત્યાર સુધીમાં ૧૧ મૃતદેહ મળી આવ્યાં છે, જ્યારે ૩૦ લોકોને બચાવી પણ લેવામાં આવ્યાં છે. અહીં કામ કરતી કંપનીએ આ ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે.

આ કંપની દ્વારા મૃતકોના પરિવારને વળતર આપવામાં આવશે તેવું આશ્વાસન આપવામાં આવ્યું છે. આ સાથે પીડિત પરિવારોને પણ સંભવ મદદ કરશે. જ્યારે ઘાયલ થયેલા દરેક મજૂરની સારવાર કંપનીના ખર્ચે કરવામાં આવશે. અત્યારે આ દુર્ઘટનાને લઈને આ વિસ્તારમાં ભારે શોકનો માહોલ છવાઈ રહ્યો છે. આ સાથે લોકો પ્રશ્નો પણ કરી રહ્યાં છે કે, શનિવારની રાત્રે જ ધરાશાયી થવાનું શરૂ થઈ ગયું હતું, શા માટે મજૂરો પાસે કામ કરાવવામાં આવી રહ્યું હતું? આ મામલે પણ તપાસ કરવા માટે માંગણી કરવામાં આવી રહી છે.

# પંજાબના ફરિદકોટમાં સરહદ પારથી થતી હેરોઈનની દાણચોરીના નેટવર્કનો પર્દાફાશ

## ૪૭.૩ કિલો હેરોઈન, ૩ પિસ્તોલ, ૩ મેગેઝીન, અને ૧૫ જીવતા કારતુસ સાથે ચારની ધરપકડ

ચંદીગઢ,

પંજાબ પોલીસે રવિવારે ફરિદકોટમાં સરહદ પારથી થતી હેરોઈનની દાણચોરીના નેટવર્કનો પર્દાફાશ કરીને ચાર વ્યક્તિઓ પાસેથી ૪૭ કિલોથી વધુ હેરોઈન તેમજ હથિયારો અને દારુગોળો જપ્ત કર્યો હતો. ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે પોલીસે તેમની પાસેથી ૪૭.૩ કિલો હેરોઈન, પોઈન્ટ ૩૦ની ત્રણ પિસ્તોલ, ત્રણ મેગેઝીન, અને ૧૫ જીવતા કારતુસ કબજે કર્યા હતાં.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ અંકુશ, મંગલસિંહ, સચિન ઉર્ફે સંજુ અને અનમોલ સિંહ તરીકે થઈ છે.તેઓ ફિરોઝપુરના રહેવાસી છે. પોલીસે હેરોઈનનો મોટો જથ્થો કબજે કરવા ઉપરાંત દાણચોરીની પ્રવૃત્તિમાં વપરાયેલ બે વાહનો પણ કબજે કર્યા હતાં. પકડાયેલા આરોપીઓ રાજ્યમાં હેરોઈન અને ગેરકાયદેસર હથિયારોની સરહદ પારથી થતી દાણચોરીમાં સંડોવાયેલા નેટવર્ક સાથે જોડાયેલા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. તેઓએ વધુમાં કહ્યું હતું કે આ નેટવર્કના પર્દાફાશ સાથે આગળ પાછળના તાર જોડવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

ફરિદકોટના એસએસપી ગુરૂબંસ સિંહ બેન્સે કહ્યું હતું કે આગામી બાબા ફરિદ આગમન પુરબ ઉત્સવને ધ્યાનમાં રાખીને ચેકપોઈન્ટ પર ફરિદકોટ પોલીસની ટીમે શનિવાર થી રવિવારની રાત્રી દરમિયાન કારને અટકાવી તલાસી લેતા આ જથ્થો મળી આવ્યો હતો.

# ઈટલીની શાળાઓમાં બુરખા પર પ્રતિબંધ

રોમ,

ઈટલીની વડા પ્રધાન જોર્જિયા મેલોનીની સરકારે દેશની શિક્ષણ વ્યવસ્થા અને સંસ્કૃતિને લઈને એક મોટો અને કડક નિર્ણય લીધો છે. ઈટલીની શાળાઓમાં હવે બુરખા અને ચહેરો ઢાંકતા નકાબ પહેરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની તૈયારીઓ ચાલી રહી છે. આ સિવાય દરેક વર્ગખંડમાં વિદેશી વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા પણ નક્કી કરવામાં આવશે. વડા પ્રધાન મેલોનીએ પોતાની રાજકીય પાર્ટી ’બ્રધર્સ ઓફ ઈટલી’ ના યુવા મોરચાના કાર્યક્રમ ’ફેનિક્સ’ દરમિયાન આ મહત્વકાંક્ષી પ્રસ્તાવની જાહેરાત કરી હતી.

એક કાર્યક્રમ દરમિયાન પોતાના સંબોધનમાં મેલોનીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, ‘શાળામાં બાળકોએ ચહેરો ઢાંક્યા વગર જ આવવું પડશે. કોઈપણ વાસ્તવિક કે કહેવાતી પરંપરાના નામે કોઈ પણ બાળકી કે યુવતીને પોતાનો ચહેરો છુપાવવા માટે મજબૂર કરી શકાય નહીં’. આ મુદ્દે ઈટાલીની સરકાર હવે કાયદો બનાવવાની તૈયારી કરી રહી છે. દરેક ક્લાસરૂમમાં વિદેશી બાળકોની સંખ્યા મર્યાદિત કરવા અંગે તર્ક આપતાં મેલોનીએ કહ્યું કે, ‘ઈટલીના સ્થાનિક બાળકો પોતાની જ દેશની શાળાઓમાં લઘુમતી કે ઉપેક્ષિત અનુભવે તે ચલાવી લેવાય નહીં’. તેમણે ઉમેર્યું કે, જ્યારે કોઈ વર્ગમાં સ્થાનિક ભાષા ન સમજી શકતું માત્ર એક વિદેશી બાળક હોય છે.

# ૭ કુકી ગ્રામજનોની અટકાયત કરાતા મણિપુરમાં ઉગ્ર વિરોધ પ્રદર્શનો થયા

ઈમ્ફાલ,

સુરક્ષા દળોએ સાત કુકી ગ્રામજનોને અટક કરતા મણિપુરના કાન્ગપોકિપ જિલ્લામાં એના હિંસક વિરોધરૂપે લોકોએ રસ્તાઓ પર ચક્કાજામ કરી દઈને સરકારી વાહનો પર પત્થરમારો કર્યો હતો.રાજ્યના મોટબન્ગ અને નજીકના વિસ્તારોમાં શનિવારે રાત્રે ૧૦ના સુમારે શરૂ થયેલા વિરોધ-દેખાવો મધરાત સુધી ચાલુ રહ્યા હતા. લોકોએ દેખાવો દરમિયાન માર્ગો પર ટાયરો બાળ્યા હતા અને સરકારી વાહનો પર પત્થરમારો કર્યો હતો. દેખાવકારોએ દાવો કર્યો કે સુરક્ષા દળોએ કોઈ કારણ જણાવ્યા સિવાય ખોલેન ગામના સાત ગ્રામીણોની અટકાયત કરી છે.

જિલ્લામાં નાગા લોકોની બહુમતીવાળા ચાવાન્ગકિનિન્ગ ગામ પાસે આવેલા ખોલેન ગામ પર તાજેતરમાં સશસ્ત્ર તોફાનીઓના હુમલા થવા માંડયા છે. સુરક્ષા દળોની અવરજવરમાં વિક્ષેપ ઊભો



કરવા માટે મોટબન્ગ ખાતે ઈમ્ફાલ-દિમાપુરના રાષ્ટ્રીય ધોરીમાર્ગનો કેટલોક હિસ્સો ખોદી નાખનાર દેખાવકારોને વિખેરવા માટે સુરક્ષા દળોએ ટિયર ગેસના શેલ છોડયા હતા. દેખાવો દરમિયાન ઘાયલ થયેલા કેટલાક લોકોને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરાયા છે.સુરક્ષા દળોએ પકડેલા સાત ગ્રામીણ સ્વયંસેવકોને પાછળથી છોડી મૂકાતા વિરોધ-કાર્યક્રમ પડતો મૂકાયો છે.

CMYK CMYK

# વડોદરા શહેર અને જિલ્લામાં રૂ. ૧૨૯૭ કરોડના વિકાસ કામોની ભેટ આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રીના હસ્તે ગંભીરા બ્રિજ, ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરના મેમોરિયલનું પણ લોકાર્પણ



વડોદરા,
વડોદરા જીલ્લાના વરણામા સ્થિત ત્રિમંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂ. ૧૨૯૭ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સગર્વ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં ખરા અર્થમાં સામાજિક સમરસતા સ્થપાઈ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં સામાજિક સમરસતા અને 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને સતત પ્રોત્સાહન મળ્યું છે. વડોદરામાં અંદાજે રૂ. ૨૯ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ડૉ. બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારકનું લોકાર્પણ આ દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. આ પવિત્ર ભૂમિ સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિ જોડાયેલી છે, ત્યારે અહીં તેમની ૧૨ ફૂટ ઊંચી પ્રતિમા સાથે મ્યુઝિયમ, ડિજિટલ શો, લાઈબ્રેરી અને ઓડિટોરિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ભૂપેન્દ્ર પટેલે વડોદરા શહેર અને જિલ્લાના નાગરિકોને આપેલી રૂ. ૧૨૯૭ કરોડના વિકાસકામોની ભેટમાં ગંભીરા બ્રિજ, કલ્યાણનગર સ્થિત ડો. બાબા સાહેબ આંબેડકર મેમોરિયલનો પણ સમાવેશ થાય છે. ખાતમુહૂર્ત અને લોકાર્પણના આ ઉપક્રમમાં મંત્રી પદ્યુમ્નભાઈ વાજા અને ડો. મનિષાબેન વકીલ પણ જોડાયા હતા. તેમણે કાર્યક્રમ પૂર્વે ત્રિમંદિરના દર્શન પણ કર્યા હતા.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અવિરત જનસેવા અને રાષ્ટ્રસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે તેમની સેવા સાધનાને વધુ ગતિ આપવા 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. દેશમાં સુશાસનનો અનુભવ જનજન સુધી પહોંચ્યો છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને સાકાર કરીને વિકાસની રાજનીતિને નવી દિશા આપવામાં આવી છે. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાષ્ટ્રસેવા માટે વડાપ્રધાનએ આપેલા યોગદાન, ગરીબલક્ષી યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યોને જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# સાપુતારા ઘાટ અને આહવા-નવાપુર હાઈવે પર દીપડાની અવરજવર

ડાંગ,
સમગ્ર દેશમાં ચોમાસાની ઋતુ દરમિયાન રમણીય કુદરતી માહોલ માટે પ્રખ્યાત એવા ડાંગ જીલ્લામાં સાપુતારા ઘાટ અને આહવા-નવાપુર હાઈવે પર દીપડાની અવરજવર જોવા મળી છે. સાપુતારા ઘાટમાં પ્રોટેક્શન વોલ પર દીપડો લટાર મારતો જોવા મળ્યો હતો. કારમાં સવાર એક દંપતીએ દીપડાની આ અવરજવર પોતાના મોબાઈલના કેમેરામાં કેદ કરી હતી. ત્યારબાદ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

છેલ્લા કેટલાક સમયથી સાપુતારા ઘાટ સહિત ડાંગના વિવિધ વિસ્તારોમાં દીપડા દેખાવાની ઘટનાઓ સામે આવી રહી છે. ખાસ કરીને છેલ્લા એક મહિનાથી લગભગ દર બે દિવસે દીપડો દેખાયો હોવાના વીડિયો સામે આવી રહ્યા હોવાનું સ્થાનિક સ્તરે જાણવા મળી રહ્યું છે.

દીપડાની સતત અવરજવરને ધ્યાનમાં રાખીને વન વિભાગ પણ સતર્ક બન્યું છે. સાપુતારા ઘાટમાં પ્રવાસીઓ માટે વિવિધ સ્થળોએ સૂચના અને

### પ્રવાસીઓ, વાહનચાલકોમાં ભયનો માહોલ

સાવચેતી દર્શાવતા સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા છે. વન વિભાગ દ્વારા લોકોને દીપડાથી દૂર રહેવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

રાત્રિના સમયે પ્રવાસીઓને વાહનમાંથી નીચે ન ઉતરવા માટે સૂચના આપવામાં આવી છે. ઘાટ વિસ્તારમાં વાહન ઊભું રાખીને બહાર નીકળવાનું ટાળવા માટે પણ લોકોને જણાવવામાં આવ્યું છે. વન વિભાગનું કહેવું છે કે દીપડા રાત્રિના સમયે શિકારની શોધમાં રસ્તાઓ અને તેની આસપાસના વિસ્તારોમાં જોવા મળી શકે છે. સાપુતારા વિસ્તારમાં પ્રવાસીઓ માટે બનાવવામાં આવેલા ટેન્ટ હાઉસની સુરક્ષા વ્યવસ્થા અંગે પણ વન વિભાગ દ્વારા ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જ્યાં જરૂરી સુરક્ષા વ્યવસ્થાનો અભાવ હોય ત્યાં સંબંધિત લોકોને નોટિસ આપવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# અમદાવાદ ખાતે ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલનું કરાયું આયોજન

અમદાવાદ,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી ૨૪ ઓક્ટોબરથી ૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાનાર અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૬ના સફળ આયોજન માટે દાણાપીઠ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર જગદીશ જોશી તેમજ વિવિધ યુનિવર્સિટીનાઓ, કોલેજો, શૈક્ષણિકસંસ્થાઓના પ્રતિનિધિઓ, પ્રિન્સિપાલશ્રીઓ, શિક્ષણવિદો તથા સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૬માં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને યુવાનોની વધુમાં વધુ ભાગીદારી સુનિશ્ચિત થાય તે માટે વિવિધ સૂચનો અને આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ યુનિવર્સિટી અને કોલેજ પ્રતિનિધિઓને વિદ્યાર્થીઓને પુસ્તક મેળા સાથે જોડવા માટે વિશેષ પ્રયાસો કરવા અપીલ કરી હતી. આ બેઠક દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ચલાવવામાં આવતા વિવિધજનહિતલક્ષી અભિયાનો, સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ, આરોગ્ય જાગૃતિ તથા નાગરિક સેવાઓ સંબંધિત પહેલોની માહિતી પણ રજૂ કરવામાં આવી હતી. આ અભિયાનો અંગે યુવાનો અને નાગરિકોમાં વધુ જાગૃતિ ફેલાય તેમજ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તેમાં સક્રિય સહભાગીતા નોંધાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# વરિયાળીને વધુ આકર્ષક અને લીલીછમ બતાવવા સ્વાસ્થ્ય માટે હાનિકારક કૃત્રિમ ગ્રીન કલરની ભેળસેળ

## ઊંઝા ખાતે જીરું-વરિયાળીની ફેક્ટરીમાં મહેસાણા ફૂડ વિભાગના દરોડા

ઊંઝા,
ગુજરાતનું ઊંઝા સમગ્ર વિશ્વમાં જીરું અને વરિયાળીના વ્યાપાર માટે પ્રખ્યાત છે ત્યારે આ પ્રતિષ્ઠિત બજારની પ્રસિદ્ધિ જળવાઈ રહે અને સામાન્ય નાગરિકોને યોગ્ય તેમજ શુદ્ધ આહાર મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે મહેસાણા ફૂડ વિભાગ દ્વારા અવારનવાર ઊંઝામાં ભેળસેળ કરતા તત્વો સામે કડક કાર્યવાહી અને રેડ કરવામાં આવે છે.

આ જ શ્રેણીમાં, તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ઊંઝા ખાતે ફૂડ વિભાગ દ્વારા એક મોટી અને આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ દરોડાને સફળ બનાવવા માટે સી.આઈ.ડી. પોલીસની મદદ પણ લેવામાં આવી હતી. ફૂડ વિભાગ અને પોલીસની સંયુક્ત ટીમે મહેસાણા-પાલનપુર હાઈવે પર આવેલી 'ગણેશ ક્લીનીંગ' નામની પેઢીમાં આકસ્મિક તપાસ કરી હતી. આ જીરૂ-વરિયાળીની ફેક્ટરીના માલિક તરીકે મહેશભાઈ પટેલનું નામ સામે આવ્યું છે. ટીમ દ્વારા જ્યારે ફેક્ટરીના પરિસરમાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું ત્યારે ત્યાં ગ્રીન કલરનો મોટો શંકાસ્પદ જથ્થો સ્થળ પરથી મળી આવ્યો હતો.

વરિયાળીના વેપારમાં વધુ નફો કમાવવાની લાલચે વરિયાળીને વધુ આકર્ષક અને લીલીછમ બતાવવા માટે તેમાં સ્વાસ્થ્ય માટે હાનિકારક એવા કૃત્રિમ ગ્રીન કલરની ભેળસેળ કરવામાં આવતી હોવાનું સ્થળ પરની તપાસમાં ખુલ્યું હતું. દરોડા દરમિયાન સીનીયર ફુડ સેફટી ઓફિસર જે. જે. પ્રજાપતિ દ્વારા સ્થળ પરથી અલગ-અલગ શંકાસ્પદ વસ્તુઓના નમુનાઓ લેવામાં આવ્યા હતા. જેમાં લુઝ વરિયાળી, ગ્રીન કલર (એડલ્ટ્રન્ટ) અને કલરયુક્ત ભેળસેળવાળી વરિયાળી (એડલટ્રન્ટ) ના નમુનાઓ લેવામાં આવ્યા હતા. નમુનાઓ લીધા બાદ ફૂડ વિભાગ દ્વારા આ તમામ ભેળસેળવાળો જથ્થો કાયદેસર રીતે સીઝ કરવામાં આવ્યો છે. સરકારી તંત્ર એટલે કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મહેસાણાના ડેઝીગ્નેટેડ ઓફિસર દ્વારા જારી કરવામાં આવેલા પત્રક મુજબ, ગણેશ ક્લીનીંગ ફેક્ટરીમાંથી કુલ ત્રણ પ્રકારનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં ૧૩ કિલો લુઝ વરીયાળી, ૧૭ કિલો લુઝ ગ્રીન કલર અને ૪૮૯૮ કિલો લુઝ વરીયાળી. આમ, ફૂડ વિભાગ દ્વારા ફેક્ટરીમાંથી કુલ રૂ.૨.૪૭ લાખની અંદાજીત કિંમતનો શંકાસ્પદ જથ્થો સીઝ કરવામાં આવ્યો છે.

# સુરતમાં ગણેશ વિસર્જનને લઈને પોલીસ દ્વારા ટ્રાફિક અને સુરક્ષા વ્યવસ્થા

સુરત,
સુરત શહેરમાં વિઘ્નહર્તા ગણપતિ દાદાના પવિત્ર વિસર્જન ઉત્સવને શાંતિપૂર્ણ અને સુચારુ રીતે સંપન્ન કરાવવા માટે સુરત શહેર પોલીસ કમિશનર દ્વારા એક વિસ્તૃત અને કડક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ૨૫મી સપ્ટેમ્બરના રોજ સવારે ૬:૦૦ વાગ્યાથી જ રાજમાર્ગ સહિત શહેરના અતિમહત્વના ૨૫ જેટલા મુખ્ય માર્ગો સામાન્ય વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. પોલીસના જાહેરનામા અનુસાર, શ્રીજીની તમામ મોટી મૂર્તિઓનું હજીરા, મગદલ્લા અને ડુમસ દરિયા કિનારે આવેલા ૩ કુદરતી ઓવારા પર મોટી ક્રેનોની મદદથી સન્માનપૂર્વક વિસર્જન કરવામાં આવશે. સુરક્ષા અને વ્યવસ્થાના કારણોસર ૨૫ અને ૨૬ સપ્ટેમ્બર દરમિયાન ડુમસ બીચ તેમજ સુવાલી બીચ સામાન્ય જનતા અને પ્રવાસીઓ માટે સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. આ ઉપરાંત, ડુમસ રૂટ પર વિસર્જન યાત્રાઓનો ભારે ધસારો રહેવાનો હોવાથી એરપોર્ટ જઈ ફ્લાઈટ પકડનારા મુસાફરોને સમયસર પહોંચવા માટે ઘરેથી ઓછામાં ઓછા ૩ કલાક વહેલા નીકળવા ખાસ તાકીદ કરવામાં આવી છે. ગણપતિ દાદાના વિસર્જન પ્રક્રિયા દરમિયાન શહેરમાં ટ્રાફિકનું ભારણ ન વધે તે માટે પલસાણા, સાયણ અને ઓલપાડ તરફથી સુરત શહેરમાં પ્રવેશતા તમામ પ્રકારના ભારે વાહનો (નો એન્ટ્રી) પર વિસર્જન પૂર્ણ ન થાય ત્યાં સુધી સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. પોલીસ તંત્રે સ્પષ્ટ ચેતવણી આપી છે કે આ જાહેરનામાના નિયમોનો ભંગ કરનાર કે કાયદો હાથમાં લેનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS-2023) અને ગુજરાત પોલીસ એક્ટની વિવિધ કડક ધારાઓ હેઠળ શિક્ષાત્મક અને કાયદાકીય કડક પગલાં ભરવામાં આવશે.

# ભરૂચ : સાળંગપુર ગામ નજીક ત્રણ યુવાનોના શંકાસ્પદ હાલતમાં મૃત્યુ થતા ચકચાર

## ચાર મિત્રોએ ભેગા થઈ નશાકારક પદાર્થનું સેવન કર્યું હોવાની લોકચર્ચા

ભરૂચ,
જિલ્લાના અંકલેશ્વર તાલુકાના સાળંગપુર ગામ નજીક એક જ ઘટનામાં ત્રણ યુવાનોના શંકાસ્પદ સંજોગોમાં મોત થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી હતી. પ્રાથમિક માહિતી મુજબ, ચાર યુવાનો એકત્ર થયા બાદ કોઈ નશાકારક પદાર્થનું સેવન કર્યું હોવાની આશંકા છે.જેમાં ત્રણ યુવાનોના મોત થયા હતા, જ્યારે એક યુવાનની હાલત ગંભીર બનતાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં ભરૂચ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો સાળંગપુર પહોંચ્યો હતો.

મૃતકો પૈકી બેની ઓળખ ૨૪ વર્ષીય ફરમાન અલી અને ૨૫ વર્ષીય રાહુલ સિંહ તરીકે થઈ છે. બંનેએ થાક દૂર કરવા માટે પેઈનકિલર્સ (દર્દનિવારક દવાઓ) લીધી હોઈ શકે છે અને તેનો ઓવરડોઝ થઈ ગયો હોવાની શક્યતા છે. તેના કારણે ગંભીર આડઅસર થઈ હોઈ શકે છે અને કાર્ડિયાક અરેસ્ટ (હૃદયરોગનો હુમલો) આવ્યો હોઈ શકે છે. ગંભીર રીતે બીમાર પડેલા અન્ય યુવકને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.

મળતી વિગતો મુજબ, ચારેય યુવાનોએ કોઈ પદાર્શનું સેવન કર્યા બાદ થોડા સમયથી અંદર તબિયત ખરાબ થઈ હતી. ચોથા યુવાનની સ્થિતિ પણ ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે. જોકે, યુવાનોએ કયા પદાર્થનું સેવન કર્યું હતું અને તેના કારણે જ મોત થયા છે કે અન્ય કોઈ કારણ જવાબદાર છે તે અંગે હાલ સ્પષ્ટતા થઈ નથી.

પોલીસ દ્વારા યુવાનો સાથે રહેલા લોકો તેમજ સ્થાનિકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. યુવાનોએ કયો પદાર્થ લીધો હતો, તે ક્યાંથી મેળવ્યો. હતો અને ચારેયની તબિયત લથડવા પાછળનું ચોક્કસ કારણ શું છે તે અંગે તપાસ હાથ ધરવ

# અંબાજી : ૧૬ જેટલી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અલગ અલગ સ્થળોએ તૈનાત



અંબાજી,
અંબાજીમાં ભાદરવી પૂનમના પવિત્ર મેળામાં લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટવાની સંભાવના છે. જેને પગલે બનાસકાંઠા જિલ્લા પ્રશાસન સાથે ૧૦૮ મેડિકલ ઈમરજન્સી સેવા પણ સજ્જ છે. અંબાજીની આસપાસ અરવલ્લીની ગીરીમાળાના વિસ્તારમાંથી આવતા પદયાત્રિકો માટે ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર સુધીમાં ૪૦ લાખ શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચે તેવો અંદાજ છે. ત્યારે લાંબી પદયાત્રા કરીને આવતા ભક્તો માટે ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન ૧૬ જેટલી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અલગ અલગ સ્થળોએ તૈનાક કરી છે. હૃદયરોગ, અકસ્માત, સહિતની કોઈપણ આરોગ્યલક્ષી ઈમરજન્સીમાં એક કોલ પર તાત્કાલિક મદદ પહોંચાડવામાં આવશે.

# અંબાજીમાં માઈ ભક્તો માટે પ્રસાદીના ૪૦ લાખ પેકેટ તૈયાર કરવામાં આવ્યા

## ભક્તોને પ્રસાદના વિતરણ માટે ૨૬ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા

અંબાજી,
ગુજરાતમાં શકિતપીઠ અંબાજી ખાતે આજથી ભાદરવી પૂનમ મેળાનો પ્રારંભ થયો છે. જેમાં પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં માઈભક્તો અંબાજી પહોંચ્યા છે. ત્યારે ભાદરવી પૂનમ મહામેળા ૨૦૨૬ માટે માં અંબાના પ્રસાદરૂપે ૪૦ લાખ પેકેટ મોહનથાળ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

જેમાં ૪ લાખ કિલો મોહનથાળમાં ૬,૦૦૦ ડબ્બા શુદ્ધ ઘીનો ઉપયોગ કરવામાં આવશે. તેમજ ૨૬ પ્રસાદ વિતરણ કેન્દ્રો મારફતે ભક્તો સુધી પ્રસાદ પહોંચાડવાની તૈયારીઓ થઈ રહી છે.

મેળાના પ્રથમ દિવસે જ અંબાજી ધામમાં માઈભક્તોની ભીડ જોવા મળી છે. જેના લીધે સમગ્ર અંબાજી જય અંબેના જયઘોષથી ગુંજી ઉઠ્યું છે. આ ઉપરાંત આગામી દિવસોમાં માઈભક્તોની ભીડ વધવાની શકયતા છે. જેના પગલે કડક સુરક્ષા વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે.

ભાદરવી પૂનમના મેળા દરમિયાન લાખોની સંખ્યામાં પદયાત્રીઓ અંબાજી પહોંચતા હોય છે. તેમજ મંદિર પરિસરમાં ભીડ નિયંત્રિત કરવા માટે વહીવટી તંત્રએ ખાસ વ્યવસ્થા ઉભી કરી છે. જેમાં અલગ અલગ સ્થળોએથી પ્રવેશ માટેની વ્યવસ્થામાં પણ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે.

ભાદરવી પૂનમના પગલે વહીવટી તંત્ર દ્વારા ૨૮ જેટલી સમિતિઓ બનાવાઈ છે. જેને જુદા જુદા કામ અને સુરક્ષાની જવાબદારી સોંપી દેવામાં આવી છે. જિલ્લા પોલીસવડા તરફથી એક ટીમ તૈયાર કરીને પદયાત્રીઓના પોષાક પર નાઈટ વિઝન ટેગ લગાવવામાં આવ્યા છે.

# માય ભારત - અમદાવાદ દ્વારા "નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત" રાષ્ટ્રીય સંકલ્પ સમારોહ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ,
યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત MY Bha®a – અમદાવાદ દ્વારા "Nasha Mukt Yuva For Viksit Bha®a" અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય સંકલ્પ સમારોહનું આયોજન સમરસ બોયઝ હોસ્ટેલ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન જિલ્લા યુવા અધિકારી, MY Bha®a અમદાવાદ પ્રિતેશ કુમાર ઝવેરી ના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હોસ્ટેલના યુવાનો અને સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન યુવાનોને નશાના શારીરિક, માનસિક તથા સામાજિક દુષ્પ્રભાવો અંગે જાગૃત કરવામાં આવ્યા હતા તેમજ નશામુક્ત અને સ્વસ્થ સમાજના નિર્માણમાં યુવાનોની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સમારોહની મુખ્ય પ્રવૃત્તિ તરીકે "Nasha Mukt Yuva For Viksit Bha®a" અંતર્ગત ઉપસ્થિત તમામ સહભાગીઓ દ્વારા સામૂહિક સંકલ્પ ગ્રહણ કરવામાં આવ્યું હતું. યુવાનોએ નશાથી દૂર રહેવા તથા સમાજમાં નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત "Signature Wall Campaign"નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦૦થી વધુ સહભાગીઓએ હસ્તાક્ષર કરીને નશામુક્ત ભારતના સંકલ્પને સમર્થન આપ્યું હતું. આ અભિયાન દ્વારા યુવાનોમાં સામૂહિક જવાબદારી અને નશામુક્તિ અંગેની જાગૃતિને પ્રોત્સાહન મળ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન MY Bha®a અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુવાનોને MY Bha®a સાથે જોડાયેલી વિવિધ પ્રવૃત્તિઓ અને તકો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. ખાસ કરીને Viksit Bha®a Young Leaders Dialogue સહિત યુવાનો માટે ઉપલબ્ધ વિવિધ પહેલો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમની સક્રિય ભાગીદારી અંગે માહિતી આપવામાં આવી હતી. યુવાનોને MY Bha®a પ્લેટફોર્મ સાથે જોડાઈને વિવિધ રાષ્ટ્રીય કાર્યક્રમો, સામાજિક પ્રવૃત્તિઓ અને યુવા વિકાસલક્ષી પહેલોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ, દેશના વિકાસમાં યુવાનોની સર્જનાત્મકતા, નેતૃત્વ ક્ષમતા અને સક્રિય ભાગીદારીના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ નશામુક્ત યુવા પેઢીના નિર્માણ સાથે યુવાનોને "વિકસિત ભારત"ના સંકલ્પ સાથે જોડવાનો અને તેમને રાષ્ટ્ર નિર્માણની વિવિધ તકોમાં સક્રિય ભાગીદાર બનાવવાનો રહ્યો હતો અને આગામી ૧૦૦ સપ્તાહ સુધી અભિયાન અંતર્ગત વિભિન્ન ગતિવિધિઓનું આયોજન પણ કરાશે.

### માર્ગ મકાન વિભાગના કામોને ગતિ આપવા

# ટેન્ડર મંજૂરી પ્રક્રિયા મહત્તમ ૫૧ થી ૬૬ દિવસમાં પૂર્ણ કરવા કરાયો આદેશ

## ટેન્ડરની માન્યતાનો ગાળો ૧૨૦ દિવસથી ઘટાડીને ૯૦ દિવસ કરાયો

ગાંધીનગર,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસ અને બાંધકામના કામો વધુ ઝડપી બને અને વહીવટી પ્રક્રિયામાં બિનજરૂરી વિલંબ ન થાય તે હેતુથી ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા માટે વિવિધ કક્ષાએ મહત્તમ સમયમર્યાદા નક્કી કરતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો મુખ્યમંત્રીશ્રી એ કર્યો છે.

પ્રવર્તમાન વ્યવસ્થામાં ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સામાન્ય રીતે ૧૨૦ દિવસનો સમયગાળો ધ્યાને લેવાતો હતો

મુખ્યમંત્રીશ્રીએ કામો ઝડપથી શરૂ થાય તે સુનિશ્ચિત કરવા હવે કડક સમયમર્યાદા લાગુ કરી છે

તદનુસાર,જે કામોમાં પુર્વ પાત્રતાની જોગવાઇ નથી એવ્વાં સિવાયના ટેન્ડરો માટે( જ્યાં માત્ર ફાયનાન્સીયલ બીડ હોય ) : ક્ષેત્રીય કચેરીથી લઈને સચિવાલય અને નાણા વિભાગ સુધીની સમગ્ર પ્રક્રિયા વધુમાં વધુ ૫૧ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે

કામમાં ઈજારદારોની પુર્વ પાત્રતાની ની જોગવાઈ ધરાવતા ટેન્ડરો માટે( જ્યાં ટેક્નીકલ અને ફાઈનાન્સિયલ બીડ બે બીડ હોય તેવા ટેન્ડર) : તમામ સ્તરે ચકાસણી સાથેની સમગ્ર પ્રક્રિયા વધુમાં વધુ ૬૬ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે

ટેન્ડરની વેલિડિટી (Tender Validity)નો પ્રવર્તમાન ૧૨૦ દિવસનો ગાળો ઘટાડીને ૯૦ દિવસ કરવામાં આવ્યો છે

નિયમોનુસાર બહોળી પ્રસિદ્ધિ આપી એકથી વધુ ટેન્ડર મળ્યા હોય તેવા કિસ્સામાં અનિવાર્ય સંજોગો સિવાય વાટાઘાટો (NegOiation) કરવાનું ટાળવાનું રહેશે

વાટાઘાટો અનિવાર્ય બને તો તે એક જ સ્તરે (સક્ષમ સત્તાધિકારી કક્ષાએ) પૂર્ણ કરવાની રહેશે; એકથી વધુ સ્તરે વાટાઘાટો કરી શકાશે નહીં

જો નિર્ધારિત સમયમર્યાદામાં દરખાસ્તનો નિકાલ નહી થાય તો સંબંધિત કક્ષાએ વિલંબના કારણોની નોંધ લઈને જે તે અધિકારીની જવાબદારી નિર્ધારિત કરવામાં આવશે

# 'છોટી કાશી'માં ગણેશ વિસર્જનના સાતમાં દિવસે ૧૩૭૪ મૂર્તિઓને ભકતોએ આપી વિદાય

## રવિવારના દિવસે ગણેશ મંડળોની ભવ્ય શોભાયાત્રાઓથી શહેરના અનેક માર્ગો ગણેશમય બન્યા : અત્યાર સુધીમાં ૩૪૬૪ મૂર્તિઓનું વિસર્જન


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ગણેશોત્સવ અંતર્ગત ગઈકાલ સાતમા દિવસે ગણપતિ બાપાની મૂર્તિઓના વિસર્જન માટે શહેરના બંને વિસર્જન કુંડ ખાતે ભારે ધસારો જોવા મળ્યો હતો. રવિવારની રજા હોવાથી અનેક ગણેશ મંડળો દ્વારા ઢોલ-નગારાં અને ભક્તિભાવ સાથે ભવ્ય શોભાયાત્રાઓ કાઢવામાં આવી હતી. શહેરના વિવિધ માર્ગો પરથી નીકળેલી ગણેશ વિસર્જન યાત્રાઓના કારણે વાતાવરણ ગણેશમય બની ગયું હતું. જામનગર મહાનગરપાલિકા દ્વારા ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે ખંભાળિયા બાયપાસ તથા સરદાર રિવેરા ખાતે બે વિસર્જન કુંડ તૈયાર કરવામાં આવ્યા છે. સાતમા દિવસે બંને કુંડ ખાતે નાની-મોટી ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે ગણેશ મંડળો તેમજ ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. અનેક મંડળો દ્વારા પોતાના આરાધ્ય દેવ ગણપતિ બાપાને નાચતા-ગાતા અને જયઘોષ સાથે ભાવભરી વિદાય આપવામાં આવી હતી. બંને કુંડ ખાતે જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી. હાઈડ્રા ક્રેઈન સહિતની સુવિધાઓથી નાની-મોટી મૂર્તિઓનું સલામત અને સુવ્યવસ્થિત રીતે વિસર્જન કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાના આંકડા મુજબ ગઈકાલ રવિવારે સાતમા દિવસે ખંભાળિયા બાયપાસ વિસર્જન કુંડમાં ૧૦૨૨ તથા સરદાર રિવેરા વિસર્જન કુંડમાં ૩૫૨ મળી બંને કુંડમાં કુલ ૧૩૭૪ ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ખંભાળિયા બાયપાસ કુંડમાં કુલ ૨૭૦૮ તથા સરદાર રિવેરા કુંડમાં ૭૫૬ મળી બંને કુંડમાં અત્યાર સુધીમાં કુલ ૩૪૬૪ ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું છે.

## શાપરના પાટીયા પાસેથી દારૂના ૭૫ ચપલા સાથે શખ્સ ઝડપાય

જામનગર : સિક્કા નજીક શાપર ગામના પાટીયા પાસે દારૂના ચપલા સાથે નીકળેલ એક શખ્સને પોલીસે ઝડપી લઈ મુદ્દામાલ સાથે તેની ધરપકડ કરી છે.

સિક્કા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે શાપર ગામના પાટીયા પાસે બાતમી મળી હતી કે, શાપર ગામમાં રહેતો અજયસિંહ ઉર્ફે લાલો રણજીતસિંહ જાડેજા બહારથી વિદેશી દારૂનો જથ્થો મંગાવી પોતાના રહેણાંક મકાન નજીક રજુભા ટપુભા જાડેજાના ડેલીબંધ વંડામાં આવેલા જીઓના ટાવર નીચે છુપાવી રાખ્યો છે અને હાલ દારૂના જથ્થાની હેરફેર કરી રહ્યો છે. જેથી પોલીસે સ્થળ પર જઈ દરોડો પડી અજયસિંહ ઉર્ફે લાલો રણજીતસિંહ જાડેજાને ઝડપી લઈ તેના કબ્જામાંથી તેના કબ્જામાંથી ઈંગ્લીશ દારૂના ૭૫ ચપટા તેમજ એક મોબાઈલ મળી કુલ રૂ.૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી અજયસિંહ ઉર્ફે લાલો રણજીતસિંહ જાડેજા સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

## જામનગરના માધવબાગ વિસ્તારમાં જુગાર રમતી આઠ મહિલાઓ ઝડપાઈ

જામનગર : જામનગરના માધવબાગ-૧ વિસ્તારમાં મહાદેવ મંદિર પાસે જાહેર ગલીમાં ગંજીપત્તાના પાનાં વડે તીનપત્તીનો જુગાર રમી પૈસાની હારજીત કરતી આઠ મહિલાઓને સીટી-સી ડિવિઝન પોલીસની સર્વેલન્સ સ્કવોડે દરોડો પાડી ઝડપી લઈ તેઓ પાસેથી કુલ રૂ.૩૧,૨૫૦ની રોકડ રકમ કબ્જે કરી હતી.

જામનગરના માધવબાગ-૧, શેરી નં.૫, મહાદેવ મંદિર પાસે જાહેરમાં કેટલીક મહિલાઓ જુગાર રમતી હોવાની બાતમી પોલીસને મળી હતી. જેથી સ્થળ પર જઈ દરોડો પડતા જુગાર રમી રહેલ રશ્મિબેન જીતેન્દ્રભાઈ, અજુબેન ઉર્ફે અજાયબેન ભીમશીભાઈ પાઉ, કારીબેન મેરામણભાઈ ડાંગર, મીતાબેન શૈલેવભાઈ વજવાળીયા, રાણીબેન મયુરભાઈ પરમાર, શોભનાબેન ભાવેશભાઈ શિંગડીયા, કવીબેન દેવરાજભાઈ ગોજીયા અને રાધાબેન જીવાભાઈ ભાટીયાની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રૂ..૩૧,૨૫૦ કબ્જે કર્યા હતા.

# દ્વારકા જિલ્લામાં સાત સ્થળે જુગારના દરોડામાં ત્રણ મહિલા સહિત ૩૭ શખ્સની અટકાયત

## રોકડ રકમ, વાહનો, મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૪.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે



દ્વારકા : દેવભૂમિ - દ્વારકા જિલ્લાના ખંભાળિયા શહેર સહિત સાત જગ્યાએ પોલીસે જુગાર અંગેના દરોડા પાડ્યા હતા જેમાં ત્રણ મહિલા અને ૩૪ પુરુષ વિગેરે ૩૭ શખ્સની અટકાયત કરી સ્થળપરથી રોકડ રકમ, વાહનો અને જુદા - જુદા મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૪.૮૦ લાખની કિંમતનો મુદામાલ કબ્જે કર્યો હતો અને તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રથમ દરોડો ખંભાળિયામાં ખામનાથ પાર્ક - ૦૨ ખાતે રહેતો મુળજીભાઈ નારણભાઈ જોડ નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હોય તેવી બાતમીના આધારે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન અત્રે ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સંચાલક મુળજીભાઈ જોડ સહિત હિરેન દેવાભાઈ વઘોરા, વિનુભાઈ ખીમાભાઈ જોડ, કનુભાઈ ભીખુભાઈ ગોહિલ, દીપકભાઈ ખેરાભાઈ વઘોરા અને મનસુખ લાલજીભાઈ ડગરા નામના ૬ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૬૩૫૦૦ની રોકડ રકમ, રૂ. ૩૦ હજારની કિંમતના ૪ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૧.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બીજો દરોડો કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા લખુભાઈ ડાયાભાઈ મુન, અરવિંદભાઈ કરમનભાઈ મુન, માલીબેન લાખાભાઈ લુણા, હીરબાઈબેન માયાભાઈ લુણા નામની બે મહિલા સહિત ૪ શખ્સની સ્થાનિક પોલીસે રૂ. ૧૪૮૦ ની રોકડ રકમ સાથે અટકાયત કરી હતી.

ત્રીજો દરોડો વાડીનાર ખાતે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા પ્રફુલ્લસિંહ મોતીભા જાડેજા, પ્રવિણસિંહ અમરસિંહ જાડેજા, અર્જુનસિંહ ધીરૂભા જાડેજા, સંજયસિંહ ધીરૂભા જાડેજા નામના ૪ શખ્સને પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૩૦૫૦૦ ની રોકડ રકમ, રૂ. ૪૦ હજારની કિંમતના ૪ નંગ મોબાઈલ ફોન અને રૂ. ૨૦ હજારની કિંમતનું મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૯૦૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

ચોથો દરોડો કલ્યાણપુર તાલુકાના હડમતીયા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા પાલાભાઈ નગાભાઈ આંબલીયા, રાજશીભાઈ જેઠાભાઈ આંબલીયા, જેઠાભાઈ વજશીભાઈ વરૂ, નિતેશભાઈ ભીખાભાઈ લગારીયા, વજશીભાઈ પરબતભાઈ આંબલીયા, કરસનભાઈ વેજાણંદભાઈ વરૂ, નિલેશભાઈ દેવાભાઈ વરૂ અને રામભાઈ રામદેભાઈ લુવા નામના ૮ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૫૨૨૦૦ની રોકડ રકમ, રૂ. ૧૩ હજારની કિંમતના ૩ નંગ મોબાઈલ ફોન, રૂ. ૬૦ હજારની કિંમતના ૪ નંગ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૧.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પાંચમો દરોડો ભાણવડ તાલુકાના ફોટડી ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા હેમંતભાઈ માલદેભાઈ બેરા, કરસનભાઈ મારખીભાઈ બેરા, કેશુભાઈ ધીરુભાઈ બેરા, લાખાભાઈ દેવશીભાઈ બેરા, અશોકભાઈ મારખીભાઈ વાઢીયા અને પબાભાઈ કરસનભાઈ ગાગીયા નામના ૬ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧.૭ લાખની રોકડ રકમ કબ્જે કરી હતી.

છઠ્ઠો દરોડો ભાણવડ તાલુકાના શીવા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા પ્રવીણભાઈ જેતાભાઈ જોગલ અને સેજાભાઈ હમીરભાઈ મકવાણા નામના બે શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૪૮૦ ની રોકડ રકમ કબ્જે કરી.

સાતમો દરોડો ઓખા મંડળના ભીમરાણા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા જીણાભાઈ બીજલભાઈ ચૌહાણ, ધનજીભાઈ જીવરાજભાઈ વાઘેલા, બાબુભાઈ પોલાભાઈ ચૌહાણ, છગનભાઈ ગોવાભાઈ ચૌહાણ, લખમણભાઈ જગમાલભાઈ ચૌહાણ, અજયભાઈ મંગાભાઈ ચૌહાણ અને શરીફાબેન બાબુભાઈ મકવાણા નામની મહિલા સહિત સાત શખ્સની સ્થાનિક પોલીસે અટકાયત કરી સ્થળપરથી રૂ. ૨૦૨૦૦ની રોકડ રકમ કબ્જે કરી હતી.

## કાલાવડમાં સાયબર ફ્રોડનો ફરાર આરોપી મહારાષ્ટ્રના ભીંવડીથી ઝડપાયો

### રાજકોટના વિશ્વાસઘાતના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો



જામનગર : જામનગર જિલ્લામાં ફરાર આરોપીઓને પકડી પાડવાની ચાલતી ઝુંબેશમાં પોલીસે જુદા જુદા બે કેસમાં ફરાર શખ્સોને પકડી પાડયા છે. કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકના સાયબર ફ્રોડના ગુનામાં પોલીસ ચોપડે ચડયા બાદ એક વર્ષથી ફરાર આરોપીના ટેકનીકલ એનાલીસીસના આધારે પોલીસે વતન મહારાષ્ટ્રના ભીંવડી ખાતેથી દબોચી લીધો હતો.આ સિવાઈ રાજકોટ પંથકમાં વિશ્વાસઘાતના ગુનામાં પણ ફરાર આરોપી જામનગરમાંથી પકડાયો છે.

એક વર્ષ અગાઉ નિકાવાના એક ફરિયાદી સાથે ૫૦ હજારની છેતરપિંડી કરતા આરોપી સામે સાયબર ફ્રોડ મામલે ગુનો નોંધાયા બાદ આરોપી અક્ષય તુકારામભાઈ હેન્દ્ર (રહે. ભીંવડી, જી.થાણે, રાજય-મહારાષ્ટ્ર) નામનો શખ્સ ફરાર હતો. બાદમાં પોલીસ પકડથી બચવા આરોપી હોશીયારીપુર્વક પોતાની ઓળખ છુપાવી ફરતો હતો. જે આરોપીની રાજકોટ રેન્જની ટેકનીકલ ટીમે જરૂરી ઉંડાણપુર્વક અભ્યાસ તેમજ વર્કઆઉટ કરી આરોપીની ચોકકસ હકીકત મેળવી હતી. જેના આધારે જામનગર પોલીસ ટીમ બનાવી મહારાષ્ટ્ર ખાતે તપાસમાં ગઈ હતી. બે દિવસ તપાસ બાદ આરોપી અક્ષય તુકારામભાઈ હેન્દ્રને ભીંવડી તાલુકા પોલીસ સ્ટેશનથી હસ્તગત કરી જામનગર લાવ્યા બાદ આગળની કાર્યવાહી અર્થે કાલાવડ પોલીસને સોંપાયો છે.

આ ઉપરાંત જામનગરના પંચકોશી એ ડિવિઝન પોલીસે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા વિશ્વાસઘાતના ગુનામાં લાંબા સમયથી ફરાર આરોપી મીલનને પકડી પાડ્યો હતો. આરોપી સામે વિશ્વાસઘાતનો ગુનો નોંધાયા બાદ તે પોલીસને હાથતાળી આપી ફરાર હતો. આરોપી મીલન પ્રવિણભાઈ અગ્રાવત (રહે.ખીજડિયા, તા. જામનગર) ખીજડિયા ગામના પાટિયા પાસે ઊભો હોવાની માહિતી મળતા જ પોલીસે દોડી જઇ આરોપીને પકડી પડ્યો હતો. જેને આગળની કાર્યવાહી માટે સંબંધિત પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

## રણુજા લોકમેળામાં રાઈડ્સના સંચાલકો વચ્ચેનો વિવાદ થતા પ્રાંત અધિકારીને રજુઆત

જામનગર : કાલાવડ ખાતે યોજાનારા સુપ્રસિદ્ધ રણુજા લોકમેળાની શરૂઆત પહેલાં જ રાઈડ્સ સંચાલકો વચ્ચે તીવ્ર વિવાદ સામે આવ્યો છે. મેળામાં નીતિ-નિયમોને નેવે મૂકીને મુલાકાતીઓના ચાલવાના મુખ્ય રસ્તાઓ પર ગેરકાયદે રીતે મનોરંજનની રાઈડો ખડકી દેવામાં આવી હોવાના આક્ષેપ સાથે જામનગરના જિગ્નેશભાઈ ભરતભાઈ નંદા તથા અન્ય અરજદારોએ જામનગર ગ્રામ્યના પ્રાંત અધિકારીને લેખિત ફરિયાદ કરી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ કેટલાક રાઈડ્સ સંચાલકોએ સરકારની ગાઈડલાઈન અને નિયમો મુજબ તેમને ફાળવવામાં આવેલા નિયત પ્લોટમાં રાઈડો લગાવીને આયોજન કર્યું છે. જોકે, અન્ય કેટલાક પ્લોટધારકો તથા નાની-મોટી રાઈડોના સંચાલકો દ્વારા સરકારી નિયમોનો ભંગ કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

કેટલાક રાઈડ સંચાલકો ફાળવવામાં આવેલી નિયત જગ્યાના બદલે મેળામાં મુલાકાતીઓના ચાલવાના મુખ્ય રસ્તાઓ પર જ રાઈડો ખડકી રહ્યા છે. રસ્તાઓ પર આડેધડ દબાણ થવાના કારણે મેળામાં અવરજવર માટે મુશ્કેલી ઊભી થવાની સાથે મુલાકાતીઓની સુરક્ષા સામે પણ જોખમ ઊભું થઈ શકે છે. રસ્તાઓ પર નિયમ વિરુદ્ધ ખડકવામાં આવેલી રાઈડોના કારણે મેળાના સમગ્ર આયોજનમાં વિઘ્ન ઊભું થવાની શક્યતા દર્શાવી અરજદારોએ ત્વરિત આવી રાઈડો અને દબાણો તાત્કાલિક દૂર કરી રસ્તાઓ ખુલ્લા કરાવવાની માંગ કરી છે.

# જામનગર શહેરમાં પાણીની અછત ટાળવા તંત્રનું આગોતરું આયોજન

## સૌની યોજના મારફતે ડેમોમાં દરરોજ ૧૦ થી ૧૨ એમસીએફટી પાણી ઠલવાઈ રહ્યું છે:આગામી એક વર્ષ પાણીના આયોજન માટે સરકારમાં રજુઆત

જામનગર : સપ્ટેમ્બરનો ત્રીજો સપ્તાહ પૂર્ણ થવા આવ્યો હોવા છતાં જામનગર જિલ્લામાં અપેક્ષા મુજબનો વરસાદ નહીં પડતાં શહેરને પાણી પૂરું પાડતા મુખ્ય જળાશયોમાં પાણીનો જથ્થો ઘટી રહ્યો છે. આગામી સમયમાં પીવાના પાણીની અછત ઊભી ન થાય તે માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા અત્યારથી જ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

જામનગર શહેરને પાણી પૂરું પાડતા રણજીતસાગર અને સસોઈ સહિતના જળાશયોમાં અપેક્ષા મુજબ વરસાદી પાણીની આવક નહીં થતાં સૌની યોજના મારફતે પાણી ઠાલવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા આગામી એક વર્ષ દરમિયાન શહેરની જરૂરિયાતને પહોંચી વળવા માટે જરૂરી પાણીના જથ્થાની સરકાર સમક્ષ અગાઉથી માંગણી કરવામાં આવી હતી. આ માંગણીને અનુસંધાને રાજય સરકાર દ્વારા સૌની યોજના મારફતે જામનગરના જળાશયોમાં પૂરતા પ્રમાણમાં પાણી પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જામનગર શહેરને પાણી પૂરું પાડવા માટે હજી ત્રણ ડેમ ઊંડ એક ડેમ રસોઈ ડેમ અને રણજીત સાગર આ ચારેય ડેમોમાંથી પાણી મેળવવામાં આવે છે ઉપરાંત નર્મદા કેનાલ માંથી પણ પાણી મળી રહ્યું છે અગાઉ સૌની યોજના મારફતે આજી-૩ અને ઊંડ-૧ ડેમમાં પાણી ઠાલબવાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવાઈ છે અને હાલમાં રણજીત સાગર ડેમ તેમજ સસોઈ ડેમમાં પાણી ઠાલવવાનું શરૂ કરી દેવાયું છે

હાલ સૌની યોજના મારફતે રણજીતસાગર અને સસોઈ સહિતના જળાશયોમાં દરરોજ અંદાજે ૧૦ થી ૧૨ એમસીએફટી પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. આમ, વરસાદની અછત વચ્ચે પણ શહેરના મુખ્ય જળસ્રોતોમાં પાણીનો જથ્થો જળવાઈ રહે તે માટે પાણીની આવક ચાલુ રાખવામાં આવી છે.

તંત્ર દ્વારા જળાશયોમાં ઉપલબ્ધ પાણીના જથ્થા તેમજ સૌની યોજના મારફતે મળનારા પાણીની આવકને ધ્યાનમાં રાખીને શહેરની પાણી વિતરણ વ્યવસ્થા અંગે આયોજન કરવામાં આવી રહ્યું છે. હાલ શહેરમાં એકાંતરે પાણી વિતરણની વ્યવસ્થા જાળવી રાખવામાં આવી છે અને આગામી સમયમાં પણ પાણીની ઉપલબ્ધતા પ્રમાણે વિતરણ વ્યવસ્થા ચાલુ રાખવાનું આયોજન છે.

વરસાદ ઓછો પડ્યો હોવા છતાં સૌની યોજના મારફતે પાણીની આવક શરૂ રહેતા શહેરના પીવાના પાણીના જથ્થાને જાળવી રાખવામાં મદદ મળશે. તંત્ર દ્વારા આગામી સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પાણીની વ્યવસ્થાનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે નાગરિકોને પણ પાણીની અછતની સંભાવનાને ધ્યાનમાં રાખીને પાણીનો બગાડ ટાળવા અને ઉપલબ્ધ પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરી છે.

## ચેલા નજીક બસ અને કાર ડિવાઈડર પર ચઢી ગયાં


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર-લાલપુર હાઈવે પર દરેડ ગામથી આગળ ચેલા ગામ નજીક ગઈકાલે રવિવારે બપોરના સમયે ખાનગી બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બસે કારને ઠોકર મારતાં બંને વાહનો રોડની વચ્ચે આવેલા ડિવાઈડર પર ચઢી ગયાં હતાં.

આકસ્મિક ટક્કરના પગલે કાર અને ખાનગી બસમાં સવાર કેટલાક મુસાફરોને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. જોકે સદનસીબે કોઈને ગંભીર ઈજા થઈ ન હતી અને મોટી જાનહાની ટળી હતી. અકસ્માતમાં મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિકને અસર થઈ હતી. દરમિયાન બંને વાહનો ડિવાઈડર પર ચઢી જતાં હાઈવેની સુંદરતા વધારવા માટે ડિવાઈડરની વચ્ચે તાજેતરમાં જ મુકવામાં આવેલી પ્લાસ્ટિકની ગ્રીનરીને પણ નુકસાન થયું હતું અને તેનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

## વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે ૐકાર સ્વરૂપે દીપ પ્રગટાવી શુભકામનાઓ



જામનગર : જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ના કોર્પોરેટર રાજુ યાદવે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે પોતાના નિવાસસ્થાને પવિત્ર ૐકારના સ્વરૂપમાં દીપ પ્રગટાવી શુભકામનાઓ પાઠવી હતી. આશીર્વાદનો દીવડો પ્રસંગે તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુખમય, સ્વસ્થ અને દીર્ઘ જીવન માટે પ્રાર્થના કરી હતી.

## જામનગરમાં ટ્રાફિક ડ્રાઈવમાં ૨૫ વાહનો ડિટેઈન


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક રવિ મોહન સૈનીની સૂચના તથા નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ જામનગર સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા શહેરી વિસ્તારમાં ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી.

આ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન નંબર પ્લેટ વગરના તેમજ રજીસ્ટ્રેશન અને ડ્રાઈવિંગ લાયસન્સ સહિતના જરૂરી દસ્તાવેજો વગરના કુલ ૨૫ વાહનો ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી સીટી બી. ડિવિઝન પોલીસના સર્વેલન્સ પી.એસ.આઈ. એમ.એચ. મહેતા, હનુમાન ગેટ ચોકીના પી.એસ.આઈ. જે.એસ. ગોવાણી, પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી. ચૌહાણ તથા બી. ડિવિઝન પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ડિજિટલ ઇન્ડિયા માટે વિશ્વાસ પાછો મેળવીએ

ડિજિટલ ઇન્ડિયાએ આપણા જીવનને સરળ બનાવ્યું છે. આજે મોબાઇલથી પૈસા મોકલી શકાય છે. બિલ ભરી શકાય છે. દૂર બેઠેલા સગાને મળી શકાય છે. આ સુવિધા આપણી તાકાત છે. તેની સાથે કેટલાક પડકારો પણ આવ્યા છે. સાયબર ગુનો તેમાંનો એક છે. પણ આ પડકારનો સામનો આપણે સાથે મળીને કરી શકીએ છીએ.છેલ્લા કેટલાક વર્ષોમાં લોકોમાં જાગૃતિ વધી છે. પહેલા લોકો છેતરપિંડી થયા પછી ચૂપ રહેતા હતા. હવે તેઓ હિંમત કરીને ફરિયાદ કરે છે. સરકારી પોર્ટલ પર લાખો ફરિયાદો નોંધાઈ છે. આ એક સકારાત્મક બદલાવ છે. લોકો હવે પોતાના હક માટે અવાજ ઉઠાવતા થયા છે. આ વિશ્વાસ લોકશાહીને મજબૂત બનાવે છે.

સરકારે પણ આ દિશામાં સારા પગલાં લીધાં છે. સાયબર મદદ માટે ખાસ નંબર શરૂ કરવામાં આવ્યો છે. ઓનલાઇન ફરિયાદ માટે સરળ પોર્ટલ બનાવવામાં આવ્યું છે. પોલીસને નવી ટેકનોલોજીની તાલીમ આપવામાં આવી રહી છે. ઘણા રાજ્યોમાં સાયબર પોલીસ સ્ટેશન પણ શરૂ થયાં છે. આ પ્રયાસોનું પરિણામ ધીમે ધીમે દેખાવા લાગ્યું છે.હવે જરૂર છે આ વ્યવસ્થાને વધુ ઝડપી અને સરળ બનાવવાની. ફરિયાદ કર્યા પછી તરત જ કાર્યવાહી શરૂ થાય તે ખૂબ જરૂરી છે. જો પહેલા થોડા કલાકોમાં પગલાં લેવાય તો છેતરપિંડીના પૈસા અટકાવી શકાય છે. બેંક અને પોલીસ વચ્ચે સીધો સંપર્ક હોય તો આ કામ સરળ બને છે. ટેક્નોલોજીની મદદથી આ શક્ય છે.સંસદની સમિતિએ આ અંગે ઉપયોગી સૂચનો કર્યાં છે. તેનું હાર્દ એ છે કે વ્યવસ્થા લોકો માટે સરળ બને. ઓનલાઇન ગુનો નોંધવાની સુવિધા વધે તો પીડિતને પોલીસ સ્ટેશનના ધક્કા નહીં ખાવા પડે. એક બનાવમાં થયેલા તમામ ગુના ગણવામાં આવે તો સાચું ચિત્ર સામે આવશે. સાચા ચિત્રના આધારે સારી નીતિ બની શકશે.

પોલીસના જવાનો પણ આપણા જ સમાજનો ભાગ છે. તેમને યોગ્ય તાલીમ અને સાધનો મળે તો તેઓ વધુ સારું કામ કરી શકે છે. નવા ભરતી થનારા જવાનોને સાયબર સુરક્ષાનું જ્ઞાન આપવામાં આવે તે સારી શરૂઆત છે. જૂના કર્મચારીઓ માટે ટૂંકા તાલીમ વર્ગો પણ ઉપયોગી થશે. જ્યારે પોલીસ ટેક્નોલોજીમાં આગળ હશે ત્યારે ગુનેગારો પાછળ રહી જશે.નાગરિક તરીકે આપણી ભૂમિકા પણ મહત્વની છે. થોડી સાવધાની રાખીએ તો મોટા નુકસાનથી બચી શકાય છે. અજાણ્યા ફોન પર વ્યક્તિગત માહિતી ન આપવી જોઈએ. કોઈપણ લિંક પર વિચાર્યા વગર ક્લિક ન કરવું જોઈએ. પાસવર્ડ સમયાંતરે બદલવો જોઈએ. આ નાની ટેવો આપણને સુરક્ષિત રાખે છે.શાળા અને કોલેજોમાં પણ આ જ્ઞાન પહોંચાડવું જોઈએ. બાળકો મોબાઇલ વાપરવામાં હોશિયાર છે. તેમને સારા અને ખોટા ઉપયોગનો ભેદ સમજાવીએ તો તેઓ પોતે સુરક્ષિત રહેશે અને પરિવારને પણ માર્ગદર્શન આપશે. ગામડાઓમાં પણ સરળ ભાષામાં જાગૃતિ કાર્યક્રમો થવા જોઈએ.આપણે નિરાશ થવાની જરૂર નથી. સમસ્યા મોટી છે પણ ઉકેલ પણ આપણી પાસે જ છે. ટેકનોલોજી જેણે પડકાર ઊભો કર્યો છે તે જ ટેકનોલોજી ઉકેલ પણ આપશે. કૃત્રિમ બુદ્ધિની મદદથી શંકાસ્પદ વ્યવહારોને તરત ઓળખી શકાય છે. ડેટાના યોગ્ય ઉપયોગથી ગુનાની રીત સમજી શકાય છે.ભારતની યુવા શક્તિ આપણી મોટી મૂડી છે. આપણા યુવાનો ટેક્નોલોજીમાં કુશળ છે. તેમને યોગ્ય દિશા મળે તો તેઓ સાયબર સુરક્ષાના ક્ષેત્રમાં દેશને આગળ લઈ જઈ શકે છે. સ્ટાર્ટઅપ્સ પણ આ ક્ષેત્રમાં નવા ઉકેલો લાવી રહ્યા છે. સરકાર, ઉદ્યોગ અને સમાજ સાથે મળીને કામ કરે તો પરિણામ ચોક્કસ મળશે.આપણું લક્ષ્ય સ્પષ્ટ હોવું જોઈએ. દરેક ફરિયાદની નોંધ લેવાય. દરેક પીડિતને સમયસર મદદ મળે. ગુનેગારને એવો સંદેશ જાય કે તે કાયદાથી બચી શકશે નહીં. જ્યારે લોકોને વ્યવસ્થા પર ભરોસો હશે ત્યારે તેઓ વધુ હિંમતથી આગળ આવશે.

# ભારતના વિકાસનું ચિત્ર હવે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ પ્રેરિત બનશે

**વિકાસ અને વિકલ્પ**

**-ડૉ. નાનક ભટ્ટ**

માણસ આંખનો ઉપકરણ તરીકે ઉપયોગ કરીને જુદા જુદા પદાર્થોના આકાર, માપ, રંગ અને ગુણધર્મો વિશે તારણ કાઢે છે. આ દૂરસંવેદન પદ્ધતિનું સરળ ઉદાહરણ છે. પરંતુ આપણી આંખ પ્રકાશના પરાવર્તન પામતાં કિરણોનો જ ઉપયોગ કરી શકે છે. જ્યારે દૂરસંવેદન પદ્ધતિમાં વીજચુંબકીય વર્ણના દ્રશ્યમાન ઉપરાંત પાર-રક્ત અને સૂક્ષ્મતરંગ અથવા માઈક્રોવેવ વિસ્તારનાં અદ્રશ્ય કિરણોનો ઉપયોગ કરીને પૃથ્વી પરના જુદા જુદા પદાર્થોના લાક્ષણિક ગુણધર્મો વિશે અત્યંત ઉપયોગી માહિતી મેળવી શકાય છે. ઊંચા મિનારા કે પર્વતની ટોચ ઉપરથી આપણે નીચેના વિશાળ ભૂમિપ્રદેશનું નિરીક્ષણ કરી શકીએ છીએ, જ્યારે ખૂબ ઊંચે ઊડતા વિમાનમાંથી આપણે વધુ વિશાળ ભૂમિપ્રદેશ જોઈ શકીએ છીએ. પરંતુ હવે ૩૬૦૦૦ કિલોમીટરની ઉચાઇ પર જીઓ સિક્રોનસમાં કૃત્રિમ ઉપગ્રહના શક્તિશાળી કેમેરા દ્વારા પૃથ્વીના ભુ-ભાગનું સર્વેક્ષણ અને ચોકીદારી થઈ શકે છે.

આ કેમેરા વડે ભૂતકાળના વિશાળ પ્રદેશોની અત્યંત સ્પષ્ટ છબીઓ જોવા મળશે. આથી ભારત વર્ષની નૈસર્ગિક સંપત્તિ જેવી કે કૃષિ, વન, ભૂમિ, જળ, વગેરેની સાર્વત્રિક સ્થિતિમાં માહિતી મળશે. આ છબીઓ દ્વારા પડોશી દેશોની સીમા ઓની વિગતો ઘણી ચોક્સાઈથી નકશારૂપે મળશે. આ છબીઓમાં દેખાતા વાતાવરણ પૃથ્વીના જુદા જુદા પ્રદેશોના હવામાન વિશે ઉપયોગી માહિતી મેળવી શકાશે. આમ, સ્થળ સાથે સીધા સંપર્કમાં આવ્યા સિવાય ઉપકરણની મદદથી જે તે સ્થિતિના ગુણધર્મ વિશે ઘેર બેઠાં સરળતાથી માહિતી મેળવવી સેલફોન ઉપરની સ્થિતિ બની રહેશે.

કૃત્રિમ ઉપગ્રહ દ્વારા ભૂમિસંપત્તિનું સર્વેક્ષણ કરવાથી વિશિષ્ટ લાભ રહે છે કે

(૧) પરંપરાગત પદ્ધતિ એટલે કે ભૂમિ પરથી કે હવાઈ નિરીક્ષણ દ્વારા કરવામાં આવતા સર્વેક્ષણની સરખામણીમાં સેટેલાઈટની મદદથી ઘણા ઓછા સમયમાં અને ઓછા ખર્ચે વિશાળ પ્રદેશોનું સર્વેક્ષણ કરી શકાય છે.

(૨) ઉપગ્રહ દ્વારા થતા સર્વેક્ષણનું નિયમિત રીતે આપોઆપ પુનરાવર્તન થતું હોવાથી ભૂમિ, કૃષિ, જળ અને વન જેવી નૈસર્ગિક સંપત્તિમાં સમયાંતરે આવતાં પરિવર્તનો વિશે પણ માહિતી મળે છે.

ભારતના પ્રાયોગિક કક્ષાના ભૂ-સંચાલિત સર્વેક્ષણ માટે કાર્ટો સેટ શ્રેણીનાં ઉપગ્રહો દ્વારા છબીઓ મેળવવામાં આવી હતી. જેના અભ્યાસથી દેશની વૈજ્ઞાનિક સૈન્ય શક્તિ અને સહિક નિર્ણય શક્તિમાં વધારો થયો છે. તે પછી કાર્યાન્વિત કક્ષાનો ભારતીય દૂરસંવેદન ઉપગ્રહ સૂર્ય સમક્રમિક ભ્રમણ કક્ષામાં પ્રક્ષેપિત કરતા અને પૃથ્વીની છબી લેવા માટે તેમાં ત્રણ વીજાણુ કેમેરા રાખવામાં આવતાં. કેમેરા દ્વારા સૂર્યના પરિવર્તિત પ્રકાશની દશ્યમાન અને પાર-રક્ત તરંગ લંબાઈના વિસ્તારમાં પૃથ્વીની છબી મળતી થઈ છે. સૂર્ય સમક્રમિક ભ્રમણકક્ષાને લીધે આઈ.આર.એસ. ૧ સી, સ્થાનિક સમય પ્રમાણે સવારના ૧૦.૨૫ કલાકે વિષુવવૃત્ત પરથી પસાર થાય છે. આથી દરેક સ્થળની તસવીર એક જ સરખા સૂર્યપ્રકાશની સ્થિતિમાં મળે છે અને પરિણામે તેનું અર્થઘટન સરળ બન્યું છે.

પૃથ્વી પરના દરેક પદાર્થ દ્વારા પરાવર્તિત થતો સૂર્યનો પ્રકાશ સૂચક વાસ્તવિકતા બતાવે છે. પદાર્થના આ રંગ-લક્ષણ અથવા સ્પેક્ટ્રમ સિગ્નલ્સ પૃથ્વી ઉપરથી પાછા ફરતા સૂર્યના વનસ્પતિ, પાણી, જમીન, બરફ, ખનીજ તત્ત્વને પોતપોતાના ભિન્ન ભિન્ન રંગ લક્ષણ આધારે ઓળખી શકાય છે. સૂર્યના પ્રકાશમાં વનસ્પતિનાં પાંદડાં લીલા રંગનાં દેખાય છે. પરંતુ સૂર્યના પ્રકાશની ક્લૉરોફિલ સાથેની પ્રક્રિયાને લીધે પાંદડાં દ્વારા થતા સૂર્યપ્રકાશનું પરિવર્તન પાર-રક્ત વિસ્તારમાં ઘણા વધારે પ્રમાણમાં થાય છે. વનસ્પતિની જુદી જુદી જાત માટે પાર-રક્ત પ્રકાશનું પરિવર્તન જુદું હોય છે. વળી, નાઇટ્રોજન અને ખનીજ તત્ત્વના અભાવની પરિસ્થિતિમાં તેમાં વનસ્પતિની રોગિષ્ઠ અવસ્થામાં પાર-રક્ત પરિવર્તનમાં ઘટાડો જોવા મળે છે. આ નિરીક્ષણ થી વનસ્પતિની વિવિધ જાત તેના વિકાસ અને આરોગ્ય વિશે પણ માહિતી મેળવી શકાય છે.

ઉપગ્રહથી પ્રાપ્ત થતી તસવીરો દ્વારા અભ્યાસ કરીને જળસંગ્રહ માટેના નાના ચેક ડેમો, પીવાના પાણી-સંગ્રહ માટેનાં તળાવો, ખેતીને અનુરૂપ જમીનના વિકાસ માટેની ભૂમિકા તૈયાર થઈ શકે છે. સતત દુષ્કાળની સમસ્યાવાળા જિલ્લાઓમાં સ્થાયી વિકાસના કાર્યક્રમો ઘડી કાઢવા અને જમીન-પાણીનો મેળ તપાસતા રહી જિલ્લાના પ્રાકૃતિક સ્રોતોને વધુ ઉપજાઉ કરવાના હેતુ સાકાર થાય છે. ઉપગ્રહોની તસવીરો પશુઓનાં સ્થળાંતર અને જમીન ઉપરના એકંદર સુકારાની સમગ્રલક્ષી વિગતો સત્યતાપૂર્ણ રીતે તપાસી શકે છે, એટલું જ નહી પણ દુષ્કાળજનક સ્થિતિ વચ્ચે ઘાસચારાના સ્થાનિક ઉગાવ કે પછી નહેરવિસ્તારમાંથી ઘાસનાં નિયંત્રણ માટે ઉપગ્રહ મદદકર્તા બને છે.

૧૫,૦૦૦ ચોરસ વર્ગ મીટરના સ્કેલમાં તસવીરો લેવામાં આવે છે. ત્યાર બાદ એકત્ર માહિતીઓને જરૂરિયાત મુજબ વિભાજિત કરીને સંબંધિત આયોજન માટે ઉપલબ્ધ કરવામાં આવે છે જમીનમાં રહેતા ક્ષાર અને ખનીજ તત્ત્વો તેમ જ જમીનના પેટાળમાં રહેલ પાણીનાં સંયોજન સમુદાયને અનુકૂળ રહેશે તે પણ જાણી ખેડૂતના પાકપસંદગીના નિર્ણયમાં મદદરૂપ થઈ થાય છે.

ટેનિસના કોર્ટ ઉપરની રમતનું નિયમન કરનાર રેફરી જેમ ઊંચા ટેબલ પર બેસી પોતાની બે આંખો-મસ્તિષ્ક વડે નિર્ણય લે છે તેમ પૃથ્વીથી ૧૦૦૦-૧૫૦૦ કિ.મી. દૂર સ્થાપિત થયેલા ઉપગ્રહના કેમેરાના લેન્સ પૃથ્વીની ભ્રમણ ગતિ અને તેના તાપમાનમાં થતાં પરિવર્તનોના લીધે ઉદભવતા ગરમ-ઠંડા પ્રવાહો અને હવાની ગતિ તથા ભેજના પ્રમાણને પણ આગોતરા સ્થિતિમાં નોંધી શકે છે. આથી પૃથ્વી ઉપરના વરસાદ, પવનની ગતિ, ગરમી અને વાવાઝોડા જેવાં પરિબળોની પણ માહિતી મળે છે, જે વિગતો સાથે ગામ અને શહેરની શૈક્ષણિક સ્થિતિ, પશુઓની સંખ્યા, વસ્તીનું પ્રમાણ, બેકારીની સ્થિતિ, આર્થિક સુવિધાનું સ્વરૂપ, વગેરે માહિતીનું સંકલન સાધવામાં આવે તો વિકાસનાં કાર્યોમાં ગતિ અને સચોટતા આવે છે, પૈસાનો વ્યય અટકે છે.

ઉપગ્રહની તસવીરોની મદદથી કૃષિ ભૂમિ કેટલી ઉપજાવર રહેશે તો ઝડપથી નક્કી કરી શકાય છે. ઉપરાંત કાર્યવિસ્તારમાં જે વિકાસલક્ષી કામો હાથ પર લેવાનાં થાય છે તેમાં વૈજ્ઞાનિક અભિગમ દાખવી પૈસાના રોકાણના વાજબીપણાને નફા નુકશાનમાં માપી શકાય છે.

ઈશારોના વૈજ્ઞાનિકોએ રાષ્ટ્રને માટેની શક્તિ અને નિર્ણયશક્તિને આભમાં સ્થાપી છે, પરંતુ હવે સમાજઘડતરની ખેવના રાખતા પ્રજાના પ્રતિનિધિઓએ આ માહિતીને પંચાયતની કચેરી સુધી પહોંચાડવાની છે. પરંપરા અને સંસ્કૃતિના ઓછાયામાં વિકસેલા આપણા દેશની રીતરસમોમાં વિવેક કે નમ્રતા દર્શાવવા આપણે રાષ્ટ્રીય પુરુષો કે મહાત્માઓની તસવીરોને આપણી નજર સમક્ષ રાખીએ છીએ. પરંતુ આ તસવીરોનાં બદલે રાજ્ય, જિલ્લા, તાલુકા કે ગામની ઉપગ્રહની નજરે દેખાતી તસવીર આપણી પંચાયતો કે કચેરીની ભીંતો ઉપર દેખાતી થશે ત્યારે વિકાસ વધુ અને સશક્ત બનશે. પૈસાનું વળતર ઉપજ આપનાર હશે અને વિજ્ઞાન ઘર ઘર સુધી પહોંચનાર બનશે.

# વિશ્વનું પવિત્ર અને અમોઘ ઔષધ : ધરો-દુર્વા



**વિશેષ**

ઉપવાસ અને તપવ્રતને નજર સામે રાખીને શ્રાવણના પર્વોમાં નાગપંચમી, શીતળા સાતમ, જન્માષ્ટમી જેવા વ્રતોની રચના કરવામાં આવી છે. શ્રીવણ માસમાં દુર્વા-(ધ્રો)નું અતિશય મહત્ત્વ આપવામાં આવ્યું છે અને આ માસના પર્વોમાં દુર્વા અને ગણપતિનું પૂજન કરવાનો નિર્દેશ થયેલ છે. કેટલાંક જાણકારો ધ્રો (ધરો) અને દુર્વા બંને અલગ વનસ્પતિ છે એવું જણાવે છે.

ધ્રોની શક્તિ બતાવવા માટે પુરાણોમાં કેટલીક કથાઓ પણ છે. કુબેરનું ધન અને ભંડાર આ ધ્રો સામે ઓછો પડે છે. ભોજન લીધા બાદ જે તૃપ્તિ થતી નથી તે દુર્વાના રસથી જ થાય છે. આવી આ મહત્ત્વપૂર્ણ વનસ્પતિની પુરાણો ઉપરાંત આયુર્વેદશાસ્ત્રો પણ ભારોભાર પ્રશંસા કરી છે.

દુર્વા એ ચોમાસાનું સાહજિક ખડ છે અને તે પુષ્કળ પ્રમાણમાં મળી રહે છે. તે પ્રજાના આરોગ્ય સંરક્ષણ અને પોષણ માટે પણ ઉપયોગી છે. ઔષધીય દ્રષ્ટિએ વિચાર કરતાં વર્ષાના મંડાણ પછી જેમ વાતાવરણમાં શીતળતા આવે છે એવી જ રીતે મનુષ્યના દેહમાં પણ શીતળતા વ્યાપે છે.

શરીરમાં રહેલી સપ્તધાતુઓ, રક્ત માંસ, અસ્થિ, મજ્જા ગરમીથી ઉશ્કેરાયેલા પ્રવાહી સ્વરૂપમાં ગરમ હોય છે. ઉપરાંત સ્ત્રીઓને થતી વારંવાર કસુવાવડમાં રક્તપ્રદર અને રક્તવિકારના દર્દો ઉપરાંત બાળકને થતા રતવા અને બીજા ગરમીના દર્દોમાં દુર્વા ભારે ઉપયોગી વનસ્પતિ ઉપરાંત વ્રતોમાં પણ તેનું મહત્ત્વ સ્વીકારાયું છે.

દુર્વાને આપણે ધરો કહીએ છીએ આ ધરો જ્યાં પાણીનું વહેણ ચાલતું હોય અથવા જ્યાં પાણીનો ખાડો વિશેષ ભરાયેલ હોય ત્યાં જોવા મળે છે.

આ ઔષધ બારેમાસ મળતી હોવાથી આયુર્વેદમાં તેને અમરી નમ્રિયતે કહેવાય છે.

આ વનસ્પતિ દરેક ગામડે કૂવાની આસપાસ કે પાણી વહેતા ધોરિયામાં શહેરોમાં તેમની આસપાસ વગેરે જગ્યાએ મળે છે, ગરમ ઋતુમાં ધરો સુકાઈને સહેજ પીળાં પાન થઈ જાય છે, પરંતુ વરસાદ આવતા ફરીથી લીલાછમ બની જાય છે.

આ ધરો વેલની માફક જમીન પર ફેલાયેલા હોય છે તેના કાંડમાં ઘણી ગાંઠો થાય છે મૂળ નીકળીને જમીન પર ફેલાયેલા હોય છે. આનાં પાન ૧ થી ચાર ઈંચ લાંબા થાય છે તેનાં બીજ નાનાં નાનાં હોય છે.

આયુર્વેદના મતે ધરોની બે જાતો થાય છે. સફેદ અને ઘેરીલીલી.

સફેદ ધરોનો ઉપયોગ ઔષધ તરીકે થાય છે. ચિકિત્સામાં ધરોનો ઉપયોગ શીતળ હોવાથી બાળકોને વારંવાર ઝાડા થતાં હોય અને પેશાબની દાહને શાંત કરે છે. તૃષાને છીપાવે છે તે શરીરની જલનને મટાડે છે. બાળકને થતી ઊલટીમાં તેનો રસ આપવાથી ઊલટી બંધ થાય છે. ધરોમાં કડવો રસ હોવાથી પિત્તનો તેમ જ રક્તના વિકારો જેવા કે બાળકોને ખંડવાળ, ચકામી, શીળસમાં તેનો રસ ઉત્તમ પુરવાર થાય છે.

ધરો આયુર્વેદમાં જીવનીય એટલે કે જીવશક્તિને વધારીને શરીરમાં સ્ફૂર્તિ અને માનસિક શાંતિ પણ આપે છે.

નાના બાળક તેમજ વ્યક્તિઓને આંખ દુખતી હોય ત્યારે ધરોના પાનનો કલ્ક બનાવીને આંખ પર બાંધવાથી તરત ફાયદો થાય છે. ગાય-ભેંસ વગેરે પશુઓ ધરોનો ખોરાક તરીકે બીજા ઘાસ કરતાં વધારે ઉપયોગ કરે છે.

ધરોમાં મધુર રસ હોવાના કારણે મૃદુ મીઠી અને પૌષ્ટિક છે. તેથી તે તેમના દૂધમાં વધારો કરે છે. માટે જ પશુઓમાં વંધ્યત્વનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

જો આ પ્રયોગમાં સ્ત્રીઓના વંધ્યત્વના રોગમાં મોંઘી ઔષધી ન વાપરતાં કોઈપણ પરેજી રાખ્યા વિના દુર્વાનો પ્રયોગ કરવાથી વંધ્યત્વ દૂર થાય છે.

બાળકના જન્મ પછી પોષણના અભાવે થતા રોગમાં આયુર્વેદમાં ધરોને મેધ્ય કહેલ છે. ત્યારે ધાવણા બાળકનીમાતાને ધરોનો રસ આપવાથી બાળકના માનસિક-શારીરિક રીતે ફેરફાર થાય છે. તે શરીરને બળ આપે છે.

આયુર્વેદ મતે બાળક વારંવાર રડતું હોય, દૂધ પીતું ન હોય ત્યારે દુર્વા-ધરોનો રસ આપવાથી તે ગ્રહબાધા શાંત કરે છે. વારંવાર સ્ત્રીઓને થતી કસુવાવડમાં લીલી દુર્વાને વાટીને લુગદી બનાવી તેનો રસ હંમેશા ૫ થી ૧૦ તોલા આપવાથી તમામ તકલીફો દૂર થાય છે. માટે બહેનોએ આ પ્રયોગ અવશ્ય કરવો એથી આયુર્વેદશાસ્ત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે વેદકાલન યુગમાં તેને ગર્ભસ્થાન કરનારી વનસ્પતિનું પ્રયોજન અપાયું છે.

માટે જ આચાર્ય ચરકે એને પ્રજાનું સ્થાપન કરનારી પ્રજાનું રક્ષણ કરનારી અને પોષણ આપનારી વનસ્પતિ ગણી છે. વૈદ્યરાજ સ્વ-અમૃતલાલ પટણીએ પોતાના સમયમાં કેવળ દુર્વાના રસથી ઘણા બાળકોને જીવાડી આપ્યાનો દાખલો જોવા મળે છે. તેમના મતે સુવાવડમાં માતાએ આયુર્વેદ વૈદ્યની સલાહ મુજબ બાળક જન્મયા પછી ધરોનો રસ પીવડાવવાનું શરૂ કરવું જોઈએ જેનાથી બાળકના ત્રણેય દોષો પ્રાકૃત અવસ્થામાં રહીને શરીરને બળ આપે છે.

દુર્વા પવિત્ર ઔષધ છે તેમ જ વિઘ્નહર્તા પણ નથી માટે દેવ ગણપતિને પણ ધરાવવામાં આવે છે.

અષાઢ અને શ્રાવણ-ભાદરવો એ બધી વર્ષાઋતુના મહિના છે. વર્ષા જેમ માનવીના દેહને પોષણ આપે છે તેવી જ રીતે માનવીને ઉપયોગી એવી વનસ્પતિઓમાં ધરો-દુર્વા માનવજીવનને પોષણ આપી રસપૂર્ણ બનાવી દેવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

# નિઠારી કાંડનાં કલંકિત સાક્ષી સુરેન્દ્ર કોલીની અંતિમ કહાણી

**આસપાસ ચોપાસ**

**સુરેશ ભટ્ટ**

**તેર કેસમાં નિર્દોષ છૂટેલો માણસ છતાં સમાજની આજીવન કેદમાંથી મુક્ત થઈ શક્યો નહોતો. આ દર્શાવે છે કે માત્ર કોર્ટનો ચુકાદો માણસને નિર્દોષ બનાવી શકતો નથી. સમાજની માનસિકતા, લોકોની નજર અને સૌથી મહત્ત્વનું તેનું પોતાનું અંતરાત્મા તેને ક્યારેય મુક્ત થવા દેતો નથી.**

દરેક ગુનેગારને એક દિવસ પોતાના કર્મોનો હિસાબ આપવો પડે છે. ક્યારેક આ હિસાબ કોર્ટના ચુકાદા દ્વારા થાય છે, તો ક્યારેક અંતરાત્માની અદાલત દ્વારા. માણસ ભલે કાનૂનની પકડમાંથી બચી જાય, પણ પોતાના મનની પકડમાંથી કદી બચી શકતો નથી. અંતરાત્મા એ એવો ન્યાયાધીશ છે, જે દયા કે લાંચ સ્વીકારતો નથી. તે દરેક ખોટા કામનો હિસાબ માગે જ છે. જે વ્યક્તિ પોતાના ગુનાના ભાર નીચે દબાયેલી રહે છે, તેને જીવનમાં ક્યાંય શાંતિ મળતી નથી. ધીરે ધીરે તેને જીવવાની ઈચ્છા જ મરી જાય છે. પછી તે પોતે જ પોતાનો અંત લાવી લે છે. સુરેન્દ્ર કોલીની કહાણી આ કડવી સચ્ચાઈને ઉજાગર કરે છે. નિઠારી કાંડે સમગ્ર દેશને હચમચાવી નાખ્યો હતો. તે કેસમાં આરોપી રહેલો સુરેન્દ્ર કોલી છેવટે પોતાની ચાની દુકાનમાં ફાંસીએ લટકીને મૃત્યુ પામ્યો. આ ઘટના સાબિત કરે છે કે અંતરાત્માની સજા સૌથી ભારે સજા છે.

વર્ષ ૨૦૦૬માં નિઠારી કાંડ પ્રકાશમાં આવ્યો હતો. તે કેસે આખા દેશમાં ભારે ચર્ચા જગાવી હતી. આ કેસમાં સુરેન્દ્ર કોલીનું નામ પણ સામેલ થયું હતું. તેને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. તેર કેસમાં તે નિર્દોષ સાબિત થયો હતો. છતાં તેને લગભગ બે દાયકા જેલમાં પસાર કરવા પડ્યા હતા. સીબીઆઈની લાંબી તપાસ, કોર્ટની અનેક સુનાવણીઓ અને ફાંસીનો ડર તેને સતત પરેશાન કરતો રહ્યો હતો. આખરે સુપ્રીમ કોર્ટે તેને દોષમુક્ત કર્યો હતો. તેને કાનૂની આઝાદી મળી ગઈ હતી. પરંતુ નિઠારીનું કલંક તેની પાછળ પડ્યું રહ્યું હતું. સમાજે તેને આજીવન કેદમાં જ રાખ્યો હતો. લોકોની નજરમાં તે હજુ પણ આરોપી જ હતો.

જેલમાંથી બહાર આવ્યા પછી કોલી માટે નવું જીવન ઊભું કરવું સહેલું ન હતું. તે મૂળ ઉત્તરાખંડના અલ્મોડા જિલ્લાનો રહેવાસી હતો. પોતાનું જીવન ફરી ઊભું કરવા માટે તેણે હરિદ્વારમાં આશ્રય લીધો હતો. આ જ મહિને તેણે ત્યાં એક નાની ચાની દુકાન શરૂ કરી હતી. થોડી આવક અને શાંત જીવન એવી તેની સાદી ઈચ્છા હતી. પણ ભૂતકાળ તેને શાંતિથી જીવવા દેતું ન હતું. જેણે વર્ષો જેલમાં કાઢ્યા હોય અને જેને ફાંસીની સજા સાંભળી હોય, તેના મન પર ઊંડી છાપ પડે છે. સમાજમાં ફરતી શંકાની નજર તેને ક્યાંય સુખ લેવા દેતી નથી. તેનું અંતરાત્મા તેને દરરોજ જાણે પ્રશ્નો પૂછતું હતું. આ કારણે તેના મનમાં જીવન પ્રત્યે નફરત વધતી ગઈ હતી. છેવટે શુક્રવારે તેનો મૃતદેહ તેની ચાની દુકાનમાંથી મળી આવ્યો હતો. તેના ગળામાં ફાંસો હતો અને દોરડાનો બીજો છેડો પંખા સાથે બંધાયેલો હતો. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પરંતુ ઘટના એ વાત સ્પષ્ટ કરે છે કે તેણે જાતે જ ફાંસી લગાવી લીધી હતી.

સુરેન્દ્ર કોલીની આ કરુણ અંતિમ ઘટના સમાજ માટે એક મોટો પાઠ છે. તેર કેસમાં નિર્દોષ છૂટેલો માણસ છતાં સમાજની આજીવન કેદમાંથી મુક્ત થઈ શક્યો નહોતો. આ દર્શાવે છે કે માત્ર કોર્ટનો ચુકાદો માણસને નિર્દોષ બનાવી શકતો નથી. સમાજની માનસિકતા, લોકોની નજર અને સૌથી મહત્ત્વનું તેનું પોતાનું અંતરાત્મા તેને ક્યારેય મુક્ત થવા દેતું નથી. જે માણસ પર એક વાર શંકાની છાયા પડે, તે આખી જિંદગી તે છાયા સાથે જ જીવે છે. તેને નોકરી મળતી નથી, સંબંધીઓ દૂર થઈ જાય છે અને પડોશી શંકાથી જુએ છે. આવા વાતાવરણમાં માણસ ધીરે ધીરે તૂટી જાય છે. તેની અંદરની શાંતિ મરી જાય છે. પછી તેને પોતાના જીવનનો કોઈ અર્થ દેખાતો નથી. આ જ સ્થિતિમાં તે આત્મહત્યા જેવું પગલું ભરે છે. આને જ કુદરતી ન્યાય કહેવાય. કુદરત પોતે જ એવી વ્યવસ્થા કરે છે કે ગુનેગાર ભલે કાનૂનથી બચી જાય, પણ અંતરાત્માની અદાલતમાં તેને સજા મળે જ છે. અંતરાત્મા એ સૌથી કઠોર ન્યાયાધીશ છે. તે કોઈને છોડતું નથી. જે માણસ પોતાના મનને છેતરી શકતો નથી, તે દિવસ-રાત પોતાના ગુનાના ભાર નીચે દબાયેલો રહે છે. છેવટે તે પોતે જ પોતાને સજા કરી લે છે.આ ઘટના એ પણ યાદ કરાવે છે કે આપણે સમાજ તરીકે કેટલા કઠોર બની ગયા છીએ. એક માણસ કોર્ટથી નિર્દોષ છૂટે તો પણ આપણે તેને સ્વીકારતા નથી. આપણે તેને નવી શરૂઆત કરવા દેતા નથી. આપણી શંકા અને તિરસ્કાર તેને જીવવા દેતા નથી. આવું વલણ સાચું નથી. કાનૂની પ્રક્રિયા પૂરી થાય પછી માણસને નવું જીવન જીવવાનો હક મળવો જોઈએ. પરંતુ આપણે તેને આ હક આપતા નથી. સુરેન્દ્ર કોલીની કહાણી આ સત્યની કરુણ ઝલક આપે છે. તેણે લગભગ બે દાયકા જેલમાં કાઢ્યા. સીબીઆઈ તપાસ અને ફાંસીનો ડર સહન કર્યો. કોર્ટે તેને નિર્દોષ જાહેર કર્યો. તેને કાનૂની આઝાદી મળી. પરંતુ સમાજે તેને આજીવન કેદમાં જ રાખ્યો. છેવટે તેની વાર્તા હરિદ્વારના એક અનામી રસ્તા પર ખતમ થઈ ગઈ. તેની ચાની દુકાનમાં જ તેનો મૃતદેહ મળ્યો. આ ઘટના આપણને વિચારવા મજબૂર કરે છે કે શું આપણે સાચા ન્યાય અને સાચી માનવતા વચ્ચેનો તફાવત સમજી શકીએ છીએ કે નહીં.

આખરે, સુરેન્દ્ર કોલીનો અંત એ વાત સિદ્ધ કરે છે કે અંતરાત્માની સજા સૌથી મોટી સજા છે. કાનૂનની કેદ પૂરી થાય છે, પણ અંતરાત્માની કેદ કદી પૂરી થતી નથી. જે માણસ પોતાના મન સાથે શાંતિથી જીવી શકતો નથી, તેના માટે આખી દુનિયા પણ ખાલી લાગે છે. આ જ કારણે તે જાતે જ મૃત્યુને



ભેટી લે છે. આ ઘટના આપણને શીખવે છે કે આપણે બીજાને નિર્દોષ માનવાની હિંમત કેળવવી જોઈએ. આપણે સમાજમાં કરુણા અને સ્વીકારની ભાવના વધારવી જોઈએ. નહીં તો સુરેન્દ્ર કોલી જેવા અનેક લોકો કાનૂનથી મુક્ત થઈને પણ સમાજની કેદમાં જ મરી જશે. કુદરતી ન્યાય એ ધીમો પણ નિશ્ચિત છે. તે દરેક ગુનેગારને તેના અંતરાત્મા દ્વારા સજા કરાવે જ છે. આ જ સૌથી મોટું સત્ય છે.

# મેડલ ભલે ન મળ્યો, ભારતમાં ટેકબૉલ રમતને પ્રચલિત કરવી છે : ક્વિન્સી ડિસોઝા

નાગોયા,

ભારતમાં ટેકબૉલ નામની રમત વિશે બહુ ઓછા લોકો જાણતા હશે, પરંતુ જાપાનમાં એશિયન ગેમ્સમાં આ રમતમાં જોરદાર હરીફાઈ થઈ રહી છે જેમાં ભારતની નૅશનલ ચૅમ્પિયન ક્વિન્સી ડિસોઝા બે બ્રૉન્ઝ મેડલ ગુમાવીને પણ એક રીતે ઘણું હાંસલ કર્યું હોવાનો સંતોષ માની રહી છે. તેણે કહ્યું છે કે 'હું બેમાંથી એકેય બ્રૉન્ઝ ન જીતી શક્યો એનો અફસોસ છે, પણ ટેકબૉલની રમત શું છે એ વિશે હું ભારતીયોને આ પર્ફોર્મન્સ મારફત વાકેફ કરવા માગતી હતી અને એ હું કરી શકી છું એની મને ખાતરી છે.'

ટેકબૉલની રમત ૨૦૧૪માં હંગેરીમાં શરૂ કરવામાં આવી હતી. આ રમતની મૅચ (સિંગલ્સ કે ટીમ કે મિક્સ્ડ ડબલ્સ) ખાસ બનાવવામાં આવેલા ટેબલ પર રમાય છે. ફૂટબૉલ અને ટેબલ ટેનિસને સંયુક્ત રીતે રજૂ કરતી આ અનોખી રમતને એશિયન ગેમ્સમાં આ વખતે ડેબ્યૂ મળ્યું છે. આ રમતમાં ખેલાડીએ ઉચ્ચ-સ્તરિય કૌશલ્ય (ટેક્નિક) સાથે રમવું પડે છે. આ રમતમાં બૉલ વપરાતો હોવાથી એને 'ટેકબૉલ' નામ અપાયું છે. આમાં ખેલાડી બૉલને કાબૂમાં લેવા તેમ જ નેટ પરથી પાછો મોકલવા માટે બન્ને હાથ સિવાય શરીરના કોઈ પણ ભાગનો ઉપયોગ કરી શકે છે. બૉલને રિટર્ન કરવા માટે ખેલાડી વધુમાં વધુ ત્રણ વખત બૉલને ટચ કરી શકે છે. જોકે તે સતત બે વખત શરીરના એના




એ જ ભાગનો ઉપયોગ ન કરી શકે. આ નૉ-કૉન્ટેક્ટ સ્પોર્ટ છે જેમાં ખેલાડી એકમેકને કે ટેબલને ટચ ન કરી શકે.ભારતની ૨૪ વર્ષીય ક્વિન્સી ડિસોઝા પોતાના ભંડોળથી અને પોતાની મેળે આ રમત રમતાં શીખી છે. તેણે ચાર વર્ષ સુધી આ રમતની ખૂબ પ્રૅક્ટિસ કરી અને એશિયન ગેમ્સમાં આ રમતને ડેબ્યૂ મળ્યું એટલે એમાં ઈન્ડિયન ઑલિમ્પિક અસોસિયેશન (આઇઓએ) મારફત આ રમતોત્સવમાં ઝુકાવી દીધું. તે રવિવારે આ રમતમાં ભારત માટે નવો ઈતિહાસ રચવાની તૈયારીમાં જ હતી. જોકે મહિલાઓની સિંગલ્સમાં હારી ગયા બાદ પાંચ જ મિનિટ પછી તે મિક્સ્ડ-ડબલ્સમાં મોહમ્મદ અનસ સાથે રમી હતી. સિંગલ્સમાં ક્વિન્સીનો જાપાનની વર્લ્ડ નંબર-સેવન ખેલાડી યુઇના સાકામોતો સામે ૧૧-૧૨, ૧૧-૧૨થી હારી ગઈ હતી. પછીથી અનસ અને ક્વિન્સીની જોડીનો વિયેટનામના હોઆન્ગ મિન્હ-જિઆ ટ્રિન સામે ૯-૧૨, ૬-૧૨થી પરાજય થયો હતો.ક્વિન્સી ડિસોઝાએ બન્ને બ્રૉન્ઝ ચૂકી ગયા પછી પત્રકારોને કહ્યું, 'ટેકબૉલની રમત શું છે એ ભારતમાં કોઈ જાણતું નહોતું ત્યારે મેં એની તાલીમ લેવાની શરૂઆત કરી હતી.

# ભારતની મેન્સ હોકી ટીમનો ઈન્ડોનેશિયા સામે ૧૩-૧ થી વિજય : કાલે શ્રીલંકા સામે મુકાબલો

કાકામીગાહારા (જાપાન),

ભારતની મેન્સ હૉકી ટીમે અહીં રવિવારે એશિયન ગેમ્સમાં ઈન્ડોનેશિયાની ટીમને ૧૩-૧થી પરાજિત કરીને પૂલ-એમાં ધમાકેદાર આરંભ કર્યો છે. દિલપ્રીત સિંહ નામના સ્ટ્રાઇકરે ચાર ગોલ કરીને સૌના દિલ જીતી લીધા હતા. તેની ખાસિયત એ હતી કે તેનો એકેય ગોલ કૉર્નરમાં નહોતો મળ્યો, પરંતુ ચારેય ગોલ ફીલ્ડ ગોલ હતા.

દિલપ્રીતએ ૧૮, ૧૯, ૩૭ અને ૩૯મી મિનિટમાં ગોલ કર્યા હતા. શિલાનંદ લાકરાએ બે ગોલ છઠ્ઠી તથા ૩૫મી મિનિટમાં અને સુખજિત સિંહે બે ગોલ ૩૮મી અને ૪૮મી મિનિટમાં કર્યા હતા. અન્ય ગોલકર્તાઓમાં અભિષેક, રાજિન્દર, મનદીપ સિંહ, કેપ્ટન




હરમનપ્રીત સિંહ અને જુગરાજ સિંહનો સમાવેશ હતો.

ઈન્ડોનેશિયા વતી એકમાત્ર ગોલ ઑઉલિયા અલ આર્ધે ૩૩મી મિનિટમાં કર્યો હતો. જોકે એ સિવાય ઈન્ડોનેશિયાના ખેલાડીઓ ભારતનું મજબૂત ડિફેન્સ નહોતા તોડી શક્યા.ભારતીય મેન્સ ટીમનો મંગળવારે શ્રીલંકા સામે મુકાબલો છે. દિલપ્રીતે ઈન્ડોનેશિયા સામેની મૅચ પછી કહ્યું, 'અમે જબરદસ્ત ટીમ-વર્કથી રમ્યા. મેદાન પર અમે એકબીજાને બહુ સારી મદદ કરી રહ્યા છીએ. આ રમતોત્સવની તમામ ટીમો સક્ષમ છે એટલે અમે કોઈ પણ હરીફને હળવાશથી નહીં લઈએ.'

# ફિલ્મ મિર્ઝાપુર ધ મૂવીને દર્શકોએ આવકારી, ૩૦૦ કરોડની કરી કમાણી

મુંબઈ,

મિર્ઝાપુર ધ મૂવીને સિનેમાઘરોમાં રિલીઝ થયાને બે અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો છે. ફિલ્મની કમાણીના તાજા આંકડા સામે આવી રહ્યા છે. ફિલ્મનું કલેક્શન સારું ચાલી રહ્યું છે અને તેનો મોમેન્ટમ પણ જળવાઈ રહ્યો છે. સીરિઝની જેમ જ 'મિર્ઝાપુર ધ મૂવી'ને પણ દર્શકોનો પ્રેમ અને સપોર્ટ મળી રહ્યો છે. હવે ફિલ્મે ૧૬ દિવસમાં ૩૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. આ સાથે જ ફિલ્મે વર્ષ ૨૦૨૬ની સૌથી વધુ કમાણી કરનારી ટોપ-૧૦ ફિલ્મોની યાદીમાં પણ પોતાનું સ્થાન બનાવી લીધું છે. ફિલ્મ જે રીતે કમાણી કરી




રહી છે, તે જોતા સ્પષ્ટ છે કે તે બે અઠવાડિયા કે તેનાથી વધુ સમય સુધી સિનેમાઘરોમાં ટકી શકે છે. આ દરમિયાન 'મિર્ઝાપુર ધ મૂવી'એ પોતાનો મોમેન્ટમ જાળવી રાખ્યો છે અને વીકએન્ડ પર સરપ્રાઇઝ આપતી રહી છે. જો આવું જ ચાલુ રહ્યું તો ફિલ્મ ૪૦૦ કરોડ રૂપિયાનો આંકડો પણ પાર કરી શકે છે અને આવું કરનારી વર્ષ ૨૦૨૬ની ત્રીજી ફિલ્મ બની શકે છે.

મિર્ઝાપુર ધ મૂવી'ની વાત કરીએ તો ફિલ્મે રિલીઝના ૧૬મા દિવસે ૪.૫૦ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. ફિલ્મે વીકડેઝમાં પણ લગભગ આટલી જ કમાણી કરી હતી. જોકે, આ કમાણીના આધારે ફિલ્મને બહુ મોટો ઉછાળો મળ્યો હોવાનું કહી શકાય નહી. તેમ છતાં આ કલેક્શનના આધારે ફિલ્મે ૩૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે.

ફિલ્મનું ૧૬ દિવસનું નેટ કલેક્શન ૨૧૦.૭૦ કરોડ રૂપિયા થઈ ગયું છે. જ્યારે ફિલ્મનું ગ્રોસ કલેક્શન ૨૫૦.૯૪ કરોડ રૂપિયા રહ્યું છે. વિદેશમાં પણ ફિલ્મે ૫૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે અને તેનું ઓવરસીઝ કલેક્શન ૫૧.૨૫ કરોડ રૂપિયા થઈ ગયું છે.

# ક્રિકેટ બાદ હવે ટીવી શો, હોસ્ટ તરીકે રોહિત શર્મા નાના પડદે છવાઈ ગયો

મુંબઈ,

ભારતના પૂર્વ કેપ્ટન અને ક્રિકેટર રોહિત શર્માએ ટીવીની દુનિયામાં ડેબ્યુ કર્યું હતું. ક્રિકેટના મેદાન પર રોહિત શર્માને સૌએ અનેક વખત જોયો છે, પરંતુ તેનો આ મસ્તમૌલા અને રમૂજી અંદાજ બહુ ઓછા લોકોએ જોયો હશે. હવે દર્શકોને તેનો આનંદ ટીવી પર જોવા મળશે. તેના મોસ્ટ અવેટેડ ટીવી શો 'ફેમિલી ફુલ હાઉસ વિથ રોહિત શર્મા'નું પ્રીમિયર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન અને સોની લિવ પર રિલીઝ થઈ ચૂક્યું છે. આ ફેમિલી ગેમ શો એન્ટરટેઈનમેન્ટ પ્રોગ્રામના હોસ્ટ તરીકે રોહિત શર્માનો આ પ્રથમ મોટો શો છે. તેમાં ક્રિકેટરે નાના



પડદા પર પોતાનો મજાકિયા અંદાજ અને બેફિકર વ્યક્તિત્વ દર્શાવ્યું હતું.

શો ના પ્રથમ એપિસોડમાં ક્રિકેટ અને મનોરંજન જગતના અનેક જાણીતા ચહેરાઓ જોવા મળ્યા હતા. તેમાં શ્રેયસ અય્યર, શાર્દુલ ઠાકુર, અભિષેક નાયર અને અભિનેતા કુણાલ ખેમુનો સમાવેશ થાય છે. રોહિત શર્મા અને મહેમાનો વચ્ચેની વાતચીત એપિસોડનું ખાસ આકર્ષણ રહી હતી. તેમાં ક્રિકેટ સાથે જોડાયેલી વાતો, હસી-મજાક અને પરિવાર સાથે માણી શકાય તેવું મનોરંજન જોવા મળ્યું હતું.

પ્રીમિયરે દર્શકોને ક્રિકેટના મેદાનથી અલગ રોહિત શર્માની નવી છબી જોવા મળી હતી. તે મહેમાનો સાથે વાતચીત કરતા તેમજ શોના ગેમ્સ અને ચર્ચાઓમાં ભાગ લેતા જોવા મળ્યો હતો. તેનો મજાકિયા અંદાજ અને મસ્તીભરી વાતચીત સોશિયલ મીડિયા પર પણ ચર્ચાનો વિષય બની હતી. એપિસોડ બાદ સોશિયલ મીડિયા યુઝર્સે શોના ક્લિપ્સ અને પોતાના રિવ્યૂ શેર કર્યા હતા.એપિસોડના ટેલિકાસ્ટ બાદ સોશિયલ મીડિયા પર રોહિત શર્માના ચાહકો અને ટીવી દર્શકોની પ્રતિક્રિયાઓ જોવા મળી હતી. અનેક યુઝર્સે ક્રિકેટરની નેચરલ સ્ક્રીન પ્રેઝન્સ અને કોમિક ટાઈમિંગની પ્રશંસા કરી હતી. કેટલાક દર્શકોએ ક્રિકેટના મેદાનથી અલગ રોહિતને નવા અવતારમાં જોવા મળવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. પ્રથમ એપિસોડમાં જ ટીવી હોસ્ટ તરીકે નવી ભૂમિકામાં રોહિત શર્માનો એકદમ અલગ અંદાજ દર્શકોને જોવા મળ્યો હતો.

ફેમિલી ફુલ હાઉસ વિથ રોહિત શર્મા' શો સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન અને સોની લિવ પર દર શનિવાર અને રવિવારે રાત્રે ૯:૩૦ વાગ્યે પ્રસારિત થાય છે.

# એશિયન ગેમ્સ : ટી૨૦ ટુર્નામેન્ટમાં બાંગ્લાદેશને હરાવી ભારતીય મહિલા ટીમનો ફાઈનલમાં પ્રવેશ




નાગોયા,

ભારતીય મહિલા ટીમે અહીં એશિયન ગેમ્સ ટી-૨૦ ટૂર્નામેન્ટની સેમિ ફાઇનલમાં બાંગ્લાદેશને ૧૧૪ રન તોતિંગ તફાવતથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ગોલ્ડ મેડલ ભારતીય ટીમના હાથવેંતમાં છે. શેફાલી વર્મા સેમિ ફાઇનલની સુપરસ્ટાર ખેલાડી હતી.બાંગ્લાદેશની ટીમ ૧૯૬ રનના લક્ષ્યાંક સામે માત્ર ૮૧ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ફાઇનલમાં ભારતનો મુકાબલો શ્રીલંકા સામે થશે.

ભારત વતી પેસ બોલર નંદની શર્માએ ત્રણ વિકેટ, સ્પિનર દીપ્તિ શર્માએ પણ ત્રણ વિકેટ તેમ જ બીજી સ્પિનર શ્રી ચરનીએ બે વિકેટ મેળવી હતી.

ભારતે બાંગ્લાદેશને જીતવા માટે ૧૯૬ રનનો લક્ષ્યાંક આપ્યો ત્યાર પછી બાંગ્લાદેશે નવ ઓવરમાં ફક્ત ૪૮ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. એ અગાઉ, ભારતની ઈનિંગ્સના છેલ્લા બૉલ પર શેફાલી વર્મા (૧૦૦ અણનમ, ૪૯ બૉલ નવ છગ્ગા, ત્રણ ચોગ્ગા)એ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ફોર્મેટમાં સેન્ચુરી પૂરી કરી હતી. બીજી ઓપનર સ્મૃતિ મંધાનાએ ૩૭ રન અને કેપ્ટન હરમનપ્રીત કૌરે ૪૦ રન બનાવ્યા હતા.

# ૧૭ વર્ષ પહેલા રિલીઝ થયેલી સલમાન ખાનની ફિલ્મ વોન્ટેડ ભારતીય સિનેમા માટે સીમાચીન્હ રૂપ બની હતી

મુંબઈ,

ફિલ્મ 'વોન્ટેડ'ને બોક્સ ઓફિસ પર દર્શકોનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. ફિલ્મની રિલીઝને ૧૭ વર્ષ પૂર્ણ થયા છે. આ ખાસ અવસર પર ફિલ્મના નિર્માતા બોની કપૂરે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને ફિલ્મની યાદોને તાજી કરી હતી.

બોની કપૂરે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, '૧૭ વર્ષ પહેલાં ભારતે એક એવી ફિલ્મ જોઈ હતી, જેણે સિનેમાની દુનિયામાં એક નવો બદલાવ લાવ્યો અને ભારતીય સિનેમાના ઈતિહાસમાં એક સીમાચિહ્ન સ્થાપિત કર્યું,'વોન્ટેડ'. તેમણે આગળ લખ્યું કે, '૨૦૦૯માં




રિલીઝ થયેલી 'વોન્ટેડ'માં સલમાન ખાનના દમદાર અભિનય, પ્રભુ દેવના બ્લોકબસ્ટર દિગ્દર્શન, આયેશા ટાકિયાની સુંદરતા અને જબરદસ્ત કમર્શિયલ મનોરંજનનું એવું સંગમ જોવા મળ્યું, જેણે દેશભરના દર્શકો સાથે ઊંડો જોડાણ બનાવ્યો.'

બોની કપૂરે ફિલ્મમાં સલમાન ખાનના રાધેના પાત્રની પણ પ્રશંસા કરી. તેમણે લખ્યું, 'વોન્ટેડ' એક ઐતિહાસિક ફિલ્મ બની ગઈ. તેના શાનદાર એક્શન, યાદગાર ડાયલોગ્સ, સંગીત અને સલમાન ખાન દ્વારા રાધેના પાત્રની યાદગાર રજૂઆતે એવો સાંસ્કૃતિક પ્રભાવ પાડ્યો, જેને દર્શકો આજે પણ યાદ કરે છે.' તેમણે વધુમાં કહ્યું કે આ ફિલ્મ માત્ર એક એક્શન એન્ટરટેનર નહોતી, પરંતુ તેણે આધુનિક હિન્દી માસ-એક્શન સિનેમાના વિકાસમાં એક મહત્વપૂર્ણ વળાંક લાવવાનું કામ કર્યું હતું.

બોની કપૂરે પોતાની પોસ્ટના અંતમાં લખ્યું, 'રાધેના ૧૭ વર્ષ. યાદગાર સંવાદોના ૧૭ વર્ષ. તાળીઓના ગડગડાટથી ભરપૂર એક્શનના ૧૭ વર્ષ. 'વોન્ટેડ'ના ૧૭ વર્ષ. આવો, ભારતીય સિનેમા માટે સીમાચિહ્ન સાબિત થયેલી આ ફિલ્મની લેગસીની ઉજવણી કરીએ.'

'વોન્ટેડ' ફિલ્મ ૧૮ સપ્ટેમ્બર, ૨૦૦૯ના રોજ રિલીઝ થઈ હતી. ફિલ્મનું દિગ્દર્શન પ્રભુ દેવાએ કર્યું હતું. ફિલ્મમાં સલમાન ખાન, પ્રકાશ રાજ, આયેશા ટાકિયા, વિનોદ ખન્ના અને મહેશ માંજરેકર સહિતના કલાકારોએ મહત્વની ભૂમિકાઓ ભજવી હતી. બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો ફિલ્મે ભારતમાં આશરે ૬૦.૬૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું, જ્યારે ફિલ્મનું કુલ કલેક્શન આશરે ૮૭.૪૪ કરોડ રૂપિયા રહ્યું હતું.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ળ | ર | ભો | એ | ગ | અ: | મા | ગુ | ણે | બં | ન | શ |
| ઇ | શિ | ત | સા | ક | ઝ | કા | મ | જ્ઞા | ન | બા | દ |
| બૂ | ઈ | ર | બ | ક્ષ | જ | લ | ના | મ | કા | ગં | બં |
| મ | ક | કા | રા | ર | ઓ | લ | મ | મા | ડી | ધ | બા |
| બા | ગુ | મા | કા | ભા | વિ | ચી | કા | ગ | ગ | જી | બા |
| ળ | ભો | લા | ધ | દ | સ | ર | મા | અ | ફ | અં | તા |
| ડ | લા | લ | મ | રા | અ | આ | ક્ષ | ણ | આ | પ | દા |
| મ | મ | વિ | ઐ | શિ | ર | ત | ડ | ત | સ | ન | આ |
| ચ | ચ | રી | ક | ઇ | ણા | મ | સ | મા | મા | પ્રા | ર |
| ગુ | ક | મ | ર | ક | રો | કો | ર | ગી | ક્ષ | ગ | બ |
| કા | મા | ચા | ચી | કા | દ | ર | રા | જી | દ | અ: | ધ |
| જ્ઞા | કા | ન | ર | સ | ઉ | ભ | સ | જી | ળ | બૂ | રા |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# ટીવીથી બોલિવૂડ સુધી તારાની સફર : અનેક ફિલ્મોમાંથી રિપ્લેસ થયા બાદ 'અપૂર્વા'થી મળી એક નવી ઓળખ

મુંબઈ,

બોલિવૂડમાં પોતાની ઓળખ બનાવવાનું સપનું જોનારા દરેક કલાકારની સફર સરળ હોતી નથી. કેટલાક કલાકારોને ફિલ્મી પરિવારનો સહારો મળે છે, જ્યારે કેટલાક કલાકારો પોતાની મહેનત અને પ્રતિભાના આધારે ધીમે-ધીમે ઈન્ડસ્ટ્રીમાં સ્થાન બનાવે છે. અભિનેત્રી તારા સુતારિયાની સફર પણ સંઘર્ષ, અનુભવ અને સતત આગળ વધવાની કહાની છે.

તારાએ બાળપણથી જ સંગીત અને પરફૉર્મિંગ આર્ટ્સમાં રસ લીધો હતો. લગભગ ૧૫ વર્ષની ઉંમરથી તે સ્ટેજ પર પરફોર્મ કરતી હતી. સિંગિંગની સાથે ડાન્સ અને એક્ટિંગમાં પણ તેની રુચિ હતી. ફિલ્મોમાં આવતાં પહેલાં તેણે ટેલિવિઝન પર કામ કર્યું અને ત્યાર બાદ ૨૦૧૯માં કરણ જોહરની ફિલ્મ 'સ્ટુડન્ટ ઑફ ધ યર ૨'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું.

ફિલ્મોમાં આવતાં પહેલાં તારા ડિઝની ચેનલના 'ધ સૂટ લાઇફ ઑફ કરણ એન્ડ કબીર' અને 'ઓએ જસ્સી' જેવા શોમાં જોવા મળી હતી. તે 'બિગ બડા બૂમ'માં સિંગર અને પરફોર્મર તરીકે પણ જોડાઈ હતી. ૨૦૧૪માં તે 'એન્ટરટેઇનમેન્ટ કે લિએ કુછ ભી કરેગા'માં સિંગર અને પરફોર્મર તરીકે જોવા મળી હતી.

તારાએ મ્યુઝિકલ થિયેટરમાં પણ કામ કર્યું છે. સ્ટેજ પર મળેલા અનુભવે તેને કેમેરા સામે અભિનય કરવાની સાથે દર્શકો સામે આત્મવિશ્વાસપૂર્વક રજૂ થવામાં મદદ કરી.

૨૦૧૯માં તારા સુતારિયાએ પુનીત મલ્હોત્રાની 'સ્ટુડન્ટ ઑફ ધ યર ૨'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું. ફિલ્મમાં ટાઇગર શ્રોફ અને અનન્યા પાંડે પણ મુખ્ય ભૂમિકામાં હતાં. તારાએ મિયા ચાવલાનું પાત્ર ભજવ્યું હતું.

ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળ્યો, પરંતુ તારાને મોટા પડદા પર પોતાની ઓળખ બનાવવાની તક મળી. ડેબ્યૂ બાદ તેને અન્ય ફિલ્મોની ઑફર પણ મળવા લાગી.

'સ્ટુડન્ટ ઑફ ધ યર ૨' બાદ તારા 'મરજાવાં'માં જોવા મળી. ફિલ્મમાં તેણે ઝોયાનું પાત્ર ભજવ્યું હતું. આ પાત્ર બોલી કે સાંભળી શકતું નહોતું, તેથી તારાએ હાવભાવ અને સાંકેતિક ભાષા દ્વારા અભિનય કરવો પડ્યો હતો.

આ ભૂમિકા માટે તેણે સાંકેતિક ભાષા શીખી હતી. આ ફિલ્મ દ્વારા તારાએ પોતાના અભિનયની અલગ બાજુ દર્શાવવાનો પ્રયાસ કર્યો.

બોલિવૂડમાં શરૂઆતની સફર દરમિયાન તારાને કેટલીક ફિલ્મોમાંથી રિપ્લેસ થવાનો અનુભવ પણ થયો. એક ઈન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું હતું કે કેટલાક પ્રોજેક્ટ્સનો હિસ્સો બનવાની આશા રાખ્યા બાદ તેને પોતાની જગ્યાએ બીજા કલાકારોને જોવાનો અનુભવ થયો હતો.

આવા અનુભવો કોઈપણ નવા કલાકાર માટે પડકારજનક બની શકે છે. જોકે, તારાએ પોતાની



કારકિર્દીને આગળ વધારવાનું ચાલુ રાખ્યું.૨૦૨૧માં તારા 'તડપ'માં અહાન શેટ્ટી સાથે જોવા મળી હતી. ત્યારબાદ ૨૦૨૨માં 'હીરોપંતી ૨'માં તેણે ટાઇગર શ્રોફ અને નવાઝુદ્દીન સિદ્દીકી સાથે કામ કર્યું. આ ફિલ્મમાં તેણે ઈનાયા સરનનું પાત્ર ભજવ્યું હતું.

આ જ વર્ષે તે 'એક વિલન રિટર્ન્સ'માં પણ જોવા મળી હતી. અલગ-અલગ પ્રકારની ફિલ્મોમાં કામ કરીને તારા પોતાની કારકિર્દીમાં વિવિધ પાત્રોનો અનુભવ મેળવી રહી હતી.

# પડતર માંગણીઓના પ્રશ્ને જામનગરમાં લેન્ડ રેકર્ડ વિભાગના કર્મચારીઓએ હડતાલનું હથિયાર ઉગામ્યું

## આવેદન પાઠવ્યા બાદ માગણી નહીં સંતોષાતા અચોક્કસ મુદ્દત સુધી કર્મચારીઓ હડતાળ પર ઉતરી જતાં સરકારી કચેરીઓની કામગીરી પર અસર


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : પડતર માંગણીઓને લઈ જામનગર સહિત રાજ્યભરના ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડઝ વર્ગ-૩ કર્મચારીઓમા રોષ જોવા મળી રહ્યો છે. અગાઉ તા. ૧૧/૮/૨૦૨૬ ના રોજ આવેદન આપવામાં આવ્યા બાદ પડતર પ્રશ્નોનું ૩૦ની અંદર હકારાત્મક નિરાકરણની માંગ કરાઇ છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવતા પેન ડાઉન, માસ સીએલ સહિતના વિરોધ બાદ આજે તા.૨૧ સપ્ટેમ્બરથી જામનગર સહિત રાજ્યના તમામ કર્મચારીઓ દ્વારા અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરાઈ છે.

મહત્વનું છે કે કર્મચારીઓ સિનીયર સરવેયર સંવર્ગનું પગાર ધોરણ રૂ.૨૯૨૦૦-૯૨૩૦૦, પે મેટ્રીક્ષ લેવલ-૫ (ગ્રેડ પે-૨૮૦૦) માંથી પગાર ધોરણ : ૩૯૯૦૦-૧,૨૬,૬૦૦, પે મેટ્રીક્ષ લેવલ-૭ (ગ્રેડ પે ૪૪૦૦) માં કરવ અને સરવેયર સંવર્ગનું પગાર ધોરણ રૂ. ૨૫૫૦૦-૮૧,૧૦૦, પે મેટ્રીશ લેવલ-૪ (ગ્રેડ પે ૨૪૦૦) માંથી ૨૯૨૦૦-૧૨૩૦૦, પે મેટ્રીશ લેવલ-૫ (ગ્રેડ પે-૨૮૦૦ ) માં કરવા સહિતની માંગને લઈ અડગ છે. જેના પગલે સરકારી કચેરીઓની કામગીરી પર અસર થવાની શક્યતા છે.

## જામનગર જિલ્લા રઘુવંશી કર્મચારી સંગઠન દ્વારા સરસ્વતી સન્માન સમારોહ

જામનગર : જામનગર જિલ્લા રઘુવંશી કર્મચારી સંગઠન દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરેલ છે.

જેમાં જામનગર જિલ્લાના સરકારી, અર્ધ સરકારી, લિસ્ટેડ કંપની, નગરપાલિકા, મહાનગર પાલિકા, બોર્ડ નિગમ, નાણાકીય અને ન્યાયપાલિકા તેમજ સંસ્થામાં સમાવેશ થયેલ રઘુવંશી કર્મચારી સંગઠનના સભ્યોના બાળકો માટે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન તારીખ ૨૭-૯-૨૦૨૬ના રવિવારના રોજ બપોરે ૪ વાગ્યે ઠકરાર વિંગ, લોહાણા મહાજન વાડી, પંચેશ્વર ટાવર પાસે, જામનગર ખાતે રાખવામાં આવેલ છે. તો તમામ સભ્યોએ પરિવાર સાથે સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ નીરજ મોદી, મંત્રી ધ્રૂપલ લુક્કા તથા પ્રોજેક્ટર ચેરમેન કૃપાબેન કાનાણીની સંયુક્ત યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ધ્રોલના ખારવા અને સોયલ ગામે તા.૨૫ સપ્ટેમ્બરે "સેવાસેતુ" કાર્યક્રમ યોજાશે

જામનગર : ધ્રોલ તાલુકા વહીવટી તંત્ર દ્વારા આગામી તા.૨૫ સપ્ટેમ્બરના રોજ "સેવાસેતુ કાર્યક્રમ"નું આયોજન ખારવા પ્રાથમિક શાળા ખાતે તેમજ સોયલ પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું છે. ખારવા ઉપરાંત હમાપર, ખીજડીયા, જાલીયા માનસર, પીપરટોડા, ખેંગારકા, મોટા ઈટાળા, ખારવા, સુમરા, રાજપર, બીજલકા ગામના લોકો તથા સોયલ પ્રાથમિક શાળા ખાતે યોજાનાર સેવાસેતુ કેમ્પમાં આજુબાજુના ગામો જેમાં વાંકિયા, સોયલ, નથુવડલા, મજોઠ, રોજીયા અને માવાપરના લોકો સેવા સેતુ કાર્યક્રમનો લાભ સવારે ૯ થી સાંજે ૫ દરમિયાન લઈ શકશે. ઉપરાંત અહી સબંધિત સરકારી કચેરીઓ દ્વારા અપાતી વિવિધ કલ્યાણકારી યોજનાઓની સચોટ માહિતી અને જરૂરી માર્ગદર્શન સ્થળ પર જ પૂરું પાડવામાં આવશે.

"સેવાસેતુ" કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારના નાગરિકોને ઘર આંગણે જ વહીવટી સેવાઓ અને વિવિધ સરકારી યોજનાઓનો લાભ આપવાનો છે. સેવાસેતુ કાર્યક્રમમાં સરકારના તમામ વિભાગો દ્વારા સ્થળ પર જ અરજીઓનો સ્વીકાર અને નિકાલ કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે આવક અને સીનીયર સીટીઝન પ્રમાણપત્ર લગતી કામગીરી, રેશનકાર્ડને લગતી અરજીઓ, આધારકાર્ડની અરજીઓ તેમજ વિધવા સહાય, વૃદ્ધ નિરાધાર સહાય યોજના હેઠળ લાભ મેળવવા માટેની અરજીઓ તથા નવા વીજળી જોડાણ માટેની અરજીઓ, માં અન્નપૂર્ણા યોજના, માં અમૃતમ યોજના, અને વાત્સલ્ય કાર્ડના લાભાર્થીઓની સ્થળ પર જ નોંધણી કરવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. માટે લોકોને સેવા સેતુ કાર્યક્રમનો લાભ લેવા ધ્રોલ મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં ભારતીય સ્ટેટ બેંક દ્વારા વિશ્રામવાડી ખાતે લેબર રૂમના સાધનોનું દાન



જામનગર : ભારતીય સ્ટેટ બેંક, જામનગર દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત વિશ્રામવાડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જામનગર ખાતે પ્રસૂતિ સેવાઓને વધુ સુદૃઢ બનાવવા માટે લેબર રૂમના જરૂરી સાધનોનું દાન કરવામાં આવ્યું હતું. આ સાધનોની કુલ કિંમત રૂ. ૨.૮૦ લાખ છે.

આ પ્રસંગે ભારતીય સ્ટેટ બેંક, ગાંધીનગર સર્કલ તરફથી બાલાજી સિંઘસામંતા, ચીફ જનરલ મેનેજર, અનિલ કુમાર, જનરલ મેનેજર, રાજેશ, ડેપ્યુટી જનરલ મેનેજર તથા વિરેન રાજા, આસિસ્ટન્ટ જનરલ મેનેજર, જામનગર ઉપસ્થિત રહ્યા હતા. જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી ડૉ. હરેશ ગોરી, મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ તથા કુણાલ સિલંકી, મેડિકલ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, CSR અંતર્ગત કરવામાં આવેલ આ પહેલથી સૌ પ્રથમ વખત કોઈ પીએચસી જે વિશ્રામવાડી ખાતે પ્રસૂતિ સેવાઓ માટે જરૂરી સુવિધાઓ વધુ સક્ષમ બનશે અને આસપાસના વિસ્તારની મહિલાઓને સ્થાનિક સ્તરે સારી અને સુલભ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવામાં મદદ મળશે.

# વડાપ્રધાનના જન્મદિને વાત્સલ્ય ધામ વૃદ્ધાશ્રમ ખાતે વડીલોને વસ્ત્ર પ્રસાદી વિતરણ કરાયું



જામનગર : ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત જામનગર તાલુકાના વાત્સલ્ય ધામ વૃદ્ધાશ્રમ ખાતે વડીલો માટે સ્નેહમિલન તથા સોમનાથ મંદિરની પવિત્ર વસ્ત્ર પ્રસાદી વિતરણ કાર્યક્રમનું ભાવસભર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન આપતાં વડાપ્રધાનના જન્મદિનની વિશેષતા તથા વડીલો પ્રત્યેની માનવતાવાદી લાગણી અને સન્માનની ભાવનાને ઉજાગર કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવોએ વાત્સલ્ય ધામના વડીલો સાથે આત્મીય સંવાદ સાધી તેમના જીવનના અનુભવો અને ભાવનાઓ વિશે જાણકારી મેળવી હતી. સાથે જ કાર્યક્રમ દરમિયાન સોમનાથ મંદિરના ભગવાન તથા માતાજીની પવિત્ર વસ્ત્ર પ્રસાદી મહાનુભાવોના હસ્તે વડીલોને અર્પણ કરવામાં આવી હતી. વડીલો પ્રત્યેનો આદર માત્ર એક પ્રસંગ પૂરતો સીમિત ન રહેતાં, સમાજમાં તેમની પ્રતિ સંવેદના, સન્માન અને આત્મીયતાનો સંદેશ વધુ મજબૂત બને તેવો ઉદ્દેશ્ય આ કાર્યક્રમ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતે મહાનુભાવોએ વાત્સલ્ય ધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ વડીલો માટે ચાલી રહેલી સેવાકીય કામગીરી અને પ્રવૃત્તિઓ અંગે સમીક્ષા કરી હતી. વડીલોના ચહેરા પરનું અનન્ય સ્મિત અને તેમના અમૂલ્ય આશીર્વાદ સાથે આ સમગ્ર પ્રસંગ સ્નેહ, સેવા અને સંસ્કારની યાદગાર ક્ષણ બની રહ્યો હતો.

આ પ્રસંગે આગેવાન હરપાલસિંહ ચુડાસમા, ગિરિરાજસિંહ જાડેજા, પ્રદીપસિંહ જાડેજા, જામનગર તાલુકા પંચાયતની સામાન્ય ન્યાય સમિતિના ચેરમેન પ્રવિણભાઈ ચૌહાણ, સરપંચ ઘનશ્યામસિંહ જાડેજા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, મહિલા અને બાળ અધિકારી તથા ઙ્ઉંઈઉ સ્ટાફની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# સલાયામાં ન.પા.ના ચીફ ઓફિસરની નિમણૂક



સલાયા : પત્રકાર આનંદ લાલ અને સલાયા શહેર ભાજપ મહામંત્રી સુમિતલાલએ મુલાકાત કરી સલાયાના વિકાસ કાર્યો અને પ્રજાલક્ષી પ્રશ્નો બાબતે ચર્ચા કરી સલાયા નગરપાલિકાને નવા ચીફ ઓફિસર મળ્યા છે. દ્વારકા જિલ્લા કલેક્ટર કચેરીના નાયબ મામલતદાર વિજયકુમાર ગોવિંદભાઈ સોલંકીની સલાયા નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

લાંબા સમયથી સલાયા નગરપાલિકામાં ચીફ ઓફિસરની જગ્યા ખાલી હતી. આ જગ્યા પર ચેતન બી. ડુડિયા ઇનચાર્જ ચીફ ઓફિસર તરીકે સેવા આપતા હતા. ચીફ ઓફિસરની જગ્યા ખાલી હોવાથી પ્રજાલક્ષી કામોમાં વિલંબ થતો હતો. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર મુજબ, 'ક' અને 'ડ' વર્ગની નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની જગ્યા ખાલી હોય તો નાયબ મામલતદાર વર્ગ ૩ને લોન સેવા પર નિમણૂક કરવામાં આવે છે. આ નિયમ હેઠળ સોલંકીની નિમણૂક થઈ છે.

સલાયા નગરપાલિકામાં હાલ સફાઈ, ભૂગર્ભ ગટરના પ્રશ્નો અને ઘણા વિકાસ કાર્યો અટકેલા પડ્યા છે. નવા ચીફ ઓફિસરની નિમણૂક થતા હવે આ અટકેલા કામોને વેગ મળશે. સલાયાના લોકોને પ્રાથમિક સુવિધાઓમાં વધારો થવાની આશા છે. આ નિમણૂક બાદ વોર્ડ નંબર એકના જાગૃત નાગરિકોએ નવા ચીફ ઓફિસરની મુલાકાત લીધી હતી. તેમણે ગામના પ્રશ્નો અને તેના ઉકેલ બાબતે ચર્ચાઓ કરી હતી

## જામનગર જિલ્લામાં ડિજિટલ ક્રોપ સર્વે પૂર્ણ કરાવવા ખેડૂતોને અપીલ

જામનગર : ભારત સરકારે ડીજીટલ એગ્રીકલ્ચરના ભાગ રૂપે સમગ્ર રાજ્યમાં એગ્રી સ્ટેક ડિજિટલ ક્રોપ સર્વે પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૪-૨૫થી અમલમાં મુકેલ છે. જે અન્વયે ચાલુ ખરીફ–૨૦૨૬ સિઝનમાં જામનગર જિલ્લામાં જમીનના દરેક ખાતા નંબર તથા સર્વે નંબરમાં વાવેતર થયેલ તમામ પાકોના વાવેતર વિસ્તારની ચોક્કસાઈ પૂર્વક નોંધણી કરવા સરકાર દ્વારા વિકસાવવામાં આવેલ મોબાઈલ એપ્લીકેશન દ્વારા ૨ ફોટો સાથે ડીજીટલ ક્રોપ સર્વેની કામગીરી શરુ થઇ ગઈ છે.

હાલ જામનગર જિલ્લાના દરેક ગામોમાં સર્વેની કામગીરી પ્રગતિમાં છે તથા આગામી તા. ૩૦.૯ ના રોજ સર્વેની કામગીરી પૂર્ણ થશે. માટે જિલ્લાના તમામ ખેડૂતોએ ડીજીટલ ક્રોપ સર્વેની કામગીરી માટે ગામના સ્થાનિક ફઝઈ કે અન્ય સર્વેયર આપના સર્વે નંબર પર સર્વે કરવા માટે આવે ત્યારે જરૂરી સહકાર આપી પોતાના દરેક સર્વે નંબરોમાં સર્વે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. ફાર્મર રજીસ્ટ્રેશન પૂર્ણ કરાવેલ ખેડૂતો ડીજીટલ ક્રોપ સર્વે-ગુજરાત એપ્લીકેશન મારફત જાતે પણ પોતાના સર્વે નંબરો પર આ કામગીરી કરી શકે છે. આ વ્યવસ્થાનો મહત્તમ લાભ લેવા તથા સમયમર્યાદામાં ડીજીટલ ક્રોપ સર્વે પૂર્ણ કરવા જિલ્લાના તમામ ખેડૂતોને નાયબ ખેતી નિયામક, જામનગર દ્વારા અપીલ કરવામાં આવી છે.

### સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા

## જામનગરમાં સમસ્ત બ્રહ્મસમાજના ખેલૈયાઓ માટે રમઝટ નવરાત્રિનું આયોજન

જામનગર : માં નવદુર્ગાની આરાધના કરવા નું પર્વ એટલે નવરાત્રિ જામનગરમાં સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ આયોજીત રમઝટ નવરાત્રિ રાસોત્સવ ૨૦૨૬ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૧/૧૦ થી ૧૯/૧૦ એમ નવ દિવસ માટે ઈનામો ની વણઝાર સાથે ફકત બ્રહ્મસમાજના ખેલૈયાઓ માટે રાસ ગરબા નું આયોજન શ્રી દયાશંકર બ્રહ્મપુરી કેવી રોડ ખાતે કરવામાં આવ્યું છે.

ખેલૈયાઓ નવરાત્રિમાં રાસ ગરબા માટે રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત છે રજિસ્ટ્રેશન માટે સીઝન પાસનો ચાર્જ ફક્ત ૩૦૦ રૂપિયા રાખવામાં આવ્યો છે અને આધાર કાર્ડ ની ઝેરોક્ષ પાસપોર્ટ સાઈઝના બે ફોટો અને ફોર્મ ભરવાનું રહેશે. વધુમાં વધુ બ્રહ્મસમાજના ખેલૈયાઓને ભાગ લેવા સંસ્થા દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

રજીસ્ટ્રેશન માટે નીચે જણાવેલ એડ્રેસ અથવા મોબાઈલ નંબર સંપર્ક કરવા અનુરોધ મહેશભાઈ રાવલ દયાશંકર બ્રહ્મપુરી ૯૮૨૪૧૭૪૬૨૬ , હીનાબેન ઠાકર રણજીત સાગર રોડ ૯૮૭૦૦૬૪૩૦૭, માધવિબેન વ્યાસ નાગર ચકલો ૯૬૩૮૬૦૦૩૮૪, રાજેશભાઈ ઠાકર રણજીત રોડ ૯૯૨૫૦૫૭૭૦૯, મનીષાબેન જોષી પટેલ કોલોની ૬૩૫૯૬૪૮૮૭૯, કપિલ રાવલ લાલ બંગલા ૮૪૮૮૯૬૩૮૮૭,

જે. જે. ભટ્ટ સેતાવડ ૯૮૯૮૬૮૪૪૯૪, કેતન જોષી પટેલ કોલોની ૯૯૨૪૧૧૧૩૭૬ તેમજ વધુ વિગત માટે સંસ્થાના મોબાઈલ નંબર ૯૦૯૯૦૯૫૧૮૬ પર સંપર્ક કરવા સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

# જામનગર જિલ્લા સહકારી બેંકમાં વડાપ્રધાનના જન્મદિને ૧૧૧૧ પ્રગટાવી પાઠવી શુભેચ્છા



જામનગર : આ ગૌરવપૂર્ણ ઉજવણીમાં દેશ અને રાજ્યની સાથે જામનગર જિલ્લા સહકારી બેંક પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જામનગર જિલ્લા સહકારી બેંકના મુખ્ય ભવન ખાતે તા. ૧૭ સપ્ટેમ્બરના સાંજે 'આશીર્વાદ કા દિયા' સાથે દિપમાળા સહિત ૧૧૧૧ દિવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતાં અને બેંકના મુખ્ય ભવનને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં દેશમાં ઝડપથી ફેલાઈ રહેલા સાયબર ક્રાઈમ સામે જનજાગૃતિ માટેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જામનગર પોલીસના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના કુલદિપસિંહ જાડેજાએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ હેંમતભાઈ ગોહિલ સામાજિક કાર્યકર ભરતભાઈ કાનાબાર, સહકારી ક્ષેત્રના આગેવાનો, સહકારી મંડળીઓના હોદ્દેદારો, બેંકના અધિકારીઓ-કર્મચારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતાં. આ કાર્યક્રમ માટે જિલ્લા ભાજપ પ્રમુખ ડો. વિનુભાઈ ભંડેરીએ માર્ગદર્શન આપ્યુ હતું.

## શિરડી સાંઈબાબા મંદિરે પિતૃ તર્પણ

જામનગર : શિરડી સાંઈબાબા મંદિર દ્વારા પિતૃ મોક્ષાર્થે પિતૃ તર્પણનો કાર્યક્રમ આગામી તા. ૪-૧૦-૨૦૨૬ના રવિવારે શિરડી સાંઈબાબા મંદિર, ગાંધીનગર, જામનગરમાં યોજવામાં આવ્યો છે. જેની વિધિ ગાયત્રી શક્તિપીઠના બહેનો દ્વારા કરાવવામાં આવશે. નામ નોંધાવા માટે શિરડી સાંઈબાબા મંદિર ટ્રસ્ટના પ્રમુખ કનકસિંહ જાડેજા (મો. ૯૯૦૯૦ ૨૧૬૬૩) નો સંપર્ક કરવો

# રણુજા ખાતે રામદેવપીર મહારાજના સાનિધ્યમાં ત્રિદિવસીય પરંપરાગત લોક મેળાનો પ્રારંભ




જામનગર : કાલાવડ તાલુકાના નવા રણુજા (દેવપુર) મુકામે શ્રી રામદેવપીર મંદિર (હિરા ભગતની જગ્યા) ખાતે પરંપરાગત, ધાર્મિક અને સાંસ્કૃતિક ત્રિદિવસીય મેળાનું રવિવારથી ત્રણ દિવસ માટે યોજાશે, આજે આ પરંપરાગત લોકમેળાનુ ઉદ્ઘાટન અવસરે આર. સી. ફળદુ (પૂર્વ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય), મેઘજીભાઈ ચાવડા (ધારાસભ્ય,૭૬-કાલાવડ) સહીતના આગેવાનો ભાજપના હોદેદારો સહીત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ધાર્મિક અને સાંસ્કૃતિક મેળાના ઉદ્ઘાટન પ્રસંગે પધારવા તથા ધર્મલાભ લેવા માટે રામદેવપીર મંદિર વ્યવસ્થાપક સમિતિ (હિરાભગતની જગ્યા) દેવપુર (નવા રણુજા) દ્વારા સર્વે ધર્મપ્રેમી જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જામનગરથી ઉમિયા માતા સીદસરની ૪૦મી પદયાત્રાનું ૨૩મીએ થશે પ્રસ્થાન

જામનગર : જામનગરથી સીદસર ઉમિયા માતાના દર્શનાર્થે યોજાતી ૪૦મી પદયાત્રા તા. ૨૩ સપ્ટેમ્બર, બુધવારના રોજ સવારે ૭:૩૦ કલાકે ગોકુલનગર સર્કલ નજીક આવેલા ઉમા ખોડલ મંદિર પાસેથી પ્રસ્થાન કરશે.

આ પગપાળા સંઘમાં જોડાવા ઈચ્છતા ધર્મપ્રેમી ભાઈ-બહેનો માટે ફોર્મની વ્યવસ્થા કરવામાં આવી છે. ફોર્મ શ્રી રામજી નિવાસ, કિંગ પેલેસ, મેહુલનગર ટેલિફોન એક્સચેન્જ પાસે; શ્રી ઉમિયાજી પ્રોવિઝન સ્ટોર, મેહુલનગર ટેલિફોન એક્સચેન્જની બાજુમાં; પટેલ બેટરી ટ્રેડર્સ, ૮૦ ફૂટ રોડ, જૈન મંદિર સામે; ધ ફૂડ પેલેસ રેસ્ટોરન્ટ, એરફોર્સ-૨ રોડ, સત્યમ કોલોની; ગુરુકૃપા જનરલ સ્ટોર, ઉમિયાનગર, લાલવાડી; માનસ સ્ટેશનરી, ગોકુલ પ્લાઝા શોપિંગ સેન્ટર, ગોકુલનગર તેમજ વૈશાલી પાન એન્ડ કોલ્ડ્રિંક્સ, કડવા પટેલ સેવા સમાજની બાજુમાં, કસ્તુરબા વિકાસ ગૃહ રોડ, જામનગર ખાતેથી મેળવી શકાશે. પદયાત્રામાં જોડાવા ઈચ્છુકો વધુ માહિતી માટે મહેન્દ્રભાઈ પટેલનો મોબાઈલ નંબર ૯૯૨૫૧૪૧૮૦૮ તથા કાનજીભાઈ પનારાનો મોબાઈલ નંબર ૯૯૯૮૨ ૫૬૭૯૪ પર સંપર્ક કરી શકશે.


## :: કહ્યામાં નથી / જાહેર નોટીસ ::



આથી અમો જાહેર કરીએ છીએ કે, અહીં દર્શાવેલ તસ્વીરવાળા અભિષેક જેન્તીભાઇ સાવલીયા, જે ભાગી ગયેલ છે. તેઓ ઘણા સમયથી અમારા કહ્યામાં ન હોય, અને અલગ રહે છે, તો અમારા સગા-સંબંધીઓ તેમજ લાગતા-વળગતા સર્વેને જણાવવાનું કે અભિષેક જેન્તીભાઇ સાવલીયા સાથે કોઇએ કોઇપણ જાતનો આર્થિક, સામાજિક કે અન્ય વ્યવહાર કરવો નહીં. આમ છતાં જો કોઇ અભિષેક જેન્તીભાઇ સાવલીયા સાથે વ્યવહાર કરશે, તો તે વ્યવહારની સંપૂર્ણ જવાબદારી જે-તે વ્યક્તિની પોતાની રહેશે. અમારી કોઇ જવાબદારી રહેશે નહીં, જેની ગંભીરતાપૂર્વક નોંધ લેવી.

લી. શ્રીકુંજ સાવલીયા (જામનગર)

# યુક્રેને રશિયા પર ૧,૦૦૦થી વધુ ડ્રોન છોડ્યા

## રશિયાની રાજધાની મોસ્કો પર યુક્રેનનો અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો



કિવ,
રવિવારે, જ્યારે ક્રેમલિન તેની સંસદીય ચૂંટણીના ત્રીજા અને અંતિમ દિવસની પ્રક્રિયા પૂર્ણ કરી રહ્યું હતું, ત્યારે રશિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે યુક્રેનિયન દળોએ રાતોરાત રશિયા પર ૧,૦૦૦થી વધુ ડ્રોન છોડ્યા હતા, જેમાંના સેંકડો ડ્રોન મોસ્કો તરફ લક્ષિત હતા. મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને ડ્રોન હુમલાના આ મોટા હુમલાને રશિયન રાજધાની પરનો "અત્યાર સુધીનો સૌથી મોટો" હુમલો ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે આ હુમલામાં મોસ્કો ઓઈલ રિફાઈનરી અને એક રહેણાંક ઈમારતને નુકસાન થયું છે.

સ્થાનિક ગવર્નર આન્દ્રે વોરોબ્યોવના જણાવ્યા અનુસાર, સમગ્ર મોસ્કો વિસ્તારમાં બે લોકોના મોત થયા હતા અને અન્ય ૨૦ લોકો ઘાયલ થયા હતા. મૃતકોની ઓળખ ૭૪ વર્ષીય પુરુષ અને ૪૪ વર્ષીય મહિલા તરીકે કરવામાં આવી હતી. આ હુમલા અંગે યુક્રેન તરફથી કોઈ તાત્કાલિક પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી.

રશિયાનો દાવો: ૧,૧૦૦ યુક્રેનિયન ડ્રોન તોડી પાડવામાં આવ્યા

રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેના દળોએ દેશભરમાં તેમજ ક્રિમીઆ અને કાળા સમુદ્ર (બ્લેક સી)ના જળસીમા વિસ્તારમાં ૧,૧૦૦ યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા હતા. સોબ્યાનિને કહ્યું કે મોસ્કો તરફ આગળ વધી રહેલા ૪૫૦ ડ્રોનને નષ્ટ કરવામાં આવ્યા હતા.

આ હુમલાને "અભૂતપૂર્વ" ગણાવતા, મોસ્કોના મેયરે કહ્યું કે ડ્રોન હુમલાને કારણે મોસ્કો ઓઈલ રિફાઈનરી અને એક રહેણાંક ઈમારતને પણ નુકસાન થયું છે.

મોસ્કો વિસ્તારમાં બેના મોત, ૨૦ ઘાયલ

રાત્રિ દરમિયાન થયેલા હુમલા બાદ મોસ્કો વિસ્તારમાં બે લોકોના મોત અને ૨૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. ગવર્નર આન્દ્રે વોરોબ્યોવે જણાવ્યું હતું કે મૃત્યુ પામેલા બે લોકોમાં ૭૪ વર્ષીય પુરુષ અને ૪૪ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે.

ઓપરેશન ચાલુ હોવાથી રશિયન અધિકારીઓ દ્વારા હુમલાથી થયેલા નુકસાનની વિગતો હજુ પણ મેળવવામાં આવી રહી હતી.

રશિયામાં સંસદીય ચૂંટણીઓ વચ્ચે ડ્રોન હુમલો

આ હુમલો એવા સમયે થયો જ્યારે રશિયા તેની સંસદીય ચૂંટણીના ત્રીજા અને અંતિમ દિવસની પ્રક્રિયા પૂર્ણ કરી રહ્યું હતું. આ ચૂંટણીને રશિયાની યુદ્ધકાળ દરમિયાનની પ્રથમ સંસદીય ચૂંટણી તરીકે વર્ણવવામાં આવી હતી. મતદાન દરમિયાન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની નીતિઓનો કોઈ ખાસ વિરોધ જોવા મળ્યો ન હતો અને તેનાથી ક્રેમલિનનું વર્ચસ્વ વધુ મજબૂત થવાની અપેક્ષા છે.

# કેનેડા વર્ષના અંત સુધીમાં ભારત સાથેની વેપાર વાટાઘાટો પૂર્ણ કરવા અંગે આશાવાદી

## G-20 બેઠક દરમિયાન બંને દેશોના નેતાઓ મળે તેવી પણ સંભાવના

મુંબઈ/ટોરોન્ટો,
કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રીએ જણાવ્યું હતું કે, કેનેડા ભારત સાથે વર્ષના અંત સુધીમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) અંગેની વાટાઘાટો પૂર્ણ કરવા બાબતે આશાવાદી છે.

કેનેડાના વડાપ્રધાને અગાઉ માર્ચમાં નવી દિલ્હીની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે બંને દેશો વર્ષના અંત સુધીમાં મુક્ત વેપાર કરાર પર સહમતિ સાધવાનું લક્ષ્ય રાખશે.

ભારતની આર્થિક રાજધાની મુંબઈની મુલાકાત દરમિયાન રોઈટર્સને આપેલા એક ઈન્ટરવ્યુમાં કેનેડાના વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુએ કહ્યું, "હું ખૂબ જ આશાવાદી અને ઉત્સાહી છું કે આપણે આગામી મહિનાઓમાં આ કામ પૂરું કરી શકીશું."

સિદ્ધુએ જણાવ્યું હતું કે, આવતા મહિને ભારતીય વેપાર વાટાઘાટકારો કેનેડાની મુલાકાત લે તેવી શક્યતા છે અને ડિસેમ્બરમાં જી-૨૦ બેઠક દરમિયાન બંને દેશોના નેતાઓ મળે તેવી પણ સંભાવના છે. ચર્ચાના મુખ્ય ક્ષેત્રોમાંનું એક ઊર્જા ક્ષેત્ર છે. ગયા વર્ષે કેનેડામાં 'શેલ' (Shell) ના નેતૃત્વ હેઠળ ન્દ્રય નિકાસ સુવિધા શરૂ કરવામાં આવી હતી અને દેશમાં વિકાસના વિવિધ તબક્કાઓમાં અન્ય પાંચ પ્રોજેક્ટ્સ પણ ચાલી રહ્યા છે.

સિદ્ધુએ વધુ વિગતો આપવાનો ઈનકાર કરતા કહ્યું, "અમે ભારતીય કંપનીઓ સાથે વાતચીત કરી રહ્યા છીએ કે તેઓ તે પ્રોજેક્ટ્સનો લાભ કેવી રીતે મેળવી શકે, તેમજ તેમાં રોકાણ કેવી રીતે કરી શકે અને પુરવઠો કેવી રીતે સુરક્ષિત કરી શકે."

લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ઉપરાંત, બંને દેશો પરમાણુ ઊર્જા ક્ષેત્રે સહકાર વધારવા પર પણ ધ્યાન આપી રહ્યા છે, જ્યાં ભારત પોતાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવા માંગે છે.

# વારાણસીમાં ૩૦ લાખનું ઈનામ ધરાવતો નક્સલી કમાન્ડર બ્રિજેશ ગંઝુ માર્યો ગયો



વારાણસી,
ઉત્તર પ્રદેશના વારાણસીમાં એક મોટી સુરક્ષા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેમાં અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, ૩૦ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતો નક્સલ કમાન્ડર બ્રિજેશ ગંજુ ઉર્ફે ગોપાલ સિંહ માર્યો ગયો છે. ગંજુની ઓળખ ઝારખંડ સ્થિત પ્રતિબંધિત નક્સલ સંગઠન 'તૃતીય પ્રસ્તુતિ સમિતિ' (TPC) ના કમાન્ડર તરીકે કરવામાં આવી હતી.

સુરક્ષા એજન્સીઓ ઘણા સમયથી ગંજુની શોધમાં હતી. તે 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી' (NIA) દ્વારા આતંકવાદી ફંડિંગના કેસમાં પણ વોન્ટેડ હતો. નક્સલ કમાન્ડર પર ૩૦ લાખ રૂપિયાનું ઈનામ

ગંજુની ધરપકડમાં મદદરૂપ થાય તેવી માહિતી આપનાર માટે કુલ ૩૦ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. ઝારખંડ સરકારે ૨૫ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી હતી, જ્યારે NIAએ વધારાના ૫ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી હતી. આમ, આ નક્સલ કમાન્ડર પર કુલ ૩૦ લાખ રૂપિયાનું ઈનામ હતું.

# અમેરિકાની ચૂંટણીમાં મતદાન કરનારા બિન-નાગરિકોની ધરપકડ અથવા દેશનિકાલ કરવામાં આવી શકે છે

## ચૂંટણી પહેલા બિન-નાગરિકોને અમેરિકન સરકારે આપી ચેતવણી

વોશિંગ્ટન,
યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ અમેરિકન ચૂંટણીઓમાં મતદાન કરનારા બિન-નાગરિકોને કડક ચેતવણી જારી કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ગેરકાયદેસર રીતે ભાગ લેનારાઓને ધરપકડ અને ઈમિગ્રેશન પરિણામોનો સામનો કરવો પડી શકે છે, જેમાં દેશનિકાલનો પણ સમાવેશ થાય છે.

"રાષ્ટ્રપતિ ટ્રમ્પ ૧૦૦% સાચા છે. અમેરિકન ચૂંટણીઓ ફક્ત અમેરિકનો માટે છે," DHS એ ઠ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

"અમેરિકન ચૂંટણીઓમાં મતદાન કરનારા એલિયન્સ માટે અમારો સંદેશ સ્પષ્ટ છે: અમે તમને શોધીશું, તમારી ધરપકડ કરીશું, અને તમને દેશનિકાલ સહિત પરિણામોનો સામનો કરવો પડશે," વિભાગે ઉમેર્યું. ટ્રમ્પ વહીવટીતંત્ર ચૂંટણીની અખંડિતતા અને ઈમિગ્રેશન અમલીકરણને મુખ્ય પ્રાથમિકતાઓ બનાવવાનું ચાલુ રાખે છે, બિન-નાગરિકો યુએસ ચૂંટણીઓમાં ભાગ લઈ રહ્યા છે કે કેમ તેના પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરે છે. ફેડરલ કાયદા હેઠળ, સામાન્ય રીતે બિન-નાગરિકો ફેડરલ ચૂંટણીઓમાં મતદાન કરી શકતા નથી. કાયદો વ્યક્તિને ચૂંટણીમાં નોંધણી કરાવવા અથવા મતદાન કરવા માટે જાણી જોઈને યુએસ નાગરિકતાનો ખોટો દાવો કરવાથી પણ પ્રતિબંધિત કરે છે.

DHS ની ચેતવણી બિન-દસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સથી આગળ વધે છે. કાયદેસર કાયમી રહેવાસીઓ સહિત કાયદેસર ઈમિગ્રેશન દરજ્જા ધરાવતા બિન-નાગરિકોને પણ સામાન્ય રીતે ફેડરલ ચૂંટણીઓમાં મતદાન કરવાથી પ્રતિબંધિત કરવામાં આવે છે.

વિભાગે તેની પોસ્ટમાં કોઈ ચોક્કસ નવા અમલીકરણ કામગીરીની ઓળખ કરી નથી અથવા મતદાન ઉલ્લંઘન માટે હાલમાં તપાસ હેઠળ રહેલા બિન-નાગરિકોની સંખ્યા વિશે વિગતો આપી નથી.

ગેરકાયદેસર મતદાન પર ફેડરલ કડક કાર્યવાહી

DHS ચેતવણી ત્યારે આવી છે જ્યારે ફેડરલ પ્રોસિક્યુટર્સ બિન-નાગરિકો દ્વારા કથિત ગેરકાયદેસર મતદાન સંબંધિત કેસોની તપાસ કરી રહ્યા છે. ૧૮ સપ્ટેમ્બરના રોજ, ન્યાય વિભાગે કથિત ગેરકાયદેસર મતદાન, ગેરકાયદેસર નોંધણી અને યુએસ નાગરિકતાના ખોટા દાવાઓ પર ૧૬ લોકો સામે આરોપો જાહેર કર્યા હતા.

# દિલ્હીના મતદારોમાં એલ.કે. અડવાણી, મનીષ સિસોદિયા અને કૈલાશ ગેહલોતને SIR નોટિસ

નવી દિલ્હી,
રાષ્ટ્રીય રાજધાનીમાં મતદાર યાદીની ચાલી રહેલી 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયા દરમિયાન "વિસંગતતાઓ" માટે નોટિસ મેળવનારાઓમાં ભારતીય જનતા પાર્ટી (BJP)ના વરિષ્ઠ નેતા એલ.કે. અડવાણી, દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને ભાજપના ધારાસભ્ય કૈલાશ ગેહલોતનો સમાવેશ થાય છે.

૩૧ ઓગસ્ટે શહેરની મતદાર યાદીનો ડ્રાફ્ટ બહાર પાડવામાં આવ્યાના લગભગ ત્રણ અઠવાડિયા પછી, શુક્રવારે મોડી રાત્રે દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO)ની કચેરીએ નોટિસ મેળવનારા મતદારોની યાદી જાહેર કરી હતી.

અડવાણી, તેમની પુત્રી પ્રતિભા અડવાણી અને પુત્રવધૂ ગીતિકાને 'નો મેપિંગ' (મતદાર યાદીમાં વિગતોનું જોડાણ ન થવું) માટે નોટિસ આપવામાં આવી છે; આ એવા મતદારો છે જેમને અગાઉના સુધારણા તબક્કાની મતદાર યાદી સાથે જોડી શકાયા ન હતા.

આમ આદમી પાર્ટી (AAP) સરકારના ભૂતપૂર્વ મંત્રી અને હાલમાં ભાજપના ધારાસભ્ય એવા ગેહલોતને પણ 'નો મેપિંગ' માટે ચિહ્નિત કરવામાં આવ્યા હતા. તેમના પત્ની મૌસુમી મિશ્રા ગેહલોત અને મોટી પુત્રી જહ્નવી ગેહલોતને પણ સમાન વિસંગતતા માટે નોટિસ આપવામાં આવી હતી. નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારના મતદાર એવા ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને પણ નોટિસ આપવામાં આવી હતી, પરંતુ તેનું કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું ન હતું.

# મહારાષ્ટ્રના મંત્રીની ભત્રીજી નીલા વિખે પાટિલસ્વીડિશ સંસદમાં ચૂંટાઈ

સ્ટોકહોમ (સ્વીડન)
મહારાષ્ટ્રના શિક્ષણવિદ્ અશોક વિખે પાટીલનાં પુત્રી નીલા વિખે પાટીલ સ્વીડિશ સંસદમાં ચૂંટાયાં છે. ૪૧ વર્ષીય 'ગ્રીન પાર્ટી'નાં નેતા નીલા ૧૩ સપ્ટેમ્બરે યોજાયેલી રાષ્ટ્રીય ચૂંટણીમાં સ્ટોકહોમ શહેર મતવિસ્તારમાંથી સંસદસભ્ય તરીકે ચૂંટાયાં હતાં.

દેશના ડાબેરી ઝુકાવ ધરાવતા વિપક્ષે ૧૭૬ બેઠકો જીતીને પાતળી બહુમતી મેળવ્યા બાદ તેઓ સ્વીડનની ૩૪૯ સભ્યોની સંસદ (રિગ્સડાગ)માં પ્રવેશ્યાં છે.

ચૂંટણી બાદ સમાચાર સંસ્થા પીટીઆઈ (PTI) સાથે વાત કરતાં નીલાએ કહ્યું, "૩૪૯ સભ્યોની સંસદનો હિસ્સો બનવું આનંદદાયક છે. હું શહેર અને દેશ માટે યોગદાન આપવા આતુર છું."

તેમણે કહ્યું, "જે લોકો મતદાન કરી શકતા નથી, હું તેમનો અવાજ બનવા માંગુ છું."

તેમણે ઉમેર્યું, "હું એવા સમાજમાં યોગદાન આપવા માંગુ છું જ્યાં દરેક બાળકને સારા ભવિષ્યની તક મળે. આપણને સ્વચ્છ પાણી, જીવંત પ્રકૃતિ અને માનવસર્જિત કુદરતી આપત્તિઓ ન્યૂનતમ હોય તેવા રહેવાલાયક ગ્રહની જરૂર છે."

નીલા વિખે પાટીલ કોણ છે?

સ્વીડનમાં જન્મેલાં નીલાએ તેમનું બાળપણ મહારાષ્ટ્રના અહમદનગરમાં વિતાવ્યું હતું. તેઓ એશિયાની પ્રથમ સહકારી ખાંડ ફેક્ટરીના સ્થાપક વિઠ્ઠલરાવ વિખે પાટીલનાં પ્રપૌત્રી અને સ્વર્ગસ્થ કેન્દ્રીય મંત્રી બાળાસાહેબ વિખે પાટીલનાં પૌત્રી છે.

નીલા મહારાષ્ટ્રના ભાજપના મંત્રી રાધાકૃષ્ણ વિખે પાટીલનાં ભત્રીજી છે.

તેમણે અર્થશાસ્ત્ર અને કાયદા વિષયો સાથે ગોથેનબર્ગ સ્કૂલ ઓફ બિઝનેસમાંથી સ્નાતક અને એમબીએ (MBA)ની ડિગ્રી મેળવી છે, તેમજ મેડ્રિડની કોમ્પ્લુટેન્સ યુનિવર્સિટીમાં પણ એમબીએનો અભ્યાસ કર્યો છે. તેમણે અગાઉ સ્ટેફન લોફવેનના શાસનકાળ દરમિયાન સ્વીડનના વડાપ્રધાન કાર્યાલયમાં રાજકીય સલાહકાર તરીકે સેવા આપી હતી, જ્યાં તેમણે નાણાં, કરવેરા અને આવાસ ક્ષેત્રે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે સ્ટોકહોમ મ્યુનિસિપલ કાઉન્સિલના સભ્ય તરીકે પણ સેવા આપી છે.

# કટરામાં માતા વૈષ્ણોદેવી હેલિપેડ ટર્મિનલને આગથી આંશિક નુકસાન

કટરા,
રવિવારે વહેલી સવારે જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં ત્રિકુટા પહાડીઓ પર આવેલા માતા વૈષ્ણો દેવી મંદિરની યાત્રા કરતા શ્રદ્ધાળુઓ માટેના બેઝ કેમ્પ એવા કટરામાં હેલિપેડ ટર્મિનલને આગને કારણે આંશિક નુકસાન થયું હતું.

આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. આગ સવારે લગભગ ૩:૧૫ વાગ્યે હેલિપેડ ટર્મિનલ પર લાગી હતી, જે તે સમયે બંધ હતું.

હેલિપેડ ટર્મિનલમાં આગ લાગી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગ સંભવતઃ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી. ટર્મિનલના કર્મચારીઓ, સુરક્ષાકર્મીઓ અને ફાયર તથા ઈમરજન્સી સેવાઓના કર્મચારીઓના સંયુક્ત પ્રયાસોથી ૩૦ મિનિટની અંદર આગને કાબૂમાં લેવામાં આવી હતી.

ઝડપી કાર્યવાહીને કારણે આગ ટર્મિનલને વધુ નુકસાન પહોંચાડે તે પહેલાં જ તેને કાબૂમાં લેવામાં મદદ મળી હતી.

આ ઘટના રવિવારે વહેલી સવારે બની હતી, જ્યારે ટર્મિનલ બંધ હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આગમાં કોઈ જાનહાનિ થઈ નથી.

કમ્પ્યુટર અને કોફી શોપને નુકસાન આગને કારણે હેલિપેડ ટર્મિનલને આંશિક નુકસાન થયું હતું અને પરિસરની અંદરની કેટલીક સુવિધાઓને અસર થઈ હતી.

# ઉપ-રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન ૨૨ સપ્ટેમ્બરે 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ વોટર વીક'નું ઉદ્ઘાટન કરશે

નવી દિલ્હી,
ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન બુધવારે નવમા ભારત આંતરરાષ્ટ્રીય જળ સપ્તાહનું ઉદ્ઘાટન કરશે, જેમાં પાંચ દિવસીય કાર્યક્રમમાં આબોહવા-સ્થિતિસ્થાપક જળ વ્યવસ્થાપન કેન્દ્ર સ્થાને રહેશે.

જળ શક્તિ મંત્રાલય મુખ્ય કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો, આંતરરાષ્ટ્રીય સંગઠનો, સંશોધન અને શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગ સંસ્થાઓ, વિકાસ ભાગીદારો, નાગરિક સમાજ અને ખાનગી ક્ષેત્રના ભાગીદારો સાથે મળીને આ કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે.

૨૨ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા "આબોહવા સ્થિતિસ્થાપક જળ વ્યવસ્થાપન" કાર્યક્રમમાં નીતિ નિર્માતાઓ, વૈશ્વિક જળ નેતાઓ, નિષ્ણાતો, સંશોધકો, પ્રેક્ટિશનરો, ઉદ્યોગ, નાગરિક સમાજ અને યુવા વ્યાવસાયિકોને ઉભરતા જળ પડકારોનો સામનો કરવા અને જળ-સુરક્ષિત અને આબોહવા-સ્થિતિસ્થાપક ભવિષ્યને આગળ વધારવા માટે સંવાદ, જ્ઞાન આદાન-પ્રદાન, નવીનતા અને ભાગીદારી માટે એકસાથે લાવવામાં આવશે, એમ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું.

નેધરલેન્ડ અને જર્મની ભાગીદાર દેશો તરીકે ભાગ લેશે, જ્યારે ૧૪ રાજ્યો ભાગીદાર રાજ્યો તરીકે ભાગ લેશે. કેન્દ્ર-રાજ્ય સહયોગ અને ક્રોસ-સેક્ટરલ કન્વર્ઝનને મજબૂત કરવા માટે છ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોને ભાગીદાર મંત્રાલયો અને વિભાગો તરીકે પણ આમંત્રિત કરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં ૧૦ મુખ્ય મંચો હશે, જેમાં મંત્રી સ્તરીય પૂર્ણાહુતિ, ગ્લોબલ વોટર લીડર્સ પ્લેનરીઝ, કન્ટ્રી ફોરમ, વોટર લીડર્સ ફોરમ, પ્રેક્ટિશનર્સ ફોરમ અને થીમેટિક ફોરમ ઉપરાંત સ્ટાર્ટઅપ, યુવા અને ઔદ્યોગિક મંચ અને સાઈડ ઈવેન્ટ્સનો સમાવેશ થશે.

ચર્ચામાં સમાવિષ્ટ અને સમાન જળ શાસન, જળ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ, જળ સુરક્ષા માટે ટેકનોલોજી અને સમુદાય, આબોહવા સંબંધિત પાણીના જોખમો, જળ માળખાગત સુવિધાઓ અને આધુનિકીકરણ માટે નવીન ધિરાણ, ટકાઉ જળ સંસાધન વ્યવસ્થાપન અને લોકો અને ગ્રહ માટે પાણીનો સમાવેશ થશે.

# ઉત્તર કોરિયાએ પૂર્વ સમુદ્રમાં ૨ બેલિસ્ટિક મિસાઈલ છોડી; જાપાન અને દક્ષિણ કોરિયા થયા એલર્ટ

સીઓલ,
રવિવારે ઉત્તર કોરિયાએ પૂર્વ સમુદ્રમાં બે મિસાઈલો છોડ્યા હતા, અને બંને પ્રક્ષેપણ એકબીજાના કલાકોમાં થયા હતા, એમ અનેક સમાચાર એજન્સીઓએ અહેવાલ આપ્યો છે.

દક્ષિણ કોરિયાએ સ્થાનિક સમય મુજબ બપોરે ૩ વાગ્યે (0600 GMT) વોન્સન વિસ્તારમાંથી પ્રથમ પ્રક્ષેપણ શોધી કાઢ્યું હતું. દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફે આ શસ્ત્રને બેલિસ્ટિક મિસાઈલ તરીકે ઓળખાવ્યું હતું, જ્યારે જાપાનના સંરક્ષણ મંત્રાલયે પણ કહ્યું હતું કે તે બેલિસ્ટિક મિસાઈલ હોવાનું જણાય છે, રોઈટર્સે અહેવાલ આપ્યો હતો.

AFPના અહેવાલ મુજબ, બે કલાક પછી તે જ દિશામાં, પૂર્વ સમુદ્ર તરફ બીજી મિસાઈલ છોડવામાં આવી હતી.

દક્ષિણ કોરિયા, જાપાન મિસાઈલ પ્રક્ષેપણની નિંદા કરે છે

"અમારી સેનાએ ઉત્તર કોરિયાના વોન્સન વિસ્તારમાંથી પૂર્વ સમુદ્ર તરફ છોડવામાં આવેલી બેલિસ્ટિક મિસાઈલ શોધી કાઢી હતી," દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફે પ્રથમ પ્રક્ષેપણ પછી જણાવ્યું હતું.

"દક્ષિણ કોરિયા અને યુએસ સત્તાવાળાઓ... ચોક્કસ સ્પષ્ટીકરણો નક્કી કરવા માટે વિગતવાર વિશ્લેષણ કરી રહ્યા છે," તેમાં કહેવામાં આવ્યું છે.

જાપાનના વડા પ્રધાનના કાર્યાલયે ઠ ના રોજ જણાવ્યું હતું કે બંને પ્રક્ષેપણ બેલિસ્ટિક મિસાઈલ હોવાની શંકા છે.

રવિવારે ઉત્તર કોરિયા દ્વારા તેના પૂર્વ કિનારાથી શંકાસ્પદ બેલિસ્ટિક મિસાઈલ લોન્ચ કર્યા બાદ જાપાનના વડા પ્રધાને અધિકારીઓને માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ વધારવા સૂચના આપી હતી.

જાપાનના વડા પ્રધાન કાર્યાલયે આ લોન્ચના જવાબમાં ત્રણ નિર્દેશો જારી કર્યા હતા: માહિતી એકત્ર કરવા અને તેનું વિશ્લેષણ કરવા માટે મહત્તમ પ્રયાસો કરવા, વિમાન, જહાજો અને અન્ય સંપત્તિઓની સલામતી સુનિશ્ચિત કરવા અને આકસ્મિક પરિસ્થિતિઓ માટે તૈયારી સહિત તમામ શક્ય સાવચેતીનાં પગલાં લેવા.

ઉત્તર કોરિયા દ્વારા પૂર્વ સમુદ્ર તરફ અનેક ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલો છોડ્યાના આઠ દિવસ પછી આ લોન્ચ કરવામાં આવ્યા હતા, જેને પાછળથી સંયુક્ત ફાયરપાવર ડ્રીલ તરીકે વર્ણવવામાં આવ્યું હતું.

આ કવાયતમાં લાંબા અંતરની તોપખાના અને મિસાઈલોનો સમાવેશ થતો હતો. ઉત્તર કોરિયાના રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું કે શસ્ત્રો "૧૦૦ ટકા હિટ ચોકસાઈ સાથે લક્ષ્યોને ફટકારી રહ્યા હતા".

આ અઠવાડિયાના આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA) ના જનરલ કોન્ફરન્સ દરમિયાન, ઉત્તર કોરિયાએ "પ્રતિકૂળ દળો" પર તેના પરમાણુ કાર્યક્રમને સમાપ્ત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું fu IAEA ઠરાવ "પરમાણુ શસ્ત્રો ધરાવતા રાજ્ય તરીકે DPRK ની સ્થિતિ પર કોઈ અસર કરતો નથી", ઉત્તર કોરિયાના સત્તાવાર નામના ટૂંકાક્ષરનો ઉપયોગ કરીને.

# મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે ઈરાને અમેરિકાને સાત શરતો મોકલી

## ઈરાન ઈચ્છે છે કે યમન અને સાઉદી અરેબિયા વચ્ચે ચાલી રહેલી લડાઈનો અંત આવે



તેહરાન,
મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે ઈરાને અમેરિકાને સાત શરતો મોકલી છે; આ સંઘર્ષ હવે સાઉદી અરેબિયા અને યમનના હુથી વિદ્રોહીઓ વચ્ચેની દુશ્મનાવટને કારણે વધુ વકર્યો છે.

ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના વડા મોહસેન રેઝાઈએ શનિવારે જણાવ્યું હતું કે તેહરાને યુદ્ધ સમાપ્ત કરવા માટેની પોતાની શરતો જણાવી દીધી છે —જે હવે સાતમા મહિનામાં પ્રવેશી ચૂક્યું છે— અને તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રતિક્રિયાની રાહ જોઈ રહ્યા છે.

રવિવારે વહેલી સવારે 'ઠ' (અગાઉનું ટ્વિટર) પર પોસ્ટ કરતા તેમણે કહ્યું, "કોઈપણ વાટાઘાટો શરૂ કરવા માટે ઈરાનની સાત શરતો અમેરિકી સરકારને જાહેર કરવામાં આવી છે. તેહરાનનો સંદેશ સ્પષ્ટ અને અસ્પિગ્ધ છે; જો વોશિંગ્ટન પોતે ઊભા કરેલા મુશ્કેલ સંકટ (દલદલ)માંથી બહાર આવવા માંગતું હોય અને તેમાં વધુ ઊંડું ન ફસાવા માંગતું હોય, તો તેની પાસે ઈરાનના અધિકારો અને શરતોને સ્વીકારવા સિવાય કોઈ વિકલ્પ નથી."

શનિવારે પ્રકાશિત થયેલા કતારના 'અલ જઝીરા' સાથેના એક ઈન્ટરવ્યુમાં રેઝાઈએ કહ્યું કે આ શરતોમાં તમામ મોરચે યુદ્ધનો અંત લાવવો, ઈરાનની જપ્ત કરાયેલી સંપત્તિ મુક્ત કરવી અને ઈરાની બંદરો પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી નૌકાદળની નાકાબંધી (બ્લોકેડ) સમાપ્ત કરવાનો સમાવેશ થાય છે.

તેમણે એમ પણ કહ્યું કે ઈરાન ઈચ્છે છે કે યમન અને સાઉદી અરેબિયા વચ્ચે ચાલી રહેલી લડાઈનો અંત આવે.

તેમણે અલ જઝીરાને કહ્યું, "અમે મધ્યસ્થી દેશ કતારના સંપર્કમાં છીએ, જેણે યુદ્ધ સમાપ્ત કરવાના ઉદ્દેશ્ય સાથે અમારી શરતો વોશિંગ્ટન સુધી પહોંચાડી છે. અમે રાષ્ટ્રપતિ ચડોનાલ્ડૃ ટ્રમ્પની પ્રતિક્રિયાની રાહ જોઈ રહ્યા છીએ.

# જામનગરના પ્રદર્શન મેદાનમાં સાંસદ આયોજિત 'નમો નાદ'ના કાર્યક્રમમાં શ્રોતાઓ ઝૂમી ઉઠયા

## વરસાદ વચ્ચે પણ ભક્તિ સંગીતનો રંગ જામ્યો : મંચ પરથી પૂનમબેનની લાગણીસભર ટકોર, 'હું આયોજન કરું અને વરસાદ આવે તો આવા ૧૦૦ આયોજન કુરબાન











તસવીર: સુનિલ ચુડાસમા



જામનગર : જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમના સાનિધ્યમાં ગઈકાલે રાત્રે જામનગરના પ્રદર્શન મેદાન ખાતે યોજાયેલા 'નમો નાદ' ભક્તિસભર કાર્યક્રમને જબ્બર સફળતા મળી હતી. કાર્યક્રમમાં જામનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારો અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર પ્રદર્શન મેદાનમાં લોકોની ભીડ સાથે ભક્તિ, સંગીત અને ઉત્સાહનો માહોલ છવાયો હતો.

કાર્યક્રમના પ્રારંભના સમયે જ વરસાદ શરૂ થતાં થોડા સમય માટે કાર્યક્રમના રંગમાં વિક્ષેપ પડ્યો હતો. જોકે, આયોજકો દ્વારા કરવામાં આવેલી આગોતરી વ્યવસ્થાઓના કારણે વરસાદ બંધ થતાં જ તાત્કાલિક ધોરણે મેદાનમાં સફાઈ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને નિર્ધારિત સમય મુજબ કાર્યક્રમનો રંગારંગ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

વરસાદ વચ્ચે મંચ પરથી જ સાંસદ પૂનમબેન માડમે વરસાદનો ઉલ્લેખ કરતાં લાગણીસભર ટકોર કરી હતી કે, 'હું આયોજન કરું અને વરસાદ આવે તો આવા ૧૦૦ આયોજન કુરબાન છે.' મેઘરાજાની પધરામણી વચ્ચે પણ મોટી સંખ્યામાં લોકો કાર્યક્રમમાં જોડાયેલા રહેતાં સાંસદે લોકોના ઉત્સાહ અને સાથની લાગણી વ્યક્ત કરી હતી.

'નમો નાદ' કાર્યક્રમમાં ઈશાની દવે, હાર્દિક દવે અને રાજ ગઢવીના ભજન તથા સંગીતના તાલે સમગ્ર પ્રદર્શન મેદાન ગુંજી ઊઠ્યું હતું. કલાકારોના ભક્તિ સંગીતના તાલે ઉપસ્થિત શ્રોતાઓ પણ ઝૂમી ઉઠ્યા હતા. આ દરમિયાન સાંસદ પૂનમબેન માડમ પણ લોકોની વચ્ચે ઉતરી ભજનના તાલે જોડાયા હતા. સાંસદને લોકો સાથે આ રીતે જોડાતા જોઈ ઉપસ્થિતોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

ખાસ કરીને જામનગરના યુવાનો અને યુવતીઓમાં કાર્યક્રમને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ભજનના તાલે મોટી સંખ્યામાં યુવાનો પણ જોડાયા હતા અને સાંસદ પૂનમબેન માડમ સાથે આનંદભેર ઝૂમ્યા હતા.

કાર્યક્રમને મળેલા જબરદસ્ત પ્રતિસાદને નિહાળી સાંસદ પૂનમબેન માડમે નવરાત્રિ પહેલાં ફરી એક વખત આવો જ કાર્યક્રમ યોજવાની જાહેરાત પણ કરી હતી. આ જાહેરાતને ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી.

'નમો નાદ' કાર્યક્રમ દરમિયાન સાંસદ પૂનમબેન માડમે જામનગરના યુવાનો સાથે હળવાશભર્યો સમય પણ વિતાવ્યો હતો. યુવાનો સાથે ઝુમવાની સાથે તેમણે અનેક યુવાઓ સાથે સેલ્ફી પણ લીધી હતી. સાંસદે યુવાનો વચ્ચે જઈને તેમની સાથે વાતચીત કરતાં અને આનંદમાં જોડાતાં સમગ્ર વાતાવરણમાં ઉત્સાહ છવાઈ ગયો હતો.

# સિક્કા પાલિકાના નિવૃત ટેક્ષ ઓફિસર અને ક્લાર્ક સામે લાંચનો ગુનો નોંધાતા ચકચાર

### મકાનના નામ ટ્રાંન્સફર માટે ૧ હજારની લાંચ માંગી હતી, અગાઉ બે છટકા નિષ્ફળ રહ્યા





જામનગર : જામનગર જિલ્લાની કચેરીમાં અંદર ખાને ચાલતો ભ્રષ્ટાચાર વધૂ એક વખત ખૂલીને બહાર આવ્યો છે. સિક્કા નગરપાલિકાની ટેક્સ શાખામાં મકાનના દસ્તાવેજમાં નામ ટ્રાન્સફર કરી એનઓસી આપવા માટે રૂ.૧ હજારની લાંચ માગવાના આરોપસર નિવૃત્ત સિનિયર ક્લાર્ક કમ ટેક્સ ઈન્સ્પેક્ટર સહિત બે સામે એસીબીમાં ફરિયાદ બાદ ગુનો નોંધાયો છે. વર્ષ ૨૦૨૨માં તા. ૭ અને ૮ માર્ચ એમ બે વખત લાંચનું છટકું ગોઠવાયુ હતું. જો કે, છટકું નિષ્ફળ નીવડ્યા બાદ તપાસના અંતે હવે લાંચ અંગેનો ગુનો નોંધી તપાસ હાથ ધરાતા કર્મચારી આલમમાં ચકચાર વ્યાપી છે.

સિક્કામાં રહેતા એક વ્યક્તિએ વર્ષ ૨૦૧૮માં મકાન ખરીદ્યું હતું. મકાનનો ટેક્સ ભર્યા બાદ દસ્તાવેજમાં પોતાનું તથા પત્નીનું નામ ટ્રાન્સફર કરાવી એનઓસી મેળવવાની કાર્યવાહી કરવી હોવાથી સિક્કા નગરપાલિકાનો સંપર્ક કર્યો હતો. આ દરમિયાન ટેક્સ શાખાના તત્કાલીન સિનિયર ક્લાર્ક કમ ટેક્સ ઈન્સ્પેક્ટર અતુલકુમાર રમણીકલાલ પંડયા તથા કોમ્પ્યુટર ઓપરેટર કમ ક્લાર્ક એવા નીલેશકુમાર ભુદરદાસ મેસવાણીયાએ રૂ.૧,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જે તે વખતે એસીબીમાં રજૂઆત બાદ તા. ૭ અને તા. ૮ માર્ચ ૨૦૨૨ના રોજ લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. પરંતુ છટકું નિષ્ફળ રહ્યું હતું અને લાંચની રકમની સ્વીકૃતિ કે રિકવરી થઈ ન હતી. ત્યાર પછી આ પ્રકરણની ખુલ્લી તપાસ શરૂ કરાઈ હતી. તપાસના અંતે બંને આરોપીઓએ રૂ.૧,૦૦૦નો લાંચની માંગણી કરી હોવાનું પ્રાથમિક તબક્કે બહાર આવતાં આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ આરંભવામાં આવી છે.

આ કેસમાં અતુલકુમાર રમણીકલાલ પંડયા (ઉ.વ.૫૯, સીનીયર ક્લાર્ક કમ ટેક્ષ ઈન્સ્પેક્ટર, ટેક્ષ શાખા, સીકકા નગરપાલીકા, વર્ગ-૩,(હાલ-નીવૃત) રહે.બ્લોક નં.બી-૩૭, ગાંધીનગર સોસાયટી, રેલ્વેસ્ટેશન બાજુમાં, જામનગર) અને નીલેશકુમાર ભુદરદાસ મેસવાણીયા (કોમ્પ્યુટર ઓપરેટર કમ ક્લાર્ક (કરાર આધારીત), ટેક્ષ શાખા, સીકકા, રહે.પંચવટી કોલોની, કે.કે.કોમ્પલેક્ષ પાછળ, સીકકા, તા.જી. જામનગર) સામે કાર્યવાહી કરવામાં આવતા કર્મચારી લોબીમાં મુદ્દો ભારે ચર્ચાઇ રહ્યો છે.

# નેસડા પ્રાથમિક શાળાના આચાર્ય ભાવેશ પનારાનું અકાળે મૃત્યુ

### રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત આચાર્યને હૃદયરોગનો જીવલેણ નીકળ્યો



ધ્રોલ (સંજય ડાંગર) :જોડિયા તાલુકા સહિત સમગ્ર પંથકના શિક્ષણ જગત માટે અત્યંત આઘાતજનક અને દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. જોડીયા ના નેસડા પ્રાથમિક શાળાના આચાર્ય તેમજ જોડિયા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ભાવેશભાઈ રામજીભાઈ પનારા (ઉ.વ. ૪૦) મોરબી ખાતે પોતાના સગાને ત્યાં રાંદલ માતાજીના ધાર્મિક પ્રસંગમાં ગયા હતા, જ્યાં અચાનક હાર્ટએટેક આવતાં તેમનું આકસ્મિક અને અકાળે અવસાન થયું છે. માત્ર ૪૦ વર્ષની નાની વયે તેમના અણધાર્યા નિધનથી પરિવાર, સ્નેહીજનો અને સમગ્ર શિક્ષક આલમમાં ઊંડો શોક વ્યાપી ગયો છે.

ભાવેશભાઈ પનારા શિક્ષણક્ષેત્રે પોતાની ઉત્કૃષ્ટ અને નિષ્ઠાવાન કામગીરી માટે જાણીતા હતા. શિક્ષણમાં તેમના વિશિષ્ટ યોગદાન બદલ હજુ ગત ૫ સપ્ટેમ્બર (શિક્ષક દિન)ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તેમને 'રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ ગૌરવશાળી સન્માન મળ્યાના માંડ ગણતરીના દિવસોમાં જ નિયતિએ તેમને છીનવી લેતાં શિક્ષણવિદોમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જોડિયા તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ તરીકે પણ ઉત્સાહપૂર્વક સેવા આપી રહ્યા હતા. સાથી શિક્ષકોના પ્રશ્નોના નિરાકરણ માટે તેઓ હંમેશાં મોખરે રહેતા.

મૂળ જોડીયા તાલુકાના જસાપર ગામના વતની એવા ભાવેશભાઈ હાલ ધ્રોલની જયોતિ સોસાયટી ખાતે સપરિવાર રહેતા હતા. તેમના અણધાર્યા વિદાયથી પરિવારે ઘરનો આધારસ્તંભ મોભી ગુમાવ્યો છે. પ્રાથમિક વિગતો મુજબ, તેમના પરિવારમાં પત્ની તેમજ અભ્યાસ કરતા એક દીકરો અને એક દીકરી છે. પિતાની છત્રછાયા અચાનક ગુમાવતાં માસૂમ બાળકો અને પરિવારજનો પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે.

# ખંભાળિયાના હંજીયાખડી ગામના પાટીયા પાસે રીક્ષામાંથી પડી જતા મહિલા મુસાફરનું મોત

ખંભાળિયા : ખંભાળિયા તાબેના હંજીયાખડી ગામના પાટીયા પાસે ચાલુ રીક્ષામાંથી રોડ પર પટકાતા ખંભાળિયાના એક મહિલા મુસાફરનું મૃત્યુ નિપજતા પરિવાર ઉપર આભ તુટી પડ્યુ છે. આ બનાવની મૃતકના પુત્ર દ્વારા જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસ વિભાગે સ્થળપર દોડી જઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા શહેરમાં ગોકુલ રેસીડેન્સી ખાતે રહેતા અનસુયાબેન રમેશભાઈ ધોકીયા નામના ૪૪ વર્ષના મહિલા ગત તા. ૧ ના રોજ રીક્ષામાં બેસીને હંજીયાખડી ગામના પાટીયા પાસેથી જતા હોય દરમિયાન રસ્તામાં આડો ખૂંટિયો ઉતરતા તેઓ રીક્ષામાંથી નીચે પટકાયા હતા આથી તાબડતોબ સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા પરંતુ કમનસીબે સારવાર કારગત નહી નીવડતા તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સાગર રમેશભાઈ ધોકીયાએ જાણ કરતા આગળની તપાસ હાથ ધરી હતી.

# ઓખા બંદરે માછીમાર યુવાનનું બોટમાંથી પડી ગયા બાદ શરીરે રસી ફેલાઈ જતા મોત

દ્વારકા : ઓખા બંદરે માછીમારી કરવા માટે આવેલા એક યુવાનનું બોટમાંથી કોઈ કારણસર પડી ગયા બાદ ઈજા થઈ હોઈ અને શરીરમાં રસી ફેલાતા ભાવનગરની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. બીજીબાજુ આ બનાવની મૃતકના પત્નીએ ઓખા મરીન પોલીસ દફતરે જાણ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દિવ તાલુકાના વણાકબારા ગામે રહેતો મહેશભાઈ સોમાભાઈ બારૈયા નામનો ૪૦ વર્ષનો યુવાન ગત તા. ૮ ના રોજ ઓખામાં માછીમારીનું કામ કરવા માટે આવેલ હોય દરમિયાન ગત તા. ૨૪ ના રોજ તે ભાદ્રેચા જેટી ખાતે બોટ ઉપર હતો ત્યારે એકાએક પડી જતા તેને શરીરે જમણા હાથના બાવળામાં સોજો થઈ ગયો હોય અને શરીરમાં રસી ફેલાઈ ગયેલ હોય આથી ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો જ્યાં ગત તા. ૩૧ ના રોજ તેનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની ઓખા મરીન પોલીસ દફતરે મૃતક ના પત્ની દક્ષાબેન બારૈયા દ્વારા જાણ કરવામાં આવતા એ.એસ.આઇ. આર.ડી.બઠીયા આગળ ની તપાસ ચલાવી રહ્યા છે.

# ખંભાળિયામાં શીરેશ્વરના લોકમેળામાંથી બાઈક ચોરીમાં બે કિશોરની અટકાયત



ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં યોજાતા શીરેશ્વર મહાદેવમંદિરે લોકમેળામાંથી થયેલ બે મોટરસાયકલ ચોરીનો સ્થાનિક પોલીસે ભેદ ઉકેલી કાયદાથી સંઘર્ષિત બે કિશોરની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ ખંભાળિયામાં વર્ષોથી શીરેશ્વર મહાદેવ મંદિર ખાતે લોકમેળો યોજાઈ છે જ્યાં મોટી સંખ્યામાં મેળો માણવા લોકો આવેછે દરમિયાન આ લોકમેળામાંથી બે મોટરસાયકલ ચોરાઈ ગયા બાદ પોલીસ દ્વારા હ્યુમન સોર્સ અને ટેકનોલોજીની મદદથી ભેદ ઉકેલી કાયદાથી સંઘર્ષિત બે કિશોરને પકડી પાડ્યા હતા અને બન્ને મોટરસાયકલ કબ્જે લઈ જીણવટભરી તપાસ આરંભી છે.

# દ્વારકા શહેરમાં ડમ્પર હડફેટે બાઈક ચાલક પ્રૌઢ ઈજાગ્રસ્ત

દ્વારકા : દ્વારકા શહેરમાં રબારી ગેટ પાસે મોટરસાયકલ ચાલક પ્રૌઢને ડમ્પર હડફેટે શરીરે જુદા - જુદા ભાગમાં ઈજા પહોંચી હોઈ આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ઈજાગ્રસ્ત પ્રૌઢની ફરિયાદ પરથી ડમ્પર ચાલક સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના પાડલી ગામમાં રહેતા જેઠાભાઈ દેવાભાઈ વાઘેલા નામના ૫૬ વર્ષના પ્રૌઢ ગત તા. ૧૪ ના રોજ મોટરસાયકલ ચલાવી શહેરના રબારી ગેટ પાસેથી પસાર થતા હોય દરમ્યાન તેઓને જી. જે. ૩૭. વી. ૮૮૮૧ નંબરના ડમ્પર ચાલકે ઠોકર મારી હડફેટે લેતા ડાબા પગમાં ફેક્ચર ની તેમજ માથામાં અને ડાબા હાથમાં ઉપરાંત શરીરના અન્ય ભાગમાં છોલછાલની ઈજા પહોંચાડતા તેઓએ ડમ્પર ચાલક સામે દ્વારકા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે.

# જામનગર જિલ્લામાં રવિવારે મેઘરાજાની એન્ટ્રી

### ધ્રોલમાં ૨૨, લાલપુરમાં ૨૮ મી.મી., જામનગર અને કાલાવડમાં ૪, જોડિયામાં ૧૨, ગ્રામ્ય વિસ્તારોમાં વસઈમાં ૧૪, લાખાબાવળ -મોટી બાણુંગારમાં ૧૨-૧૨ અને મોટી ભલસાણમાં ૩૦ મી.મી.



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લામાં રવિવારે સાંજના સમયે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. મોડી સાંજથી કેટલાક તાલુકાઓમાં મેઘરાજાએ હાજરી પુરાવતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જિલ્લા કન્ટ્રોલ રૂમના આંકડા મુજબ ૨૦ સપ્ટેમ્બરના સવારે ૬થી ૨૧ સપ્ટેમ્બરના સવારે ૬ વાગ્યા સુધીના છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લામાં સરેરાશ ૧૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન લાલપુરમાં સૌથી વધુ ૨૮ મી.મી., જ્યારે ધ્રોલમાં ૨૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. જોડિયામાં ૧૨ મી.મી., જામનગરમાં ૪ મી.મી., કાલાવડમાં ૪ મી.મી. અને જામજોધપુરમાં ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

દરમિયાન જામનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદી ઝાપટાં નોંધાયા હતા. પ્રાપ્ત આંકડા મુજબ મોટી ભલસાણમાં સૌથી વધુ ૩૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે બાલંભામાં ૨૫, જાલિયાદેવાણીમાં ૨૧, અલીયાબાડામાં ૨૦, હરિપર અને જામવંથલીમાં ૧૯-૧૯, લૈયારામાં ૧૮, વસઈમાં ૧૪, લાખાબાવળ, મોટી બાણુંગાર અને ફલ્લામાં ૧૨-૧૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

આ ઉપરાંત ભલસાણ બેરાજા, દરેડ, હડિયાણા, નિકાવા, ખેરેડી અને મોટાપાંચ દેવડામાં ૧૦-૧૦ મી.મી., પીપરટોડામાં ૮, પરડવામાં અને ભણગોરમાં ૭-૭, પડાણામાં ૫, સમાણામાં ૪, જામવાડી અને વાંસજાળિયામાં ૩-૩, ધુનડામાં અને મોડપરમાં ૨-૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. જયારે પીઠડ, લાલપુર, મોટા વડાળા, શેઠ વડાળા, ધ્રાફા અને નવાગામમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદ નોંધાયો ન હતો.

જામનગર શહેરની વાત કરવામાં આવે તો રવિવારે આખો દિવસ ઉકળાટભર્યો રહ્યો હતો અને સૂર્યદેવતાનો પ્રકોપ જોવા મળ્યો હતો. પરંતુ સાંજે સાડા સાત વાગ્યા બાદ હવામાનમાં પલટો જોવા મળ્યો હતો. આકાશમાં એકાએક કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા અને વીજળીના કડાકા-ભડાકા શરૂ થયા હતા. થોડી ક્ષણો માટે ઠંડો પવન ફૂંકાયા બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી અને જોરદાર વરસાદનું ઝાપટું વરસી ગયું હતું, જેના કારણે રસ્તાઓ પર દોડધામ મચી હતી.

રવિવારની રજાના દિવસે લોકો ઉકળાટભર્યા વાતાવરણમાં પોતાના ઘરની બહાર નીકળ્યા હતા, પરંતુ અચાનક આવેલા વરસાદના કારણે થોડો સમય લોકોમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, થોડીવાર બાદ વરસાદ રોકાઈ જતાં આકાશ ફરી ખુલ્લું થયું હતું.

અચાનક આવેલા વરસાદી ઝાપટાંના કારણે ગણપતિ મંડળોના સંચાલકોમાં પણ દોડધામ મચી હતી. પવનની તીવ્રતા વધતાં મંડપ અંગે ચિંતા ઊભી થઈ હતી, પરંતુ વરસાદ રોકાઈ જતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો. આજે પણ આકાશમાં વાદળોની આવનજાવન જોવા મળી રહી છે અને વરસાદી ઝાપટાં પડવાની શક્યતા યથાવત્ જોવા મળી રહી છે.

# દ્વારકામાં જુના મનદુ:ખમાં યુવાન ગળામાં શખ્સનો છરી વડે હુમલો

દ્વારકા : દ્વારકા શહેરમાં અગાઉનું મનદુ:ખ રાખી યુવાન ઉપર શખ્સે છરી વડે હુમલો કરી ગળામાં ટાંકાની ગંભીર ઈજા પહોંચાડી હતી જે બનાવમાં હોસ્પિટલના બિછાનેથી ઈજાગ્રસ્ત યુવાનની દ્વારકા પોલીસે ફરિયાદ નોંધી સ્થળપર દોડી જઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં ઝુંપડપટ્ટી ખાતે રહેતા બંસી ઓમપ્રકાશ કોળી નામના યુવાન ઉપર દ્વારકા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રહેતા ધનસિંગ સરવન કોળી નામના શખ્સે ગળામાં ભાગમાં છરી મારી ગંભીર ઈજા પહોંચાડી હોઈ યુવાને લોહી નીકળતા તાકીદે સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જયા ગળામાં ટાંકા લેવા પડ્યા હોઈ આ બનાવમાં ઈજાગ્રસ્ત યુવાનની ફરિયાદ પરથી દ્વારકા પોલીસે ધનસિંગ કોળી સામે ગુન્હો નોંધી તેને ઝડપી લેવા કમ્મર કસી છે.

હુમલાનો ભોગ બનનાર બંસી કોળી અને ધનસિંગ વચ્ચે તેના કાકાના દીકરાના લગ્નમાં પાલનપુર ખાતે ઝગડો થયો હતો જે વાતનું મનદુ:ખ રાખી ફરીથી બન્ને વચ્ચે બોલાચાલી થયા બાદ ધનસિંગે છરીબાજી કરી હતી.

# જામનગરમાં ચાલુ વરસાદે કિશોરને પોલમાંથી શોક લાગતા હોસ્પિટલમાં ખસેડાયો

જામનગર : જામનગર શહેરના જડેશ્વર પાર્ક વિસ્તારમાં વરસાદ માણવા માટે બહાર નીકળેલા એક કિશોરને વીજપોલમાં કરંટ લાગતા શોક લાગ્યો હતો. જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે.

મળતી માહિતી મુજબ જામનગરમાં ગઈકાલે રાતે અચાનક પડેલા વરસાદ બાદ જડેશ્વર પાર્ક વિસ્તારમાં રહેતો શ્યામ હસમુખભાઈ ગોસ્વામી નામનો ૧૫ વર્ષીય કિશોર વરસાદ જોવા નીકળ્યો હતો ત્યારે તેઅચાનક વીજપોલને અડકી જતા કરંટ લાગ્યો હતો. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વીજશોક લાગેલા કિશોરને તાત્કાલિક સારવાર માટે સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.